॥ શ્રીગોકુલેશો જયતિ ॥

સેવા પ્રવેશિકા

• શુભાશીર્વાદ •

ચતુર્થપીઠાધીશ્વર પૂ. પા. ગુરુદેવ શ્રી દેવકીનંદનાચાર્યશ્રી
શ્રીમદ્ ગોકુલ

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
શ્રી ઠક્કરાઈ ભાટીયા સેવા ફંડ, શ્રી વલ્લભ સુ
એસ. વી. રોડ, શંકર ગલીના નાકે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭

સેવા પ્રવેશિકા

[સેવા સંબંધી સરળ પ્રાથમિક સમજૂતી]

પુષ્ટિ સાહિત્ય પુસ્તકાલય
કાંદિવલી (વેસ્ટ)
C/o. સુરેન્દ્ર જમનાદાસ શાહ
M : 9833272383,
9320787642

= સંકલન /
ભાઈલાલભ
પરબડી પાસે, માંડાસા.

⁂

ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ॥
શ્રીગોકુલપતેર્નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ॥

= મુદ્રણ સ્થાન =
ગણેશ પ્રિન્ટર્સ, અમદાવાદ - ૪.

= અનુક્રમણિકા =

- ભક્તિ એટલે સેવા
- ભગવદ્ સેવા શા માટે કરવી ?
- ભગવદ્ સેવાના અધિકારી કેવળ પુષ્ટિજીવો
- પુષ્ટિ જીવો કેવી રીતે ઓળખાય ?
- ભગવદ્ સેવા માટે જ બ્રહ્મસંબંધ
- કોની પાસે બ્રહ્મસંબંધદીક્ષા લેવી ?
- ગુરુના અભાવમાં શું કરવું ?
- ગુરુના અભાવમાં કોની આજ્ઞા લેવી ?
- દીક્ષા લેવાનો સમય
- દીક્ષામંત્ર ગોપ્ય રાખવો
- સેવા કોની કરવી ?
- ભગવદ્ સ્વરૂપની ભાવપ્રતિષ્ઠા - (પુષ્ટ / સેવ્ય કરાવવા) જરૂરી
- સેવ્ય સ્વરૂપ અને ભાવ
- સેવા સ્થલ (સેવા ક્યાં કરવી ?)
- સેવા કેટલા સમય સુધી કરવી ?
- સેવા કેવી રીતે કરવી ?
- સેવાનો એક જ પ્રકાર-'તનુવિત્તજા'
- સેવામાં અપરસ શા માટે ?
- સેવામાં શું અંગીકાર થાય ?
- સેવાકર્તા માટે ચારનો ત્યાગ
- સેવામય / સમર્પિત જીવન એટલે શું ?
- સેવા કરનારે એકાદશી-જયંતિવ્રત કરવાં જોઈએ ?
- સેવા કેવા દ્રવ્યથી કરવી ?
- કેવા દ્રવ્યથી સેવા ન કરવી ?
- સેવામાં પાંચ બાધક દોષો
- સેવાના અનવસરમાં શું કરવું ?
- સેવામાં શ્રીમહાપ્રભુજીનો દૃઢાશ્રય જરૂરી
- સેવામાં શું સાવધાની રાખવી ?
- સેવાના અનવસરમાં જનસેવા થઈ શકે ? ('જનસેવા એજ પ્રભુસેવા' એ સાચું છે ?)
- સેવામાં રુચિ ન હોય તો શું કરવું ?
- આધુનિક સેવાર્થીના જીવનમાં કોઈ પરિવર્તન કેમ દેખાતું નથી ?

પરિશિષ્ટ

- આધુનિક વ્રજપરિક્રમા કે પિકનિક ?

ત્યાગ કરવામાં અસમર્થ છે તેનો શરણમાર્ગમાં અધિકાર છે.
ત્યાગ કરવામાં સમર્થ છે તેનો જ ભક્તિ / સેવામાર્ગમાં અધિકાર છે.
શ્રીસુબો : ૩-૫-૩૮

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

સેવા પ્રવેશિકા

ભક્તિ એટલે સેવા :

પ્રભુપ્રાપ્તિની સર્વ સાધનાઓમાં સર્વોત્તમ અને સરળ ઉપાય ભગવાનની ભક્તિ છે. શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે ઉદ્ધવજીને આજ્ઞા કરે છે કે -

ન સાધયતિ માં યોગો ન સાંખ્યં ધર્મ ઉદ્ધવ ।
ન સ્વાધ્યાયસ્તપસ્ત્યાગો યથા ભક્તિર્મમોર્જિતા ॥
ભકત્યાહમેક્યા ગ્રાહ્યઃ .... (શ્રીભા : ૧૧-૧૪-૨૦)

અર્થ : હે ઉધ્ધવ ! પ્રતિક્ષણ વૃદ્ધિ પામતી મારી ભક્તિ મને પ્રાપ્ત કરવા જેટલી સમર્થ છે, તેટલા યોગ, સાંખ્ય, વેદાભ્યાસ, તપ, ત્યાગ વગેરે નથી. મારી પ્રાપ્તિનું એકમાત્ર સાધન મારી અનન્ય ભક્તિ છે.

શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ ભગવાન સ્વમુખે અર્જુન પ્રતિ આજ્ઞા કરતાં કહે છે કે -

નાહં વેદૈર્ન તપસા ન દાનેન ચેજ્યયા ।
શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાનસિ માં યથા ॥
ભકત્યા ત્વનન્યયા શક્ય અહમેવંવિધોર્જુન ।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરંતપ ॥
(ગીતા : ૧૧ / ૫૩-૫૪)

અર્થ : હે અર્જુન ! જે પ્રકારે તેં મને જોયો તે પ્રકારે હું વેદો, તપ, દાન કે યજ્ઞો વડે જોવાને શક્ય નથી. હે પરંતપ ! માત્ર અનન્ય ભક્તિ વડે જ હું તત્ત્વથી જાણવા, જોવા અને પામવાને શક્ય છું.

ભક્તિનું સ્વરૂપ સમજાવતાં 'નારદ પંચરાત્ર'માં પણ કહ્યું છે કે - ''માહાત્મ્યજ્ઞાનપૂર્વકસ્તુ સુદૃઢ સર્વતોધિકઃ સ્નેહો ભક્તિઃ'' અર્થાત્ ભક્તિ એટલે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક એવો પ્રભુમાં સ્નેહ / પ્રેમ.

શાંડિલ્યમુનિ પણ 'ભક્તિસૂત્રો-૨'માં ભક્તિની વ્યાખ્યા આપતાં કહે છે કે - ''સા પરાનુરક્તિરીશ્વરે'' અર્થાત્ ભક્તિ એટલે પ્રભુમાં પરમ-ઉત્કૃષ્ટ પ્રેમ.

આમ ભગવાન શ્રીકૃષ્ણ અને તેમની ભક્તિ એ સર્વશાસ્ત્રોનો સાર છે.

'ભક્તિ' શબ્દમાં 'ભજ્' ધાતુ છે અને 'ક્તિન્' પ્રત્યય છે. 'ભજ્' એટલે સેવા કરવી અને 'ક્તિન્' એટલે પ્રેમ / સ્નેહ / ભાવપૂર્વક.

અર્થાત્ **ભક્તિ એટલે પ્રેમપૂર્વક ભગવાનની સેવા.**

ભક્તિ મુખ્ય બે પ્રકારની છે - મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ.

મર્યાદાભક્તિ એટલે શાસ્ત્રોની મર્યાદા / સીમામાં રહીને એટલે કે શાસ્ત્રોમાં બતાવેલા વિધિ-વિધાનોનું પાલન કરીને પુષ્પ, કંકુ, ચંદન વગેરે જુદા-જુદા દ્રવ્યોથી કરવામાં આવતું દેવી-દેવતાઓનું પૂજન-અર્ચન-ઉપાસના. મર્યાદા ભક્તિમાં અમુક ચોક્કસ સમય અને સ્થળની જરૂર પડે છે. તે ઘરમાં કે જાહેર દેવાલયમાં થઈ શકે છે. તેમાં સ્નેહ કરતાં ઈષ્ટના આદર-સન્માનનો ભાવ મુખ્ય હોય છે. મર્યાદા ભક્તિમાં ઈષ્ટના સુખનો વિચાર નથી પરંતુ શાસ્ત્રના નિયમોનો જ આગ્રહ રાખવામાં આવે છે. વળી તે એકાદ-બે કલાકના પાર્ટટાઈમ જોબ જેવી છે. મર્યાદા ભક્તિ સકામ ભાવથી કરનારને સ્વર્ગાદિ લોકનું નિયત સમય પૂરતું સુખ મળે છે જ્યારે નિષ્કામ ભાવથી મર્યાદા ભક્તિ કરનારને વધુમાં વધુ મોક્ષ પ્રાપ્તિનું ફળ મળે છે.

પુષ્ટિભક્તિ એટલે જ સ્નેહ / પ્રેમનું બીજું નામ. પ્રેમ જાહેરમાં થાય નહિ, ઘરના એકાંતમાં જ થઈ શકે. આથી પુષ્ટિભક્તિ અર્થાત્ પ્રભુસેવા પોતાના ઘરના એકાંતમાં જ ગુપ્ત પ્રકારે કરવાની હોય છે, જાહેર મંદિરો કે દેવાલયોમાં નહિ. પુષ્ટિભક્તિ સકામ નથી પરંતુ સંપૂર્ણ નિષ્કામ પ્રકારની છે. પુષ્ટિભક્તિ / સેવામાં કેવળ ભગવદ્સુખનો જ વિચાર હોય છે. પુષ્ટિભક્તિનું પરમ ફલ સ્વરૂપાનંદની પ્રાપ્તિ છે. વળી પુષ્ટિભક્તિ એકાદ-બે કલાકની પ્રવૃત્તિ કે પછી અમુક ચોક્કસ સમયે-સ્થળે કરવાની પાર્ટટાઈમ જોબ જેવી નથી. પરંતુ જીવન જીવવાની એક શૈલી છે. આપણા જીવનની સમગ્ર ક્રિયા, વૃત્તિ, વર્તન, વ્યવહાર બધું જ ભગવદ્ સેવાર્થે હોય છે. સમગ્ર જીવનપ્રણાલિ પ્રભુસેવામય બની જાય છે. સેવા એ સેવા માટે જ હોય છે, મેવા માટે નહિ. શ્રીમહાપ્રભુજી દ્વારા નિર્દિષ્ટ ભગવદ્સેવા એવી તો વિલક્ષણ અને શ્રેષ્ઠતમ સાધના છે કે પ્રભુપ્રાપ્તિના સર્વ શાસ્ત્ર-સાધનો જેવા કે કર્મ, જ્ઞાન, ઉપાસના, ધ્યાન, યોગ, જપ, તપ, વ્રત, યજ્ઞ, તીર્થાટન વગેરે પ્રભુસેવામાં જ સમાઈ જાય છે.

ભગવદ્સેવા શા માટે કરવી ?

જીવ ભગવદંશ છે. અનંત કાલથી પ્રભુથી વિખૂટો પડવાથી તેનામાં આનંદાંશ તિરોહિત થઈ ગયો છે. પરિણામે સ્વરૂપવિસ્મૃતિ થવાથી સંસારના સુખદુઃખ ભોગવે છે. પરમાત્માની પુનઃ પ્રાપ્તિ એટલે કે નિત્યસંબંધ થવો એજ તેનું લક્ષ્ય / ધ્યેય છે. આ માટે અંશી (ભગવાન)ની દાસભાવથી સેવા કરવી એ અંશ (જીવ)નો સ્વધર્મ છે. વળી જીવ એ ભગવાનનો સહજ-જન્મજાત દાસ છે અને ભગવાન તેના સ્વામી છે. આથી જીવાત્મા-પરમાત્માનો સેવક-સ્વામી સંબંધ પુનઃ દૃઢ બને તે માટે સ્નેહપૂર્વક દાસભાવે પ્રભુસેવા કરવી એ જીવનું મુખ્ય કર્તવ્ય છે.

શ્રીમહાપ્રભુજીની અવતારલીલા સમયે જગન્નાથપુરી ધર્મસભામાં આ ચાર પ્રશ્નો - (૧) મુખ્ય શાસ્ત્ર શું ? (૨) મુખ્ય દેવ કોણ ? (૩) મુખ્ય મંત્ર ક્યો ? અને (૪) જીવનું મુખ્ય કર્તવ્ય શું ? - સંબંધી ચર્ચા ચાલતી હતી. આ પ્રશ્નોના સંતોષજનક ઉત્તરો ન મળતાં, અંતે શ્રીમહાપ્રભુજીના સૂચનથી સર્વસંમતિપૂર્વક આ ચાર પ્રશ્નોના ઉત્તરો મેળવવા માટે ભગવાન શ્રીજગન્નાથરાયજીના મંદિરમાં પ્રભુસન્મુખ કોરો કાગળ અને કલમ ધરીને મંદિરના દ્વાર બંધ કરવામાં આવ્યા હતા. થોડા સમય બાદ દ્વાર ખોલતાં કાગળ ઉપર આ ચારે પ્રશ્નોના જવાબરૂપે નીચેનો શ્લોક ભગવાનના સાક્ષાત હસ્તાક્ષરથી લખાયેલો પ્રાપ્ત થયો હતો -

એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્
એકો દેવો દેવકીપુત્ર એવ ।
મંત્રોપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ
કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ॥

અર્થ : ભગવાન શ્રીકૃષ્ણે ગાયેલી શ્રીમદ્ભગવદ્ગીતા મુખ્ય શાસ્ત્ર છે. દેવકીપુત્ર ભગવાન શ્રીકૃષ્ણ જ એકમાત્ર સર્વ દેવોના પણ દેવ છે. તેમનો નામમંત્ર-અષ્ટાક્ષર મંત્ર જ શ્રેષ્ઠ મહામંત્ર છે અને ભગવાન શ્રીકૃષ્ણની સેવા જ જીવનું એકમાત્ર મુખ્ય કર્તવ્ય છે.

વિશેષમાં બ્રહ્મસંબંધદીક્ષા સમયે શ્રીગુરુસન્મુખ લીધેલ મૌખિક આત્મનિવેદનની પ્રતિજ્ઞાનું પૂર્ણ અને વાસ્તવિક સર્વ સમર્પણ ભગવદ્સેવા દ્વારા જ થઈ શકે છે. માટે પુષ્ટિજીવે ભગવદ્સેવા કરવી જરૂરી છે. જીવમાં રહેલ અહંતા-મમતા પ્રભુપ્રાપ્તિમાં બાધકરૂપ છે. આ દોષો સહજ અને સરળતાથી ઓગળી જાય તે માટે પણ ભગવદ્સેવા અનિવાર્ય છે. ભગવદ્સેવાનો

આ પ્રકાર કેવળ પુષ્ટિમાર્ગમાં જ છે, બીજે ક્યાંય નથી. આથી બ્રહ્મસંબંધદીક્ષા લેનાર પુષ્ટિજીવે ભગવદ્સેવા કરવી એ તેનું મુખ્ય કર્તવ્ય / ધર્મ છે.

ભગવદ્સેવાના અધિકારી કેવળ પુષ્ટિજીવો :

શ્રીમહાપ્રભુજી ''પુષ્ટિપ્રવાહમર્યાદા'' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે -

ઈચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ।
વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ॥૯॥
તસ્માજ્ જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશયઃ ।
ભગવદ્રૂપ સેવાર્થં તત્સૃષ્ટિ ર્નાન્યથા ભવેત્ ॥૧૨॥

અર્થ : શ્રીહરિએ ઈચ્છામાત્રથી મનમાંથી પ્રવાહસૃષ્ટિ, વાણીમાંથી મર્યાદાસૃષ્ટિ અને શ્રીઅંગમાંથી પુષ્ટિસૃષ્ટિ પ્રગટ કરી છે. વિશેષમાં પુષ્ટિસૃષ્ટિના જીવો અન્ય જીવો કરતાં જુદા છે અને ભગવદ્સ્વરૂપની સેવા માટે જ આ પુષ્ટિસૃષ્ટિનું પ્રાગટ્ય છે, આ સિવાય અન્ય કોઈ પ્રયોજન કે હેતુ નથી.

આમ ''પુષ્ટિજીવો સર્વસમર્પણપૂર્વક મારી સેવા કરે'' એવી ઈચ્છાથી ભગવાને શ્રીમહાપ્રભુજીને પુષ્ટિભક્તિમાર્ગ પ્રગટ કરવાની આજ્ઞા કરી હતી. આથી પુષ્ટિજીવો માટે જ આ માર્ગ છે અને ભગવદ્સેવાના અધિકારી પણ કેવળ પુષ્ટિજીવો જ છે.

વિશેષમાં 'સિદ્ધાંતરહસ્ય શ્લોક-૩'ની ટીકામાં શ્રીપુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે કે -

જેઓ પૂર્વે (પ્રભુના નિત્યલીલાધામમાં) ભગવદ્ભક્તો હતા અને કોઈક કારણસર હાલમાં પૃથ્વી ઉપર આવ્યા છે એટલે કે ભગવદ્લીલાધામમાંથી વિખૂટા પડ્યા છે તેવા પુષ્ટિજીવો માટે જ આ પુષ્ટિમાર્ગ છે. આવા જ જીવો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવવા અધિકારી છે. આવા દૈવી જીવોને જ બ્રહ્મસંબંધ કરાવવાથી સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. (બીજા કોઈ અન્યમાર્ગીય જીવોને બ્રહ્મસંબંધ કરાવવા છતાં તેઓના દોષો દૂર થતા નથી અને વાસ્તવમાં બ્રહ્મસંબંધ પણ થતું નથી.) જોકે સ્વરૂપયોગ્યતારૂપ અધિકાર સૌનો છે તોપણ પ્રભુસેવા દ્વારા ફલપ્રાપ્તિમાં અધિકાર કેવળ પુષ્ટિજીવોને જ છે. માટે બ્રહ્મસંબંધના તથા તે દ્વારા ભગવદ્સેવાના અધિકારી પુષ્ટિજીવો જ છે, બીજા કોઈ જીવો નથી.

પુષ્ટિજીવ કેવી રીતે ઓળખાય ?

પુષ્ટિફળ આપવા જે જીવો ઉપર પ્રભુ કૃપા કરે છે તેવા કૃપાપાત્ર જીવો જ પુષ્ટિજીવ કહેવાય છે. હવે કોઈ જીવ ઉપર પ્રભુકૃપા છે કે નહિ એ જાણવાનું સામર્થ્ય જીવમાં નથી જ, કારણ કે પ્રભુકૃપા અપ્રત્યક્ષ (જોઈ ન શકાય એવી)

હોય છે. આમ છતાં જો કોઈ જીવને પુષ્ટિસિદ્ધાંત અનુસાર પ્રભુને સર્વસ્વસમર્પણ કરીને સંપૂર્ણ સમર્પિત જીવન જીવવાની રુચિ ઉત્પન્ન થાય તો સમજવું જોઈએ કે પ્રભુકૃપા તે જીવ ઉપર છે. આથી જ શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણયનિબંધ પ્રકાશ કા. ૨૨૬'માં આજ્ઞા કરે છે કે -

"ભગવત્કૃપા પરિજ્ઞાનં ચ માર્ગરુચ્યા નિશ્ચીયતે ।"

અર્થાત્ ભગવદ્કૃપાનું પરિજ્ઞાન જીવની પુષ્ટિમાર્ગમાં રુચિ પરથી થઈ શકે છે અને પુષ્ટિમાર્ગમાં રુચિ છે કે નહિ તેનું પરિજ્ઞાન ભગવદ્ સેવામાં ઉત્કટ આદર, તેને ઉત્પન્ન કરનાર શ્રીગુરુસેવા, તદનુકૂલ પ્રશ્ન, સ્વમાર્ગીય વેશ, ભાષા અને આચારના પાલન પરથી નિશ્ચિત થાય છે.

જે જીવને પ્રભુ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવવા ઈચ્છે છે તે જીવને પ્રભુકૃપાથી પુષ્ટિભક્તોનો સંગ પ્રાપ્ત થાય છે. આવા ભગવદીયોના મુખેથી પ્રભુના સ્વરૂપ, ગુણો, લીલા, શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ, ૮૪-૨૫૨ ભગવદીયોના ચરિત્રો તથા સ્વમાર્ગીય સિદ્ધાંતોના શ્રવણથી જીવની પુષ્ટિમાર્ગમાં રુચિ જાગે છે. વળી કેટલાક વિશેષ કૃપાપાત્ર જીવોમાં તો કોઈ નિમિત્તથી સાક્ષાત પ્રભુ દ્વારા જ અંતઃપ્રેરણાથી પણ પુષ્ટિમાર્ગમાં રુચિ ઉત્પન્ન થાય છે. આવો પુષ્ટિમાર્ગીય રુચિ ધરાવનાર જીવ જ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ મેળવવા યોગ્ય ગણાય છે.

શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજી પ્રભુચરણે પુષ્ટિજીવોને ઓળખીને જ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ આપ્યો હતો તથા બ્રહ્મસંબંધનું દાન કર્યું હતું, જ્યારે મર્યાદામાર્ગીય કે મુક્તિના અધિકારી જીવોને કેવળ નામમંત્ર / અષ્ટાક્ષરમંત્રની જ દીક્ષા આપી હતી. આ સંબંધી અનેક દૃષ્ટાંતો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાપ્રસંગોમાં મળે છે. આપણા અલૌકિક દ્વાર એવા ચતુર્થગૃહે બિરાજમાન પૂ. પા. ગુરુદેવ શ્રીદેવકીનંદનાચાર્યશ્રીએ પણ આ જ પ્રાચીન પરંપરાને જાળવી રાખી છે. ભગવદ્સેવા સહિત સમર્પિત જીવન જીવવા આતુર સેવકજનોને જ આપશ્રી બ્રહ્મસંબંધનું દાન કરે છે. તે સિવાય ચતુર્થગૃહની સૃષ્ટિના બહુમતી સેવકજનોને આપશ્રી કંઠીદીક્ષા / શરણમાર્ગની દીક્ષાનું પ્રાયઃ દાન કરે છે. જેમ લૌકિક પતિની સેવા કરવા અનિચ્છા ધરાવનાર સ્ત્રીએ લગ્ન કરવું જોઈએ નહિ તેમ અલૌકિક પતિ શ્રીકૃષ્ણની સેવા કરવા આતુર ન હોય તેવી વ્યક્તિએ બ્રહ્મસંબંધ દીક્ષા લેવાનો હઠાગ્રહ રાખવો જોઈએ નહિ. પરંતુ વિવેક-ધૈર્ય અને આશ્રય સહિત શરણમાર્ગમાં જ રહેવું જોઈએ.

ભગવદ્સેવા માટે જ બ્રહ્મસંબંધ અનિવાર્ય :

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની સાચી સમજના અભાવે આપણા મનમાં વર્ષોથી એવી ભ્રમણા પ્રવર્તે છે કે વૈષ્ણવ પરિવારમાં જન્મ્યા એટલે બ્રહ્મસંબંધ

તો લેવું જ જોઈએ અને ગામના જાહેર મંદિરમાં નિત્ય દર્શન-ભેટ કરી પ્રસાદ લઈને સંતુષ્ટ થવું જોઈએ. વળી એક એવી પણ માન્યતા ઘર કરી ગઈ છે કે બ્રહ્મસંબંધ એ તો ગોલોકમાં જવાનો પાસપોર્ટ છે. બ્રહ્મસંબંધ ન લઈએ તો ગોલોકની પ્રાપ્તિ થાય નહિ અને જીવની અધોગતિ થાય. કેટલાક એમ પણ સમજે છે કે ઘરમાં કોઈએ બ્રહ્મસંબંધ લીધું ન હોય તો તેના હાથનું જળપાન-ખાનપાન પણ કરી શકાય નહિ. દીકરો પરણાવીને વહુ ઘરમાં લાવ્યા માટે વહુને બ્રહ્મસંબંધ તો જોઈએ જ. આવી પરંપરાગત ચાલી આવેલ ભ્રમણાઓ / ગેરસમજ / વહેમો વગેરેના કારણે આપણે આપણા પરિવારના બધા જ સભ્યોને શ્રીવલ્લભવંશજ ગોસ્વામી આચાર્ય પાસે બળજબરીપૂર્વક બ્રહ્મસંબંધ લેવડાવીએ છીએ. આપણા અલૌકિક દ્વાર-ચતુર્થગૃહે બિરાજમાન પૂ. પા. શ્રીગુરુદેવ બ્રહ્મસંબંધ ન આપે તો અન્ય કોઈ શ્રીવલ્લભવંશજ ગોસ્વામી આચાર્ય પાસે અથવા વહુજી કે કોઈ બેટીજી પાસેથી પણ યેનકેનપ્રકારેણ બ્રહ્મસંબંધ લેવડાવા તત્પર થઈએ છીએ. શ્રીમહાપ્રભુજીના એક સુપ્રસિદ્ધ બેઠકજીમાં તો કાર્યાલયસ્થિત કહેવાતા સેવાભાવી ટ્રસ્ટીઓ આગંતુક વૈષ્ણવોને બેઠકજીમાં ઝારીજી ભરવાનો અને ચરણસ્પર્શ કરવાનો ખૂબ જ હઠપૂર્વક આગ્રહ કરતાં વણમાગી સલાહ પણ આપે છે કે જો બ્રહ્મસંબંધ લીધું ન હોય તો બાજુમાં બેટીજી બિરાજે છે. ત્યાં જાઓ અને સહજ વિનંતિ કરો એટલે બ્રહ્મસંબંધ મળી જશે. પછી ઝારીજી-ચરણસ્પર્શનો લાભ મળશે. આટલે દૂર સુધી આવ્યા છો તો વૈષ્ણવી જીવનને વૃથા વેડફી નાખશો નહિ. આ છે બ્રહ્મસંબંધ દીક્ષાનું વર્તમાન સ્વરૂપ ! એથી પણ વિશેષ વેપાર-ધંધામાં સાથે રાખેલ નોકર-ચાકરના હાથનું ખાન-પાન/જળપાન કરવા કે પછી યાત્રા/પરિક્રમામાં સાથે લઈ જવા માટે પણ આજકાલ આવા અન્યમાર્ગીય માણસોને પણ આપણે બ્રહ્મસંબંધ અપાવીને અપરાધી બની રહ્યા છીએ. સાંપ્રત સમયમાં અલૌકિક બ્રહ્મસંબંધ દીક્ષાનું કેટલી હદે અવમૂલ્યન આપણે કરી દીધું છે તેના જીવતાં-જાગતાં આ બધા દૃષ્ટાંતો છે. આવી સિદ્ધાંતવિહોણી-ગેરસમજના લીધે બ્રહ્મસંબંધ લઈને પછી ધંધાકીયરૂપે ચાલતા મંદિરોમાં કરવામાં આવતા દર્શન-ભેટ અને દેવદ્રવ્યની પ્રસાદિત્મકા નામની ત્રિવિધ ‘ભગતી’ પુષ્ટિભક્તિ નથી જ.

શિષ્યના આત્મકલ્યાણ અર્થે ગુરુ દ્વારા શિષ્યને આપવામાં આવતા ઈષ્ટદેવના નામમંત્રના દાનને દીક્ષા કહેવામાં આવે છે. દાન/દીક્ષા લેવા અને આપવા સંબંધી શાસ્ત્રમાં છ અંગોનું વર્ણન કરવામાં આવ્યું છે -

(૧) દાતા - દાન / દીક્ષા આપનાર શ્રીગુરુદેવ.
(૨) પ્રતિગ્રહીતા - દાન / દીક્ષા ગ્રહણ કરનાર શિષ્ય.

(૩) દેય વસ્તુ - દાન / દીક્ષામાં આપવામાં આવતી વસ્તુ દા. તઃ મંત્ર, વિદ્યા વગેરે.
(૪) સ્થાન - જ્યાં દાન / દીક્ષા આપવા અને લેવામાં આવે તે સ્થળ.
(૫) સમય - દાન / દીક્ષા લેવા અને આપવાનો ચોક્કસ સમય / વય.
(૬) ઉપક્રમ અને ભાવના - જે પ્રકારે અને જે ભાવનાથી દાન / દીક્ષા લેવામાં અને આપવામાં આવે તે.

આ છ અંગોનો વિચાર કર્યા પછી યોગ્ય વ્યક્તિને યોગ્ય સ્થાને અને યોગ્ય સમયે તેને સંતોષ થાય એવી વસ્તુનું યોગ્ય પ્રક્રિયાથી યોગ્ય ગુરુ દ્વારા દાન/દીક્ષા આપવામાં આવે તો તે જ દાન/દીક્ષા શ્રેષ્ઠ ગણાય છે અને તે ફળદાયી પણ નીવડે છે. દીક્ષા લેવા આવનાર શિષ્યની યોગ્યતાની ચકાસણી અને દીક્ષા લેવાની પાત્રતા તપાસવી ગુરુ માટે અતિ આવશ્યક છે. બેદરકારીથી, અજ્ઞાનતાથી, ધનલાલસાથી કે ચેલાઓની સંખ્યા વધારવાના આશયથી પાત્ર કે અપાત્રનો વિચાર કર્યા વિના જો ગુરુ ગમે તેને મંત્રદીક્ષાનું દાન કરે તો આદ્ય આચાર્યપરંપરાનું ઉલ્લંઘન કર્યાના અપરાધી બનવાનો દંડ ગુરુને ભોગવવો પડે છે. આથી જ શ્રીગુસાંઈજી પ્રભુચરણ આજ્ઞા કરે છે કે -

“વિચાર્યૈર્વ સદા દેયં કૃષ્ણનામવિશેષતઃ ।
અવિચારિત દાનેન સ્વયં દાતા વિનશ્યતિ ॥”

અર્થાત્ શિષ્યની યોગ્યતાનો ખૂબ વિચાર કરીને દીક્ષા આપવી જોઈએ. એમાં પણ શ્રીકૃષ્ણનામમંત્રની દીક્ષા આપવામાં વિશેષ કાળજી રાખવી જોઈએ, કારણ કે વગર વિચાર્યે જો કોઈ અયોગ્ય વ્યક્તિને દીક્ષા આપવામાં આવે તો સ્વયં દીક્ષા આપનારનો જ નાશ થઈ જાય છે.

આથી જે પુષ્ટિજીવ ભગવદ્સેવા કરવા આતુર છે તેને જ શ્રીવલ્લભવંશજ ગોસ્વામી આચાર્ય દ્વારા વિધિપૂર્વક બ્રહ્મસંબંધ દીક્ષા લેવી અનિવાર્ય છે. દીક્ષાદાન સમયે પ્રભુને સર્વસ્વ સમર્પણ કરવાની લીધેલ મૌખિક પ્રતિજ્ઞાને આત્મનિવેદન કહેવાય છે. આ મૌખિક/વાચિક નિવેદનને વાસ્તવિક સમર્પણ અને વ્યવહારિક સ્વરૂપમાં અક્ષરશઃ આચરણીય બનાવવા માટે, બ્રહ્મસંબંધદાતા શ્રીગુરુદેવ દ્વારા ભગવદ્સ્વરૂપને સેવ્ય/પુષ્ટ કરાવીને સ્વગૃહે પધરાવવું આવશ્યક છે. ટૂંકમાં આપણા મન, વચન અને ક્રિયાની સાચા ભાવપૂર્વકની સંપૂર્ણ અભિવ્યક્તિ એટલે જ સ્વગૃહે ગુપ્ત પ્રકારે કરવામાં આવતી ભગવદ્સેવા. આ માટે જ બ્રહ્મસંબંધદીક્ષા અનિવાર્ય છે. આવો એક વિશિષ્ટ

અને સર્વોત્તમ દીક્ષાનો પ્રકાર કેવળ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત પુષ્ટિમાર્ગમાં જ છે, અન્ય કોઈ માર્ગ કે સંપ્રદાયમાં નથી. આમ ભગવદ્સેવાર્થે બ્રહ્મસંબંધ અનિવાર્ય છે અને બ્રહ્મસંબંધ લીધા પછી ભગવદ્સેવા કરવી અનિવાર્ય છે, પૂજા નહિ. જેઓ ભગવદ્સેવા કરવા ઈચ્છતા નથી તેઓએ બ્રહ્મસંબંધ દીક્ષા લેવી જોઈએ નહિ, આવા જીવો માટે કેવળ કંઠી/નામ/અષ્ટાક્ષર મંત્રદીક્ષા જ પૂરતી છે.

કોની પાસે બ્રહ્મસંબંધદીક્ષા લેવી ?

પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધદીક્ષાનું દાન કરનાર ગુરુના કેવા લક્ષણો હોવા જોઈએ તેનું નિરૂપણ કરતાં શ્રીમહાપ્રભુજી ''સર્વનિર્ણયનિબંધ કારિકા-૨૨૭''માં આજ્ઞા કરે છે કે -

''કૃષ્ણસેવા પરંવીક્ષ્ય દંભાદિરહિતં નરમ્ ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્ ॥''

અર્થાત્ શ્રીકૃષ્ણસેવાપરાયણ, દંભ આદિ દોષોથી રહિત અને શ્રીમદ્ભાગવતના તત્ત્વને જાણનાર નર ગુરુને જિજ્ઞાસુ સેવકે આદરપૂર્વક ભજવા અર્થાત્ શરણે જવું જોઈએ.

વિશેષમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણ ''સર્વોત્તમ સ્તોત્ર''માં આજ્ઞા કરે છે કે -

''ભુવિભક્તિપ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્ પિતા''

અર્થાત્ ભૂતલ ઉપર પુષ્ટિભક્તિનો પ્રચાર કરવા માટે મારા પિતાશ્રી (શ્રીમદ્વલ્લભાચાર્યજી)એ સ્વવંશ પ્રગટ કર્યો છે.

શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં દર્શાવેલ ગુરુના લક્ષણો તથા શ્રીગુસાંઈજી પ્રભુચરણના ઉપરોક્ત વચનો - આ બંનેનું સમન્વય કરતાં જણાય છે કે શ્રીમહાપ્રભુજીનો વંશ જ પુષ્ટિમાર્ગીય દીક્ષા આપવા માટે યોગ્ય છે. પરંતુ શ્રીવલ્લભવંશમાં નર (ગોસ્વામી આચાર્ય) તથા નારી (વહુજી / બેટીજી) બંને હોય છે. આવી સ્થિતિમાં શ્રીવલ્લભવંશમાં કોની પાસેથી સ્વમાર્ગીય દીક્ષા લેવી યોગ્ય ગણી શકાય ? આ પ્રશ્નના સમાધાનમાં સાચો સિદ્ધાંત નીચે મુજબ સ્પષ્ટ થાય છે :-

ગુરુના લક્ષણો દર્શાવતા નિબંધના ઉપરોક્ત શ્લોકમાં શ્રીમહાપ્રભુજી ગુરુ માટે 'પુરુષ' શબ્દ પ્રયોગ ન કરતાં 'નર' શબ્દ પ્રયોગ કરે છે. 'પુર' એટલે દેહમાં જે રહે તે પુરુષ કહેવાય છે. સંસ્કૃત ભાષામાં 'પુરુષ' શબ્દ નર અને નારી (Male and Female) ઉભયસંજ્ઞક અર્થમાં વપરાય છે. પરંતુ શ્રીમહાપ્રભુજી નિબંધના શ્લોકમાં ગુરુ માટે 'નર' શબ્દપ્રયોગ કરી સ્પષ્ટ નિર્દેશ કરે છે કે શ્રીવલ્લભવંશજ નર (ગોસ્વામી આચાર્ય) જ પુષ્ટિમાર્ગીય દીક્ષા આપી શકે છે અને શ્રીવલ્લભવંશ જ નારી (વહુજી કે બેટીજી) પુષ્ટિમાર્ગીય દીક્ષા આપવાના અધિકારી નથી.

વળી 'મંગલાચરણ' ના 'અજ્ઞાનતિમિરાન્ધસ્ય.....' શ્લોક અનુસાર શિષ્યનો અજ્ઞાનરૂપી અંધકાર જે દૂર કરે છે તે ગુરુ કહેવાય છે. અર્થાત્ દીક્ષાદાનપૂર્વક સ્વમાર્ગીય જ્ઞાન આપવાથી ગુરુપણું સિદ્ધ થાય છે. ગુરુ-શિષ્ય વચ્ચે વિદ્યારૂપી સંધિ ગુરુ દ્વારા શિષ્યને અધ્યાપન કરાવવાથી જ સધાય છે. આથી સ્વમાર્ગીય ગ્રંથો ભણાવવા અને સિદ્ધાંતોનું જ્ઞાન આપવું એ ગુરુનું પ્રાથમિક અને અનિવાર્ય કર્તવ્ય છે. શિષ્યને અધ્યાપન કરાવ્યા વિના કેવળ દીક્ષાદાન આપવા માત્રથી વ્યક્તિનું ગુરુપણું સિદ્ધ થઈ જતું નથી. આથી 'સ્મૃતિચંદ્રિકા' ગ્રંથ કહે છે કે-

''જે ગુરુ શિષ્યને અધ્યાપન કરાવતો નથી તે શાસ્ત્રોક્ત કર્મો કરવા માટે અયોગ્ય ગણાય છે. વિશેષમાં દીક્ષા લીધા પછી એક વર્ષ વીતી ગયું હોય છતાં ગુરુએ અધ્યાપન કરાવ્યું ન હોય તો શિષ્યના સઘળા પાપો ગુરુને ભોગવવા પડે છે.'' ''ગૌતમધર્મસૂત્ર''માં પણ કહ્યું છે કે -

''જો દીક્ષાદાન કરનાર ગુરુ અજ્ઞાની હોય, શિષ્યને અધ્યાપન ન કરાવતો હોય અને ગુરુ સ્વયં પાપાચરણ કરતો હોય તો તેવા ગુરુનો ત્યાગ કરી દેવો જોઈએ.''

અહીં એક વાત ખૂબ સાવધાનીપૂર્વક ધ્યાનમાં લેવા યોગ્ય છે કે શ્રીમહાપ્રભુજી દ્વારા સ્વમાર્ગીય દીક્ષાદાનનો અધિકાર સ્વવંશજને આપ્યો હોવા છતાં, જો કોઈ કારણસર કોઈક શ્રીવલ્લભવંશજ પુરુષજન શ્રીમહાપ્રભુજીએ નિર્ધારિત ગુરુના લક્ષણો કેળવવા તરફ દુર્લક્ષ સેવે અને તે કારણોસર તેમનામાં જો ગુરુના લક્ષણોનો અભાવ દેખાય તો કેવળ શ્રીવલ્લભવંશજ હોવા માત્રથી તેમને ગુરુ બનાવી શકાય નહિ. ટૂંકમાં પુષ્ટિમાર્ગીય દીક્ષાદાન આપવા માટે શ્રીવલ્લભવંશજ પુરુષજન હોવું અનિવાર્ય છે પરંતુ ગુરુના ઉપરોક્ત લક્ષણોના અભાવમાં પ્રત્યેક શ્રીવલ્લભવંશજ પુરુષજનને ગુરુ તરીકે સ્વીકારી શકાય નહિ. આપણાથી વગર વિચાર્યે આંધળી દોટ મૂકીને પ્રત્યેક શ્રીવલ્લભવંશજ પાસેથી દીક્ષાદાન કે આજ્ઞા લઈ શકાય નહિ.

આમ ગુરુ-શિષ્યના સંબંધમાં કેવી ઉત્તમોત્તમ પવિત્ર ભાવના આપણા શાસ્ત્રકારોએ વર્ણવી છે તેનો ગંભીરતાપૂર્વક વિચાર કરીને તેમજ શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલા ગુરુના લક્ષણો સુયોગ્ય રીતે ચકાસીને પછી જ પુષ્ટિજીવે સ્વમાર્ગીય દીક્ષાદાન માટે તત્પર થવું જોઈએ.

ગુરુના અભાવમાં શું કરવું ?

ધારોકે શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલ ગુરુના લક્ષણો ધરાવનાર એક પણ શ્રીવલ્લભવંશજ ગુરુ પ્રાપ્ત ન થાય અને જો પુષ્ટિજીવ શ્રીમહાપ્રભુજીના માર્ગ અનુસાર ભગવદ્સેવા અને કથા પરાયણ જીવન જીવવાની તાલાવેલી ધરાવતો હોય તો તેવી સ્થિતિમાં તેણે શું કરવું ? શું ગુરુના અભાવે આવા ઉત્તમોત્તમ પુષ્ટિમાર્ગના ફલથી વંચિત રહેવું ? આ સમસ્યાના સમાધાનમાં શ્રીમહાપ્રભુજી સ્વયં ''સર્વનિર્ણયનિબંધ કારિકા-૨૨૮''માં આજ્ઞા કરે છે કે -

તદભાવે સ્વયં વાપિ મૂર્તિ કૃત્વા હરેઃ કવચિત્ ।
પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્ ॥
સાકારવ્યાપકત્વાચ્ચ મંત્રસ્યાપિ વિધાનતઃ ।

અર્થાત્ શ્રીગુરુનો અભાવ હોય (શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલ લક્ષણોવાળા ગુરુ પ્રાપ્ત થાય નહિ) તો શ્રીહરિની મૂર્તિને સાક્ષાત ભગવદ્સ્વરૂપ સમજીને તેની પરિચર્યા (સેવા) કરવી. મૂર્તિ શ્રીહરિનું જ સ્વરૂપ છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વ્યાપક અને સાકાર હોવાથી મંત્રના વિધાનબળે તે મૂર્તિ/સ્વરૂપમાં રહે છે.

આ કારિકાની 'આવરણભંગ' ટીકામાં શ્રીપુરુષોત્તમજી મહારાજ વિશેષ સ્પષ્ટતા કરતાં કહે છે કે -

જો ગુરુના લક્ષણો ધરાવનાર એકપણ શ્રીવલ્લભવંશજ પુરુષજન પ્રાપ્ત ન થાય તો તેવી સ્થિતિમાં સર્વલક્ષણસંપન્ન શ્રીમહાપ્રભુજી સમગ્ર પુષ્ટિમાર્ગના એકમાત્ર ગુરુ છે એમ સ્વીકારીને ભગવદ્સેવા-સ્મરણમાં પ્રવૃત્ત થવું જોઈએ. આ માટે ભગવદ્સેવા કરવા ઈચ્છુક પુષ્ટિજીવે સેવાપ્રકાર વિશે સ્વમાર્ગીય સિદ્ધાંતનિષ્ઠ કોઈ સેવકજન પાસેથી જાણકારી પ્રાપ્ત કરી લેવી જોઈએ.

આ સંબંધમાં મહાનુભાવ શ્રીહરિરાયચરણ ''સ્વમાર્ગીય શરણ-સમર્પણ સેવાદિ નિરૂપણમ્-શ્લોક ૫૦-૫૧''માં વધુ સ્પષ્ટતા કરતાં જણાવે છે કે -

શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલ ગુરુના લક્ષણો જો આધુનિક શ્રીવલ્લભવંશજો ધરાવતા ન હોય, છતાં તેઓનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર હોય તો તેવો ઉપદેશ સદ્ગુરુના ઉપદેશની જેમ જ ફળદાયી નીવડી શકે છે પરંતુ આ માટે આધુનિક શ્રીવલ્લભવંશજોની બુદ્ધિ દુ:સંગ (ધનસંગ્રહની લાલસા, પ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ, અન્યાશ્રય, અસમર્પિત, ભગવદ્સેવાવિમુખ વગેરે) આદિ દોષોથી દુષિત થઈ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોથી વિપરીત તો થઈ ગઈ નથી ને તે ચકાસી લેવું પ્રત્યેક પુષ્ટિજીવ માટે અનિવાર્ય છે.

ચેલાઓની સખ્યા વધારવાના, યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કર્યા વિના દીક્ષા આપનાર કે કેવળ ધનસંચય માટે દીક્ષા આપનાર ભગવદ્નામવિક્રય કરનારાઓ ગણાય છે. પ્રભુના નામે આમ ચરી ખાનારાઓની નિંદા કરતાં ''બ્રહ્મવૈવર્તપુરાણ''માં પૃથ્વી બ્રહ્માજીને કહે છે કે -

''શ્રીકૃષ્ણના મંગલકારી નામને જે વેચે છે તેના પાપના ભારથી હું પીડિત થાઉં છું.''

આધુનિક ગુરુઓ જો શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોથી વિપરીત આવો ઉપદેશ આપતા હોય જેમકે -

(૧) સેવાના ત્રણ પ્રકાર - તનુજા, વિત્તજા અને માનસી છે. ભગવદ્સેવા સ્વગૃહે ન બની શકે તો ગામના જાહેર મંદિરમાં જઈને બહારની ટહેલ/સેવા જેવીકે બુહારી કરવી, ટકોરા મારવા, માળાજી સિદ્ધ કરવાં, હિંડોળા ભરવા વગેરે કરીને પણ સંતુષ્ટ થવું.
(૨) જાહેર મંદિરમાં કરેલી સેવા પુષ્ટિપ્રભુ સ્વીકારે છે.
(૩) જાહેર મંદિરનો દેવદ્રવ્યનો પ્રસાદ લઈ શકાય છે.
(૪) દિવસમાં એકાદવાર જાહેરમંદિરમાં નિત્ય દર્શનનો નિયમ રાખવો.
(૫) વર્ષમાં એકવાર યથાશક્તિ મનોરથ અવશ્ય કરાવવો.
(૬) સ્વજનોના મૃત્યુ પાછળ શ્રીમદ્ભાગવત કથા કરાવવી.
(૭) ભંડોળ-ફંડફાળો એકત્ર કરવા, જીર્ણોદ્ધાર કે આજીવિકા-નિર્વાહ માટે શ્રીભાગવત કથા પુષ્ટિમાર્ગમાં માન્ય છે.
(૮) વૈષ્ણવોના સેવ્યસ્વરૂપ કરતાં જાહેરમંદિરમાં બિરાજતા શ્રીઠાકોરજી વધુ મોટા - ચઢિયાતા અને સર્વોપરિ છે. માટે સ્વગૃહે સેવાના ભોગે પણ જાહેર મંદિરમાં દર્શનનો આગ્રહ અવશ્ય રાખવો.
(૯) અનસખડીના શ્રીઠાકોરજી કરતાં સખડીભોગના શ્રીઠાકોરજી શ્રેષ્ઠ છે.
(૧૦) નળની મરજાદ કરતાં કૂવાની મરજાદવાળા શ્રીઠાકોરજી વધુ ઊંચા-મોટા છે.
(૧૧) વર્ષ દરમિયાન એકાદ-બે વખત બેઠકજીમાં ઝારીજી ભરવા-ચરણસ્પર્શ કરવા અવશ્ય જવું જોઈએ.

(૧૨) પોતાના સેવ્યસ્વરૂપનું જાહેર પ્રદર્શન કરાવવા વર્ષમાં એકાદ વખત મોટો મનોરથ યોજીને વૈષ્ણવો તેમજ અવૈષ્ણવોને પ્રસાદ અવશ્ય લેવડાવવો જોઈએ.

આવા સિદ્ધાંતવિપરીત મનકલ્પિત ઉપદેશો આપતા ગુરુઓને કદી અનુસરવું નહિ તેમજ ગુરુ તરીકે પણ કદાપિ સ્વીકારવા નહિ પરંતુ આ બધાથી સર્વથા દૂર રહેવામાં જ આપણું આધિદૈવિક હિત સમાયેલું છે એમ વિચારી કેવળ શ્રીમહાપ્રભુજીનો જ દઢ આશ્રય રાખવો.

ગુરુના અભાવમાં કોની આજ્ઞા લેવી ?

ભૂતળ ઉપર શ્રીગુરુદેવ વિદ્યમાન ન હોય તો કોની આજ્ઞા લેવી તે સંબંધમાં દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ ''અણુભાષ્ય-પ્રકાશ''માં આજ્ઞા કરે છે કે -

''ગુર્વભાવે તત્પુત્રઃ, તદભાવે તત્પત્ની, તદભાવે તત્કુલમ્'', અર્થાત્ ભૂતળ ઉપર શ્રીગુરુદેવ બિરાજતા ન હોય તો જ શ્રીગુરુપુત્રની આજ્ઞા લેવી. જો શ્રીગુરુપુત્ર પણ ન બિરાજતા હોય તો શ્રીગુરુપત્નીની આજ્ઞા લેવી. તે પણ વિદ્યમાન ન હોય તો તેમના કુલના કોઈ ગોસ્વામી આચાર્યની આજ્ઞા લેવી. સદ્ભાગ્યે આપણા અલૌકિક દ્વાર-ચતુર્થગૃહે પૂ. પા. ગુરુદેવ શ્રીદેવકીનંદનાચાર્યશ્રી બિરાજે છે. આથી આપણે ગમે તે શ્રીવલ્લભવંશજ ગોસ્વામી આચાર્ય, વહુજી કે બેટીજીની આજ્ઞા લેવાની ભૂલ કદાપિ કરીએ નહિ.

વિશેષમાં ભૂતળ ઉપર શ્રીગુરુદેવ પોતાની વિદ્યમાન સ્થિતિમાં સ્વઆત્મજ (ગુરુપુત્ર) પાસે ગુરુકલ્પીય (ગુરુસ્થાનીય) કાર્ય સંપાદન કરાવવા ઈચ્છતા હોય તોપણ આ સંબંધમાં ચાર બાબતો વિચારણીય બને છે : (૧) શ્રીગુરુઆજ્ઞા (૨) આત્મપ્રતિનિધિત્વ (૩) ગુરુપુત્રની યોગ્યતા અને (૪) શાસ્ત્રનિર્ણય. આ ચારે બાબતોનો પ્રામાણિક નિર્ણય શ્રીગુરુમુખે સ્વતઃ સિદ્ધ થઈ જતો હોઈ, શ્રેયસિદ્ધિ માટે અગ્રેસર થવા ઈચ્છુક પ્રત્યેક જીવ માટે શાસ્ત્ર આદેશ આપે છે કે સર્વદા સર્વ કાર્યમાં પ્રથમતઃ શ્રીગુરુઆજ્ઞા જ પ્રાપ્ત કરવી જોઈએ.

(**નોંધ** - સાંપ્રત સમયમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોથી વિપરીત વાતો કરનારા કેટલાક ભાગવત કથાકારો અને શાસ્ત્રીઓ પણ કંઠીદીક્ષા / બ્રહ્મસંબંધદીક્ષા આપતા જોવા મળે છે. વળી કેટલાક પોતાને ઓળખાવતા પરમ ભગવદીયો (પરમ ભયરૂપ ?), બાપાઓ, ભાઈજીઓ વગેરે પણ સ્વમાર્ગીય

આજ્ઞા-આદેશ આપતા નજરે પડે છે. કાંઈક સ્થાનોમાં મુખીયાજીઓ પણ કંઠીદીક્ષા આપે છે. વળી કલશ વધાવવાની ભેટ, માળાજી પધરાવવાની ભેટ, ઓચ્છવ ભેટ, કીર્તન ભેટ, ફૂલભેટ, પાનભેટ, તિલક ભેટ વગેરેથી ઉછામણી / હરાજી બોલાવતા જાહેર મંદિરો કે હવેલીઓના ટ્રસ્ટીઓ / અધિકારીઓ વગેરે પણ ક્યાંક આજ્ઞા આપતા હોય તેવા દાખલાઓ સાંભળવા મળે છે. આ બધું શ્રીવાલ્લભસંપ્રદાયમાં ક્યારે પણ માન્ય નહોતું અને હાલમાં પણ નથી જ. ઉલટાનું આપણો અધઃપાત કરાવી ઘોર અપરાધી બનાવતા આવા ષડ્યંત્રોથી ચતુર્થગૃહના સૌ સેવકજનોએ સદા સાવધાન રહેવું આવશ્યક છે.)

દીક્ષા લેવાનો સમય :

પુષ્ટિમાર્ગીય દીક્ષા લેવાનો અને આપવાનો યોગ્ય સમય એ જ છે કે જ્યારે દીક્ષા લેવા ઈચ્છુક વ્યક્તિ સ્વમાર્ગીય સિદ્ધાંતોની સાચી સમજપૂર્વક સ્વધર્મનું પાલન કરવા પૂર્ણપણે તૈયાર હોય. જ્યારે પુષ્ટિમાર્ગમાં રુચિ ધરાવનાર દૈવીજીવ ભગવાન શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવી-દેવતાઓના આશ્રયનો સંપૂર્ણ ત્યાગ કરી, એકમાત્ર શ્રીકૃષ્ણને જ પોતાનું સર્વસ્વ સ્વીકારીને, શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન મેળવવા, સ્વમાર્ગીય સિદ્ધાંતોનું જ્ઞાન મેળવવા, વૈષ્ણવી ચિહ્નો-તિલક, માળાજી વગેરે ધારણ કરવા તથા પુષ્ટિપ્રભુના નામ, સ્વરૂપ, લીલા, ગુણો વગેરેના શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરે કરવા પૂર્ણપણે તૈયાર બને ત્યારે જ તેણે કંઠી / નામ / શરણમાર્ગીય દીક્ષા લેવી જોઈએ.

એ જ પ્રમાણે શરણમાર્ગીય કર્તવ્યોનું પાલન કરતાં-કરતાં જેના મનમાં પુષ્ટિપ્રભુને સર્વસ્વના સમર્પણપૂર્વક પ્રભુના દાસ તરીકે ભગવદ્સેવા પરાયણ સમર્પિત જીવન જીવવાની ઈચ્છા જાગે ત્યારે જ તેણે બ્રહ્મસંબંધ દીક્ષા લેવી જોઈએ.

આપણા માર્ગમાં બાળવયે કે અબુધ દશામાં દીક્ષા લીધેલા અસંખ્ય વૈષ્ણવો છે કે જેઓને પોતે ક્યારે દીક્ષા લીધી અને ક્યા ગુરુ પાસે દીક્ષા લીધી તેનું પણ ભાન નથી. તો પછી આવા લોકોને શ્રીમહાપ્રભુજી, પુષ્ટિસિદ્ધાંતો, ઈષ્ટદેવ કે દીક્ષામંત્રનું જ્ઞાન તો હોય જ ક્યાંથી ? આનાથી વિશેષ મોટી કરૂણતા આપણા માર્ગમાં બીજી કઈ હોઈ શકે ? વળી શ્રીમહાપ્રભુજી, સ્વમાર્ગીય સિદ્ધાંતો, ઈષ્ટદેવના સ્વરૂપનું જ્ઞાન અને કર્તવ્યપાલનમાં સંપૂર્ણ ઉદાસીન એવા કેટલાક પ્રૌઢવયના લોકો, દેવોને પણ દુર્લભ એવી સ્વમાર્ગીયદીક્ષા પ્રાપ્ત કર્યા પછી પણ પોતાના જીવનમાં કંઈ જ ધર્મલાભ પ્રાપ્ત કરી શક્યા નથી. આવા લોકોએ પ્રાપ્ત કરેલ દીક્ષાદાન સંપૂર્ણતઃ નિષ્ફળ જાય છે. આમ દેખાદેખી કે કુલપરંપરાથી સ્વમાર્ગીય દીક્ષા લેવા તત્પર બનેલા વૈષ્ણવ પરિવારના સભ્યોએ

એ સમજવું જરૂરી છે કે સંપ્રદાયના કર્તવ્યોનું પાલન કરવા માટે જેને સ્વમાર્ગીય સિદ્ધાંતોનું જ્ઞાન નથી અથવા જ્ઞાન હોવા છતાં સ્વધર્માચરણ (અન્યાશ્રય અને અસમર્પિતનો ત્યાગ, ભગવદ્સેવા અને કથામય સમર્પિત જીવન વગેરે) કરવાની પૂરેપૂરી તૈયારી નથી તેવી વ્યક્તિઓએ પુષ્ટિમાર્ગીય દીક્ષા લેવા ઉતાવળ કરવી જોઈએ નહિ. કોઈપણ સંપ્રદાયમાં પ્રવેશ કરવા માટે સંપ્રદાયવિપરીત આચરણનો ત્યાગ તથા સંપ્રદાયસંમત આચરણનું પાલન કરવું અતિ અનિવાર્ય હોય છે. સંપ્રદાયનિષિદ્ધ આચરણનો ત્યાગ અને વિહિતઆચરણ વિનાની કેવળ કોરી દીક્ષાનું કોઈ જ મહત્ત્વ સંપ્રદાયની દૃષ્ટિમાં નથી અને તેવી વ્યક્તિનો સંપ્રદાયમાં ખરેખર પ્રવેશ જ થયો ગણાતો નથી. જેવી રીતે શાળામાં પ્રવેશ લેનાર વિદ્યાર્થી જો શાળામાં રોજ ગેરહાજર રહેતો હોય તો તેનું નામ શાળાના રજીસ્ટરમાંથી આપોઆપ રદ થઈ જાય છે. તેવી જ રીતે સ્વમાર્ગીય દીક્ષા લીધા પછી જે દીક્ષિત / અનુયાયી / સેવક સાંપ્રદાયિક સિદ્ધાંતો અનુસાર સ્વધર્મનું આચરણ કરવા પ્રયત્નશીલ રહેતો નથી તેનો સંપ્રદાય-પ્રવેશ પણ આપોઆપ જ રદ થયેલો ગણાય છે. આમ આચરણ વિનાની કોરી દીક્ષા સર્વથા નિરર્થક પૂરવાર થાય છે એ આપણે યાદ રાખવું જોઈએ. આથી જ્યારે આપણા મનમાં પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો અનુસાર જીવન જીવવા સંપૂર્ણ તત્પરતા જાગે ત્યારે જ આપણે દીક્ષા લેવા શ્રીગુરુદેવને વિનંતિ કરવી જોઈએ. પરંતુ વડીલોના હઠાગ્રહથી કે કેવળ દેખાદેખી સ્વમાર્ગીય દીક્ષા કદી લેવી જોઈએ નહિ.

વિશેષમાં દીક્ષા લેવા આતુર વ્યક્તિ માટે ત્રણ શરતો અનિવાર્ય છે -

(૧) દીક્ષા લેવા આતુર વ્યક્તિની સ્વમાર્ગમાં રુચિ.

(૨) સંપ્રદાયના આદ્ય આચાર્યો દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતોમાં પૂર્ણ નિષ્ઠા.

(૩) દીક્ષા લેવા આતુર વ્યક્તિની કોઈપણ જાતની છૂટછાટ વિના સ્વમાર્ગીય સિદ્ધાંતોને પૂર્ણરૂપે અનુસરવાની કટિબદ્ધતા.

આ શરતોના સ્વીકાર સાથે જ સંપ્રદાયની દીક્ષા લેવાનો સમય અને આતુરતાનું પરીક્ષણ થઈ શકે છે.

દીક્ષામંત્ર ગોપ્ય રાખવો :

શ્રીગુરુદેવ દ્વારા અપાયેલું દીક્ષામંત્રનું દાન સદા ગુપ્ત રાખવાની શાસ્ત્ર આજ્ઞા કરે છે. દીક્ષામંત્રનો જાહેરમાં કે સમૂહમાં ઉચ્ચાર થઈ શકે નહિ. દીક્ષામંત્રને પુસ્તકોમાં છાપવાની, લખવાની કે સીડી/કેસેટો જેવા આધુનિક ઉપકરણોમાં સંગ્રહિત કરવાની શાસ્ત્રમાં મનાઈ છે. અન્યમાર્ગીય અથવા તો જેણે સ્વમાર્ગીય દીક્ષા લીધી ન હોય તેવી વ્યક્તિને આપણા દીક્ષામંત્રનું જ્ઞાન ક્યારે પણ થવા દેવું જોઈએ નહિ. દીક્ષાદાનનું માહાત્મ્ય, ગરિમા, પવિત્રતા અને ગુપ્તતા જાળવવા આપણે સદા જાગૃત રહી પ્રયત્નશીલ બનવું જોઈએ.

સેવા કોની કરવી ?

શ્રીમહાપ્રભુજી 'ચતુશ્લોકી-૧'માં આજ્ઞા કરે છે કે -

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ કવાપિ કદાચન ॥

અર્થાત્ સર્વદા સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણને ભજવા એટલે સેવા કરવી. પુષ્ટિજીવોનો આ જ એકમાત્ર ધર્મ / કર્તવ્ય છે. આ સિવાય ક્યાંય અને ક્યારે પણ બીજો કોઈ ધર્મ નથી.

અનંત કોટિ બ્રહ્માંડોનો નાયક જ્યારે પોતાનું અખિલ સામ્રાજ્ય છોડીને નાનકડા ગોકુલનો નાથ બની શ્રીનંદ-યશોદાગૃહે પ્રગટ થાય છે ત્યારે તે શ્રીકૃષ્ણ કહેવાય છે. આ જ યશોદોત્સંગલાલિત પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પુષ્ટિમાર્ગમાં સેવ્ય છે.

શ્રીમદ્ભાગવત : ૧-૩-૨૮માં કહ્યું છે કે -

એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ॥

અર્થાત બીજા બધા ભગવાન શ્રીકૃષ્ણના અંશ, કલા, આવેશ વગેરે અવતારો છે પરંતુ શ્રીકૃષ્ણ તો સાક્ષાત ભગવાન જ છે. આથી પુષ્ટિજીવે સ્વમાર્ગીય દીક્ષા લીધા પછી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણની જ સેવા કરવાની છે, ભગવાનના અન્ય કોઈ વિભૂતિ, કલા, આવેશ કે અંશાવતારની સેવા કરવાની નથી. પુષ્ટિમાર્ગમાં અવતારી શ્રીકૃષ્ણની જ સેવા થાય છે, જ્યારે મર્યાદામાર્ગમાં ભગવાનશ્રીકૃષ્ણના અંશાદિ અવતારોની પૂજા થાય છે.

વિશેષમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી-ઉભય પ્રભુચરણો, આપના સપ્ત ભગવદાત્મજો વગેરે 'લીલાદ્વિજતનુધારી' રૂપે ભૂતલ ઉપર પ્રગટ થયા હોઈ, પુષ્ટિજીવોથી આ બધા આચાર્ય સ્વરૂપોની સેવા થઈ શકે નહિ. વળી શ્રીયમુનાજી અને શ્રીગિરિરાજજીની પણ પુષ્ટિમાર્ગમાં સેવા થાય નહિ પરંતુ આ બંનેનું પૂજન થાય છે. શ્રીમહાપ્રભુજી પણ 'કૃષ્ણસેવા સદા કાર્યા'ની જ આજ્ઞા કરે છે, અન્ય કોઈની નહિ.

બ્રહ્મસંબંધદીક્ષા દાન પ્રાપ્ત કરનાર વૈષ્ણવનું સર્વસમર્પણ સ્વીકારવા જ પુષ્ટિ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીગુરુદેવ દ્વારા સેવ્યસ્વરૂપે વૈષ્ણવના ઘરે પધારે છે એનું સદા સ્મરણ રાખીને ભયપ્રીતિપૂર્વક દાસભાવે શ્રીકૃષ્ણસેવા જ કરવી જોઈએ.

ભગવદ્દ્સ્વરૂપની ભાવપ્રતિષ્ઠા (પુષ્ટ/સેવ્ય કરાવવા) જરૂરી :

પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જડ-જીવાત્મક સમગ્ર સૃષ્ટિરૂપે સ્વયં બન્યા હોવા છતાં ભગવાનની ભક્તિ/સેવા ગમે વસ્તુ કે વ્યક્તિમાં કરવાનો શાસ્ત્રનિષેધ છે. આ નિષેધ નીચેના એક સરળ દૃષ્ટાંતથી સમજી શકાશે -

વડીલો પ્રતિ પૂજ્ય અને આદરભાવ વ્યક્ત કરવા માટે આપણે તેઓને પગે લાગીએ છીએ. તત્ત્વદૃષ્ટિથી જોતાં પગમાં જ વડીલ હોય અને માથામાં વડીલ ન હોય એવું હોતું નથી. વડીલ તો માથાથી પગ સુધી એક જ હોય છે. આમ છતાં કોઈ વડીલને પગે લાગવાને બદલે માથે લાગવાનો અવિવેક કોઈ કરતું નથી. એજ પ્રમાણે પગે લાગનાર બાળક પણ તેના માથાથી પગ સુધી બાળક હોય છે. છતાં તેને આશીર્વાદ આપનાર વડીલ તેના પગ ઉપર આશીર્વાદ આપતા નથી પરંતુ માથા ઉપર જ હાથ મૂકીને આશિષ આપે છે. આને સૂક્ષ્મવિવેકદૃષ્ટિ અથવા ઔચિત્યવિચાર કહેવામાં આવે છે. આમ આ દૃષ્ટાંત પરથી સમજી શકાય છે કે જેમ આપણા જીવનવ્યવહારમાં ઔચિત્ય (સારા-નરસા/યોગ્ય-અયોગ્ય)નો વિચાર કરવામાં આવે છે તેમ ભગવદ્દ્ભક્તિ/સેવામાં પણ શાસ્ત્રનિર્ધારિત ઔચિત્યનો વિચાર કરવામાં આવે છે. મર્યાદામાર્ગમાં પૂજા-ઉપાસના માટે અનેક જાહેર દેવાલયો હોય છે પરંતુ પુષ્ટિભક્તિમાર્ગમાં તો ભગવદ્દ્સ્વરૂપની જ ગૃહસેવા પ્રશંસનીય અને માન્ય ગણાય છે.

મર્યાદામાર્ગમાં ભગવાનની પૂજા માટે જાહેર દેવાલયમાં ભગવાનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ પ્રાણપ્રતિષ્ઠા બે પ્રકારે શાસ્ત્રમાં વર્ણિત છે -

(૧) **સ્વાર્થ પ્રતિષ્ઠા** - જ્યારે મર્યાદાભક્ત પોતાના ઘરમાં પૂજા કરવા માટે કોઈક દેવ-દેવીની મૂર્તિ લાવીને શાસ્ત્ર-વિધિ અનુસાર આવાહન-વિસર્જનથી પૂજા કરે છે ત્યારે તે મૂર્તિની સ્વાર્થપ્રતિષ્ઠા (પોતાના માટે થયેલી) કહેવાય છે.

(૨) **પરાર્થ પ્રતિષ્ઠા** - જ્યારે સર્વ સાધારણ લોકોને દેવદર્શન-પૂજનનો લાભ મળે એ હેતુથી કોઈ દેવ-દેવીની જાહેર દેવાલયમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે ત્યારે તેને પરાર્થપ્રતિષ્ઠા (બીજાના માટે કરેલી) કહેવામાં આવે છે. દા.ત.: શ્રીજગન્નાથજી, શ્રીવિઠોબાજી, શ્રીશામળાજી વગેરે ભગવદ્દ્મૂર્તિઓની પરાર્થ પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે.

પુષ્ટિભક્તિમાર્ગમાં તો ''હું આ પુષ્ટિજીવનો ઉદ્ધાર કરીશ'' એવી ભક્તના વ્યક્તિગત ઉદ્ધારની વિશેષ ઈચ્છાથી પ્રભુ ભક્તના ઘેર પધારે છે. આથી મર્યાદા

માર્ગીય પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રકાર પુષ્ટિમાર્ગમાં સ્વીકારવામાં આવ્યો નથી. આથી શ્રીમદ્‌ભાગવતમાં પ્રભુના ભાવાત્મક વર્ણનના જે શ્લોકો છે તે અનુસાર ભગવદ્દ્સ્વરૂપમાં 'ભાવપ્રતિષ્ઠા' કરવાની સંપૂર્ણ પદ્ધતિ શ્રીગુસાંઈજી પ્રભુચરણે ''શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર'' નામના એક લઘુ ગ્રંથમાં વર્ણવી છે. વિશેષમાં મહાનુભાવ શ્રીહરિરાયચરણે પણ ''સ્વમાર્ગીયસ્વરૂપસ્થાપનપ્રકાર'' નામે ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથોમાં દર્શાવેલા પ્રકારથી જ પુષ્ટિમાર્ગમાં ભગવદ્દ્ સ્વરૂપની 'ભાવપ્રતિષ્ઠા' થઈ શકે છે. ભગવદ્દ્સ્વરૂપને પુષ્ટ કરવામાં શ્રીમહાપ્રભુજીની કાનિ છે - વ્રજભક્તોની કાનિ છે. આવા પુષ્ટ કરેલ સ્વરૂપની સેવા પુષ્ટિમાર્ગમાં સેવાકર્તાના ઘરમાં થઈ શકે છે, જાહેર મંદિર કે હવેલીમાં નહિ. મર્યાદામાર્ગમાં પ્રાણપ્રતિષ્ઠા કરેલ દેવ-દેવી કરતાં પણ વધુ મહત્ત્વ શાસ્ત્રીયવિધિ તથા મંત્રનું હોય છે, જ્યારે પુષ્ટિભક્તિમાર્ગમાં ભાવપ્રતિષ્ઠા (પુષ્ટ/સેવ્ય) કરેલ સ્વરૂપના સુખનો વિચાર તથા સ્નેહનું પ્રાધાન્ય હોય છે. આમ પુષ્ટિભક્તિમાર્ગીય ભગવદ્દ્ સેવાનો પ્રકાર મર્યાદામાર્ગીય પૂજા-ઉપાસનાના પ્રકારથી બિલકુલ જુદો છે.

પુષ્ટિમાર્ગમાં સ્પર્શથી, દૃષ્ટિથી, મૌખિક આજ્ઞા કે આદેશથી ભગવદ્દ્સ્વરૂપને પુષ્ટ કરવાનો કોઈ પ્રકાર નથી. આવો પ્રકાર જો હોત, તો પછી શ્રીગુસાંઈજી પ્રભુચરણને ''શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર'' ગ્રંથ પ્રગટ કરવાનો શ્રમ લેવો જ પડ્યો ન હોત ! આ સબંધંમાં શ્રીવાલ્લભ સંપ્રદાયના મૂર્ધન્યવિદ્વાન પૂ. પા. ગો. શ્રીશ્યામુબાવાશ્રીના વચનામૃત મનનીય છે -

''આજકાલ જેમ ઈન્સ્ટન્ટનો જમાનો ચાલ્યો છે તેમ શ્રીઠાકોરજીને પણ ઈન્સ્ટન્ટ પુષ્ટ કરી દેવાની પદ્ધતિ શરૂ થઈ ગઈ છે. ચરણસ્પર્શ કર્યાં એટલે પુષ્ટ. આ પદ્ધતિ ખોટી છે. શ્રીગુસાંઈજી પ્રભુચરણે ભગવદ્દ્ સ્વરૂપમાં ભાવપ્રતિષ્ઠા કરવાની આખી પદ્ધતિ સમજાવી છે તે પાછળ કોણ સમય આપે ? વળી વૈષ્ણવો પણ ઈચ્છે છે કે ટેમ્પરરી પુષ્ટ થાય તો સારું - પરમેનન્ટ થશે તો પાછું ગળે વળગશે. અમને (ગોસ્વામી આચાર્યોને) પણ લાગે છે કે પરમેનન્ટ ક્યાં પુષ્ટ કરવા ? એટલે ચરણસ્પર્શ કરી ટેમ્પરરી પુષ્ટ કરી દીધા. આ બધો આજકાલનો પ્રકાર છે. જેવા ગુરુ તેવા ચેલા અને જેવા ચેલા તેવા ગુરુ - આવું બધે ચાલી રહ્યું છે. પુષ્ટિમાર્ગના સિદ્ધાંતથી આ વિપરીત વાત છે.'' (અમૃતનું આચમન-પૃ. ૪૪માંથી સાભાર ઉધ્ધૃત)

વિશેષમાં આ સંબંધી પૂ. પા. ગુરુદેવ શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના વચનામૃતો પણ એટલા જ મનનીય એવં વિચારણીય છે -

''ભગવદ્દ્સ્વરૂપની સેવા શ્રીગુસાંઈજી પ્રભુચરણે પ્રગટ કરેલા 'શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર'થી યોગ્ય રીતે પુષ્ટ કરેલા સ્વરૂપની કરવી જોઈએ.

જ્યારે સ્વરૂપની યોગ્ય પુષ્ટવિધિ થાય છે ત્યારે જ તે સ્વરૂપમાં પૂર્ણ પુરુષોત્તમનો આવિર્ભાવ થાય છે. શ્રીમહાપ્રભુજીની અવતારલીલા સમયે આપશ્રીની દૃષ્ટિ પડતાં જ મથુરાની દુકાનોના સ્વરૂપોમાં સાક્ષાત આવિર્ભાવ થતાં, આપશ્રીની પાછળ ચાલવા લાગ્યા હતાં. શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણની અવતારલીલામાં 'પરે' કહેવાથી શ્રીનાથજી સાનુભાવ જણાવતા હતા. પરંતુ અત્યારની અનઅવતાર દશામાં શ્રીદેવકીનંદનનું એટલું સામર્થ્ય નથી કે હાથ લગાડે એટલે શ્રીઠાકોરજી પુષ્ટ થઈ જાય ! અગ્નિકુળ/વલ્લભકુળના હાથ લગાડવાથી કે દૃષ્ટિ કરાવવાથી શ્રીઠાકોરજી કંઈ પુષ્ટ થઈ જતા નથી. રખે ભ્રમમાં રહેતા. સ્વરૂપને પુષ્ટ કરી આપવાના પણ કંઈક નિયમો તો છે જ. એટલે આવા તથ્યોથી બહાર આવો. શ્રીમહાપ્રભુજીની વાણીના આધારે યથાર્થને ઓળખતા થાઓ. શ્રીદેવકીનંદનના નામે કંઈ પથરા ના તરે અને શ્રીદેવકીનંદનના હાથે પણ પથરા ના તરે. શ્રીમહાપ્રભુજીના નામે પથરા તરે અને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદથી પણ પથરા તરે, આપના હાથની પણ જરૂરિયાત નહિ. તે બધું જ શ્રીમહાપ્રભુજીના નામે ઘટિત થાય.... બાકી શ્રીપુરુષોત્તમ પ્રતિષ્ઠા પ્રકારની પદ્ધતિ વિના કેવળ સ્પર્શ કે દૃષ્ટિ કરીને પધરાવી આપેલ સ્વરૂપોને તમે સાથે રાખી શકો, સન્મુખ બેસીને પાઠ-સ્મરણ કરી શકો. આવી સન્મુખતાની ભાવના/દૃષ્ટિ રાખીને જ આ પ્રકાર કેટલાક પ્રાચીન આચાર્યોએ શરૂ કરેલો."

('કૃષ્ણ જ મારી ઝંખના' પૃ. ૧૫૧ માંથી સાભાર ઉધ્ધૃત)

ટૂંકમાં જેમ કોઈ સ્ત્રીને ઘરમાં પત્ની તરીકે રાખવી હોય તો તેની સાથે કાયદેસરનું લગ્ન અવશ્ય કરવું પડે છે તેમ ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી હોય તો ભગવદ્સ્વરૂપની ભાવપ્રતિષ્ઠા (પુષ્ટ/સેવ્ય) અવશ્ય કરાવવી જોઈએ. પુષ્ટ કે સેવ્ય કરાવ્યા વિનાના સ્વરૂપની સેવા પુષ્ટિમાર્ગના સિદ્ધાંતથી સંપૂર્ણ વિપરીત જ નહિ પરંતુ કેવળ પાખંડ છે. એટલું જ નહિ પરંતુ પોતાની જાત સાથે, ભગવાન સાથે અને શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગ સાથે સુવ્યવસ્થિત છેતરપિંડી છે એ નિશ્ચિત સમજવું.

સેવ્ય સ્વરૂપ અને ભાવ :

શ્રીમહાપ્રભુજી પોતાના અંતિમ ઉપદેશ ''શિક્ષાશ્લોકા''માં આજ્ઞા કરે છે કે -

"ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્"

અર્થાત્ શ્રીકૃષ્ણ લૌકિક પ્રભુ નથી તેથી સેવા કરનારના લૌકિક ભાવોનું પોષણ કદી કરતા નથી. ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ અલૌકિક છે. આથી જ

શ્રીગુસાંઈજી પ્રભુચરણ અણુભાષ્યની સમાપ્તિમાં સર્વ પુષ્ટિમાર્ગીઓને ઉદ્‌ઘોષ કરતાં જણાવે છે કે -

જાનીતં પરમં તત્ત્વં યશોદોત્સંગલાલિતમ્ ।
તદન્યદિતિ યે પ્રાહુરાસુરાંસ્તાનહો બુધાઃ ॥

અર્થાત્ યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણને જ પરમ તત્ત્વ જાણો. તે સિવાય અન્ય કોઈ પરમ તત્ત્વ છે એમ જે કોઈ કહે છે તેને હે વિદ્વાનો ! આસુરી જાણો, આવા યશોદોત્સંગલાલિત-નંદનંદન શ્રીકૃષ્ણ જ પુષ્ટિમાર્ગમાં સેવ્ય છે. જ્યારે પુષ્ટિપ્રભુ આવા અલૌકિક છે ત્યારે તેમની સેવા કેવા ભાવથી કરવી જોઈએ ? આનો પ્રત્યુત્તર આપતાં શ્રીમહાપ્રભુજી 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે -

"સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ"

એટલે કે વ્રજાધિપ શ્રીકૃષ્ણની સેવા સર્વભાવથી કરવી જોઈએ.

સર્વભાવ એટલે (૧) જીવના રક્ષક, પાલક, પ્રેરક, મિત્ર, સર્વફલદાતા વગેરે સર્વ કંઈ શ્રીકૃષ્ણ જ છે આવો પ્રભુમાં ભાવ તે સર્વભાવ.

(૨) જડ-ચેતનાત્મક સમગ્ર સૃષ્ટિરૂપ પ્રભુ સ્વયં થયા છે એવો પ્રભુમાં ભાવ હોવો તે સર્વભાવ.

(૩) આત્મા, દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ, પરિવાર, ઘર, ધન, આલોક, પરલોક વગેરે જે કંઈ ભક્તનું છે તે સર્વના આધિદૈવિક સ્વામી શ્રીકૃષ્ણ જ છે એવો પ્રભુમાં ભાવ હોવો તે સર્વભાવ.

આ સંબંધમાં પૂ. પા. ગો. શ્રીશ્યામુબાવા 'સેવા ઔર વ્રજલીલા' ગ્રંથમાં વિશેષ પ્રકાશ પાડતાં કહે છે કે -

વિશેષમાં કેટલાક એમ માને છે કે પુષ્ટિમાર્ગમાં પ્રભુસેવા કેવળ બાલભાવથી છે. આવું કહેનારાઓને પુષ્ટિમાર્ગની સાચી સમજ નથી. જો પુષ્ટિમાર્ગમાં કેવળ બાલભાવ જ હોત તો શ્રીઠાકોરજી હંમેશાં પલનામાં જ ઝૂલતા હોત, હિંડોળામાં શા માટે ઝૂલે ? વળી શ્રીઠાકોરજી સન્મુખ ગેંદ, છડી, ચૌગાન વગેરે ધરવામાં આવે છે તે સખ્યભાવનો પ્રકાર છે. શરદપૂર્ણિમાના દિવસે રાસોત્સવમાં માધુર્યભાવનો પ્રકાર હોય છે. આપણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ એમાં આપણો દાસભાવ છે. હોરીના દિવસોમાં શ્રીઠાકોરજીને ગાળી પણ અપાય છે (હરિ કારોરી કારોરી, હરિ દો બાપન બીચવારોરી ! તુમ આવોરી આવોરી, હરિજુકો ગારી સુનાવોરી ।) આવો સખ્યભાવ પણ સેવામાં છે. શ્રીઠાકોરજીની સાથે કયા પ્રકારનો ભાવ આપણા માર્ગમાં નથી એ તો જરા

કહો ! આ પ્રમાણે પ્રભુસેવામાં બાલભાવ, સખાભાવ, વાત્સલ્યભાવ, માધુર્યભાવ, દાસભાવ વગેરે સર્વભાવો છે. આ સર્વભાવો આપણે નિભાવી રહ્યા છીએ – કેવળ નિર્ગુણભાવ અંતર્ગત.

જો કે લોકમાં આ બધા જ ભાવો પરસ્પર વિરોધી છે. જેમકે જે દાસ છે તે સખા થઈ શકતો નથી અને જે સખા છે તે દાસ થઈ શકતો નથી વગેરે. પરંતુ આત્મ-પરમાત્મ ભાવમાં આ બધા જ ભાવો સંભવિત છે.

વિશેષમાં સર્વભાવથી વ્રજાધિપ શ્રીકૃષ્ણની સેવા કરતાં આપણામાં સમર્પણનો ભાવ-ભક્તિભાવ પણ હોવો જરૂરી છે. આપણા સમર્પણના ભાવથી જ પ્રભુ આપણી સેવા અંગીકાર કરે છે. પ્રભુ પ્રતિ આપણે સંપૂર્ણ સમર્પિત થઈશું તો જ પ્રભુ સાનુભાવ જણાવશે. જો પ્રભુ પ્રતિ આપણો સમર્પિત ભાવ નથી તો આપણાથી પ્રભુને કોઈ આવશ્યકતા પણ નથી. પ્રભુને આપણી આવશ્યકતા છે માટે આપણે સમર્પણ કરીએ છીએ એવો ભાવ જો આપણામાં પ્રગટ થયો તો આવો અહંકારભાવ પ્રભુસેવા/ભક્તિને લાયક રહેશે નહિ. સેવા કરતાં આપણા મનમાં એવો ભાવ ક્યારે પણ ન જાગે કે પ્રભુને મારી સેવાની આવશ્યકતા છે. માટે હું સમર્પણ કરું છું અને પ્રભુસેવા કરી રહ્યો છું.

જેમ એક વર્ષમાં ઠંડી, ગરમી, વર્ષા વગેરે સર્વ ઋતુઓનો અનુભવ થાય છે તેમ આપણા સર્વભાવો ઋતુચક્રની જેમ પ્રભુની સાથે નિરંતર ચાલ્યા જ કરે છે. આમ સર્વભાવોથી ભગવદ્‌સેવા કરવાનો પ્રકાર કેવળ પુષ્ટિમાર્ગમાં જ છે. જરા વિચારી જુઓ કે એક વર્ષ ફક્ત ઠંડી જ રહે, એક વર્ષ ફક્ત ગરમી જ પડ્યા કરે અને એક વર્ષ સતત વર્ષા થયા કરે તો શું થાય ? આ પ્રકારનો સંબંધ પુષ્ટિપ્રભુની સાથે આપણો નથી. પરંતુ બાલભાવ, સખાભાવ, દાસભાવ, માધુર્યભાવ વગેરે સર્વ ભાવો સાથે આપણા સંપૂર્ણ સમર્પિત ભાવનું – ભક્તિભાવનું સંમિશ્રણ કરીને જ વ્રજાધિપ શ્રીકૃષ્ણની સેવા સદા સર્વદા કરવાની શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે.

સેવાસ્થલ (સેવા ક્યાં કરવી ?) :

શ્રીમહાપ્રભુજી 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે –

"બીજદાઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ"

અર્થાત્ પુષ્ટિજીવોમાં રહેલ બીજરૂપ પુષ્ટિભક્તિભાવો દઢ કરવાનો ઉપાય સ્વગૃહમાં રહીને જ શ્રીકૃષ્ણસેવારૂપ સ્વધર્મનું પાલન કરવું એ જ છે.

શ્રીકૃષ્ણસેવાને પુષ્ટિજીવો માટે એક જીવનપ્રણાલીના રૂપમાં શ્રીમહાપ્રભુજીએ સ્વીકારી છે. પુષ્ટિજીવોના જીવનમાં જાગવું-સૂવું, ઊઠવું-બેસવું, ખાવું-પીવું, નોકરી-ધંધો, લૌકિક-વૈદિક કાર્યો વગેરે સર્વ ક્રિયાનું કેન્દ્રબિંદુ શ્રીકૃષ્ણ જ બને એવો સેવા પ્રકાર અને ભાવના શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરી છે. જેમાં પ્રભુસેવા/ભક્તિ એ કોરા કર્મકાંડરૂપે ન રહેતાં, ભક્તની એક જીવનપ્રણાલિ બની રહે એ કેવળ પુષ્ટિજીવના ઘર સિવાય અન્ય કોઈપણ સ્થળે નભી શકતી નથી. જાહેરમંદિરોમાં પ્રભુસેવા કરવા જતાં એ ભક્તની જીવનપ્રણાલિ મટી જઈને કોરા કર્મકાંડમાં અથવા ભક્તિના લાભ-પાખંડ-દેખાવ-આડંબરના રૂપમાં ફેરવાઈ જાય છે. આથી પ્રભુસેવા/ભક્તિ ભક્તના ઘર સિવાય અન્ય કોઈ સ્થળે કરી શકાતી જ નથી. આથી જ શ્રીમહાપ્રભુજી 'શાસ્ત્રાર્થ નિબંધ-૫૧'માં આજ્ઞા કરે છે કે –

"બ્રહ્મભાવાત્તુ ભક્તાનાં ગૃહ એવ વિશિષ્યતે ।"

અર્થાત્ બ્રહ્મભાવ કરતાં ભક્તોનો ગૃહસ્થાશ્રમ જ શ્રેષ્ઠ છે.

વિશેષમાં પ્રભુસેવા એ ભક્તહૃદયમાં રહેલા પ્રેમ/સ્નેહને પ્રભુ સમક્ષ વ્યક્ત કરવાનો એક ઉપાય છે. કોઈની સાથે પ્રેમ કે સ્નેહ જેમ જાહેરમાં થઈ શકે નહિ તેમ સ્નેહ/પ્રેમપૂર્વક પ્રભુસેવા પણ ગામના જાહેર મંદિરો/હવેલીઓમાં થઈ શકે નહિ. કોઈના પણ પ્રતિ આપણા પ્રેમ/સ્નેહને જો જાહેરમાં વ્યક્ત કરીએ તો તે વરણાગીવેડા કહેવાય છે તેમ પ્રભુ પ્રતિ આપણા ભક્તિભાવ/સ્નેહ/પ્રેમને જો જાહેરમાં પ્રગટ કરવામાં આવે તો તે ભક્તિ ન રહેતાં ભવાડો કહેવાય છે.

આથી પ્રભુસેવા ગુપ્ત પ્રકારે સ્વગૃહમાં કરવી જોઈએ એમ સમજાવતાં શ્રીમહાપ્રભુજી 'અણુભાષ્યઃ ૩-૪-૪૯'માં આજ્ઞા કરે છે કે –

ભાવ જો ગુપ્ત રહે તો જ વધે છે. તેથી પોતાના આશ્રમ ધર્મોની આડમાં રહીને પોતાના ભગવદ્‌ભાવને ગુપ્ત રાખીને ભગવદ્‌સેવા કરવી જોઈએ. જેના હૃદયમાં પ્રભુ બિરાજતા નથી તે જ પોતાના ભાવને જાહેરમાં પ્રદર્શન કરતો હોય છે. જો પ્રભુ હૃદયમાં બિરાજતા હોય તો તે સંભવ નથી જ.

આમ ભગવદ્‌સેવા પોતાના ઘરમાં ગુપ્ત પ્રકારે કરવાથી જ ભક્તિભાવ (રસ)તેની પૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે.

સેવા કેટલા સમય સુધી કરવી ?

પુષ્ટિમાર્ગમાં સેવ્યસ્વરૂપ કોઈ જડ મૂર્તિ કે ચિત્ર નથી કે તેની સન્મુખ બેસી એકાદ-બે કલાક માટે મર્યાદામાર્ગીય રીત મુજબ પ્રભુસેવા થઈ શકે. જેમ આપણા ઘરમાં દેહસંબંધીઓને આપણે ચોવીસ કલાક બરાબર સાચવીએ છીએ તેમ આપણા અલૌકિક સ્વામી શ્રીકૃષ્ણની સેવા પણ સંપૂર્ણ સાવધાનીપૂર્વક

અષ્ટપ્રહર કરવી જરૂરી છે. આપણા જીવનની પ્રત્યેક ક્રિયા સેવાસંબંધિત જ હોવી અનિવાર્ય છે. સેવા કેટલા સમય માટે-કેટલા વખત કરવી તે સંબંધમાં શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણયનિબંધ કા. ૨૩૭-૨૩૮'માં આજ્ઞા કરે છે કે -

સ્વયં પરિચરેદ્ભકત્યા વસ્ત્રપ્રક્ષાલનાદિભિઃ ।
એકકાલં દ્વિકાલં વા ત્રિકાલં વાપિ પૂજયેત્ ॥
સ્વધર્માચરણં શકત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ।
ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્ ॥

અર્થાત્ વસ્ત્રપ્રક્ષાલનાદિ ઉપચારોથી ભક્તિભાવપૂર્વક સ્વયં ભગવદ્સેવા/પરિચર્યા કરવી. ભગવદ્સેવા એકકાલ, દ્વિકાલ અથવા ત્રિકાલ કરવી. સ્વધર્મનું શક્તિ પ્રમાણે આચરણ, વિધર્મમાંથી નિવૃત્તિ અને ઈન્દ્રિયોરૂપી અશ્વોનો સારી રીતે નિગ્રહ-આ ત્રણનું સર્વથા પાલન કરવું.

હવે જે પુષ્ટિજીવને જીવન-નિર્વાહ માટે ધનોપાર્જનની આવશ્યક્તા છે તેમનો પક્ષ રજૂ કરતાં, શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણયનિબંધ કા. ૨૩૨'માં આજ્ઞા કરે છે કે -

સર્વથા વૃત્તિહીનશ્ચેદેકં યામં હરૌ નયેત્ ।
પઠેચ્ચ નિયમં કૃત્વા શ્રીભાગવતમાદરાત્ ॥

જો પુષ્ટિજીવ સર્વથા આજીવિકારહિત હોય તો તેણે એક યામ એટલે કે એક પ્રહર (ત્રણ કલાક) જેટલો સમય ભગવદ્સેવામાં વ્યતીત કરવો તથા નિયમપૂર્વક શ્રીમદ્ભાગવતનો આદરપૂર્વક પાઠ કરવો.

આ કારિકાની 'પ્રકાશ' ટીકામાં શ્રીમહાપ્રભુજી વિશેષ આજ્ઞા કરતાં કહે છે કે એક યામ અર્થાત્ ત્રણ કલાક જેટલો સમય પ્રભુસેવામાં વ્યતીત કરવો અને અવશિષ્ટ (બાકી રહેલ) સમયમાં શાસ્ત્રમાં દર્શાવેલ અનિષિદ્ધ ઉપાયો દ્વારા આજીવિકા પ્રાપ્ત કરવી. વળી પરંપરાથી પ્રાપ્ત થયેલ આજીવિકા પણ જો શાસ્ત્રમાં નિષેધ કરેલી હોય તો તેનો પણ ત્યાગ કરવો.

આમ શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં પ્રભુસેવા એ જીવનું કેવળ કર્તવ્ય જ નહિ પરંતુ આવશ્યકતા છે, જરૂરિયાત છે, સ્વભાવ છે. જેમ કોઈપણ જીવિત પ્રાણીને ખાવા-પીવા કે શ્વાસ લેવા માટે ઉપદેશ આપવો પડતો નથી, કારણ કે અન્ન, જળ અને વાયુ વિના જીવન ટકી શકે નહિ તેવું દરેક પ્રાણી સમજતું જ હોય છે તેમ પ્રભુસેવા પણ પુષ્ટિજીવની આવશ્યકતા છે. પ્રભુસેવાને મૂલવવા ફરજ કે કર્તવ્ય જેવા શબ્દો બહુ નાના પડે છે. પુષ્ટિજીવ જો પ્રભુસેવા કરતો નથી તો તેના અસ્તિત્વની નિરર્થકતા જ છે એ ચોક્કસ સમજવું.

સેવા કેવી રીતે કરવી ?

શ્રીમહાપ્રભુજી 'શાસ્ત્રાર્થનિબંધ પ્રકાશ-૪'માં આજ્ઞા કરે છે કે -

"શાસ્ત્રમવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્ય"

અર્થાત્ ભગવદ્શાસ્ત્રો (શ્રીમદ્ભાગવત વગેરે) તથા સ્વમાર્ગીય ગ્રંથો (તત્ત્વાર્થદીપ નિબંધ, ષોડશગ્રંથો વગેરે)નું સારી રીતે અવગાહન કરીને મન, વાણી અને દેહથી શ્રીકૃષ્ણસેવા કરવી.

વિશેષમાં આપશ્રી 'સર્વનિર્ણયનિબંધ કારિકા-૩૧૬'માં આજ્ઞા કરે છે કે -

અચ્છિદ્રસેવનાશ્ચૈવ નિષ્કામત્વાત્ સ્વયોગ્યતઃ ।
દ્રષ્ટું શકયો હરિઃ સર્વૈર્નાન્યથા તુ કથંચન્ ॥

સદા નિષ્કપટભાવે/નિષ્કામપણે અને સ્વયોગ્યતા અનુસાર નિરંતર ભગવદ્સેવા કરવાથી જ શ્રીહરિનું દર્શન શક્ય છે. આ સિવાય અન્ય બીજા કોઈપણ પ્રકારે શ્રીહરિનું દર્શન થવું શક્ય નથી. આ કારિકાની 'પ્રકાશ' ટીકામાં આપશ્રી વિશેષ સ્પષ્ટતા કરતાં આજ્ઞા કરે છે કે ભગવદ્સેવામાં અલ્પતા કે અધિકતાનું કોઈ પ્રયોજન નથી, કારણ કે સ્વશક્તિ કરતાં અધિક સેવા કરવા જતાં તે ભારરૂપ બની જાય છે અને સામર્થ્ય હોવા છતાં અલ્પ સેવા કરવાથી ભગવાન પ્રતિ કાપટ્ય દોષ ઉદ્ભવે છે. આથી પ્રભુસેવા સ્વસામર્થ્ય અનુસાર પ્રપંચરહિત-નિષ્કામભાવે સદા કરવી જોઈએ.

શ્રીસુબોઃ ૩-૨૩-૧ થી ૩માં સેવાસંબંધી વિશેષ પ્રકાશ પાડતાં, આપશ્રી આજ્ઞા કરે છે કે -

પતિવ્રતાનો એ જ ધર્મ છે કે પતિને રુચે તે સેવા. સેવા સ્નેહપૂર્વક કરવી જોઈએ. સાથે સેવ્યસ્વરૂપનું જ્ઞાન પણ હોવું જોઈએ. સ્વસ્વરૂપ, સેવ્યસ્વરૂપ અને સેવાસ્વરૂપના જ્ઞાનથી જ સેવાની યોગ્યતા આવે છે. પ્રેમપૂર્વક અને દીર્ઘકાલસુધી અહર્નિશ કરેલી સેવા જ ફલરૂપ બને છે. સેવામાં વેદનાયુક્ત વાણી કે વિચાર હોવો ન જોઈએ. વળી સેવા સર્વ ઈન્દ્રિયોના સંયમપૂર્વક કરવી જોઈએ. મન, વાણી અને ક્રિયામાં એકરૂપતા જળવાઈ રહેવી જોઈએ. કામ, ક્રોધ, લોભ વગેરે દોષોના ત્યાગસહિત કરવી જોઈએ. સેવા કરતાં નિત્ય સાવધ રહેવું પડે. ક્ષણવાર પણ પ્રમાદ થાય નહિ. અપરાધના ભયસહિત સાવધાનીપૂર્વક કરવી જોઈએ. સ્વામીના સુખનો નિરંતર વિચાર એનું નામ જ સેવા. આવી સેવા જ સ્વામીને સંતુષ્ટ કરે. આપણે કરીએ તે નહિ પરંતુ પ્રભુ સ્વીકારે તેનું નામ સેવા.

વિશેષમાં 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા' અર્થાત્ શ્રીગુરુદેવની આજ્ઞા અનુસાર પ્રભુસેવા કરવી જોઈએ. આપણા અલૌકિક દ્વાર એવા ચતુર્થગૃહની સેવાપ્રણાલિ મુજબ વ્રત-ઉત્સવ-ઋતુ અનુસાર સેવા કરવી જોઈએ. જો સેવાપ્રકાર જાણતા ન હોઈએ તો શ્રીવાલ્લભસિદ્ધાંતનિષ્ઠ વૈષ્ણવને પૂછીને કરવી પરંતુ મનકલ્પિત પ્રકારે, દુર્ભાવથી, અશ્રદ્ધાથી, દેખાદેખી, હઠાગ્રહથી કે આડંબરથી પ્રભુસેવા કરવી નહિ. પ્રભુ કૃપા કરીને કોઈ એક નિશ્ચિત ભાવનું દાન ન કરે ત્યાં સુધી માહાત્મ્યજ્ઞાનપૂર્વક દાસભાવે સહજસ્નેહથી સેવા કરવી જોઈએ.

શ્રીહરિરાયચરણ 'શિક્ષાપત્ર ૧૮-૧૨'માં આજ્ઞા કરે છે કે -

જેવી રીતે બ્રાહ્મણ ગાયત્રી જપે નહિ તો તેનું બ્રાહ્મણપણું જતું રહે છે તેમ બ્રહ્મસંબંધદીક્ષા પ્રાપ્ત કર્યા પછી પુષ્ટિજીવ જો ભગવદ્સેવા કરે નહિ તો તેની વૈષ્ણવતા જતી રહે છે. માટે શ્રીકૃષ્ણસેવા સ્વધર્મ સમજીને સદા કરવી પરંતુ કોઈ લૌકિક-વૈદિક ફલની અપેક્ષાથી, ભોગ, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ અર્થે કદી કરવી નહિ.

સેવાનો એક જ પ્રકાર - 'તનુવિત્તજા' :

શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાંતમુક્તાવલિ'માં આજ્ઞા કરે છે કે -

કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ।
ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધયૈ તનુવિત્તજા ॥

અર્થાત્ ચિત્તનું ભગવાનમાં પરોવાઈ જવું - એકતાન થવું તેનું નામ સેવા. આ માટે તનુવિત્તજા સેવા છે એટલે કે પોતાના દેહથી અને પોતાના ધનથી શ્રીકૃષ્ણસેવા સદા કરવી જોઈએ. સાધનરૂપ તનુવિત્તજા સેવા કરતાં અંતે ફલરૂપ માનસી સેવા સિદ્ધ થાય છે.

આ શ્લોકનું વ્યાખ્યાન કરતાં શ્રીગુસાંઈજી પ્રભુચરણ (વિવૃત્તિ) અને શ્રીપુરુષોત્તમજી મહારાજ (પ્રકાશ) ટીકામાં આજ્ઞા કરે છે કે -

અહીં શ્રીમહાપ્રભુજી 'તનુજા' અને 'વિત્તજા' એમ બે જુદા-જુદા પદ ન વાપરતાં 'તનુવિત્તજા' એમ એક સમસ્ત શબ્દપ્રયોગ કરે છે. તેનો અર્થ એ છે કે વેતન તરીકે બીજાને (મુખિયા, ભીતરીયા વગેરે) દ્રવ્ય આપીને જો સેવા કરાવવામાં આવે તો એવી કેવળ વિત્તજા સેવા ચિત્તને રાજસ કરે છે અને અહંકારપોષક બને છે અને તેથી ચિત્ત ભગવાનમાં પ્રવણ/એકતાન થતું નથી. એ જ રીતે વેતન તરીકે બીજાનું દ્રવ્ય (ભેટ, સામગ્રી, ન્યોછાવર વગેરે) લઈને જો સેવા કરવામાં આવે તો એવી કેવળ તનુજા સેવા પણ ભગવાનમાં ચિત્તને એકતાન કરતી નથી. દ્રવ્ય આપીને યજ્ઞ વગેરે કરવાનું, ઋત્વિગ્ને દક્ષિણા, વરણ વગેરે કરવાનું શાસ્ત્રવિધાન છે અને તેથી યજ્ઞ કરાવનાર યજમાનને ફલ પણ મળે છે પરંતુ ભક્તિમાર્ગમાં દ્રવ્ય આપીને ફલ પ્રાપ્ત થાય એમ ભગવાને ક્યાંય ઉપદેશ આપ્યો નથી. પરંતુ ભગવાને (શ્રીમદ્ભાગવતમાં ઉદ્ધવજીને ઉપદેશ આપતાં આત્મનિવેદન કરીને, પોતાનામાં દાસપણાની ભાવના રાખીને પ્રભુને સર્વસ્વનું સમર્પણ કરતાં જાતે જ પ્રભુસેવા કરવાની જે) આજ્ઞા કરી છે તે જ પ્રમાણે સેવા કરવી. આમ ભગવાને ઉપદેશેલ પ્રકારે સાધનરૂપ તનુવિત્તજા સેવા કરવામાં આવે તો જ એવી સેવા અંતે ફલરૂપ માનસી સેવા સિદ્ધ કરનારી થાય છે. માનસી સેવા સિદ્ધ થયા પછી પણ કરાતી સાધનરૂપ તનુવિત્તજા સેવા સાક્ષાત ફલરૂપા છે. પુષ્ટિભક્તિમાર્ગમાં સાધન અને ફલ જુદા નથી પરંતુ એક જ છે. સેવા સાધન પણ છે અને સેવા ફળ પણ છે.

આ પ્રકારે શ્રીગુસાંઈજી પ્રભુચરણ તથા શ્રીપુરુષોત્તમજી મહારાજના વચનો પરથી એ સ્પષ્ટ થાય છે કે કોઈને ભેટ-સામગ્રી અથવા પગાર આપીને કરાવવામાં આવતી ભાડૂતી સેવા તેમજ બીજા કોઈ પાસેથી ભેટ-સામગ્રી કે પગાર લઈને જાતે કરવામાં આવતી સેવા - આમ બે જુદા જુદા - તનુજા અને વિત્તજા સેવાના પ્રકાર પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાના રૂપમાં કોઈપણ રીતે સ્વીકાર્ય નથી જ.

પ્રભુસેવા પોતાને પ્રભુના સેવક માનીને કરવાની હોય છે અને જે કોઈ સ્વયં સેવા કરે છે તે જ સેવક કહેવાય છે. જે કોઈ વ્યક્તિ જાતે સેવા ન કરતો હોય પરંતુ કોઈના દ્વારા સેવા કરાવતો હોય તો તે સેવક નહિ પરંતુ માલિક ગણવામાં આવે છે. તે જ પ્રમાણે અંતઃપ્રેરણાથી સ્વધર્મ સમજીને જાતે સેવા ન કરતો હોય પરંતુ કોઈના કહેવાથી, લાચારીથી અથવા તો પૈસા કે પ્રતિષ્ઠાના લોભથી સેવા કરતો હોય તો તેને પણ સેવક કહેવામાં આવતો નથી. તે તો ભાડૂતી નોકર કે પગારદાર માણસ જ કહેવાય છે. ટૂંકમાં દેવોને પણ દુર્લભ એવી પરમધર્મરૂપ ભગવદ્સેવાને પારકા પૈસે તનુજા સેવા કરવાનો ધંધો બનાવનાર પાપી દેવલક બને છે. તેમજ વિત્તજા સેવા આપી ધર્મને ધંધો બનાવનારના પાપમાં ભાગીદાર થાય છે. આમ તનુજા અને વિત્તજા નામે બે જુદા જુદા પ્રકારની સેવા પુષ્ટિમાર્ગમાં સિદ્ધાંતરૂપે સર્વથા અમાન્ય જ છે એટલું જ નહિ પરંતુ પુષ્ટિસિદ્ધાંતથી સંપૂર્ણ વિરુદ્ધ છે. શ્રીમહાપ્રભુજીના સેવકોએ આવું સિદ્ધાંતવિરુદ્ધ કાર્ય કદાપિ કરવું જોઈએ નહિ.

વળી કેટલાક આધુનિક લેખકો-શાસ્ત્રીઓ-વિદ્વાનોએ તો તનુજા, વિત્તજા અને માનસી-આવી ત્રણ પ્રકારની સેવા મનકલ્પિતરૂપે ઉપજાવી કાઢી

છે. આવા સેવાના ત્રણ પ્રકારો શ્રીમહાપ્રભુજીએ ક્યારે પણ પ્રગટ કર્યા નહોતા. પુષ્ટિમાર્ગમાં તો સેવાનો એક જ પ્રકાર છે અને તે છે - 'તનુવિત્તજા'. એટલે કે સ્વતનથી અને સ્વવિત્તથી પોતાના ઘરમાં જ સર્વસ્વના સમર્પણપૂર્વક ગુપ્ત પ્રકારે કરાતી સેવા. વિશેષમાં છેલ્લા કેટલાક વર્ષોથી પુષ્ટિમાર્ગમાં પ્રચલિત એવી દૂધઘરની, મિશ્રીભોગની, કેવળ અનસખડીની વગેરે પ્રકારની સેવા શ્રીમહાપ્રભુજી અને ઉભય શ્રીપ્રભુચરણોએ ક્યારે પણ પ્રગટ કરી નહોતી એ નિર્વિવાદ સત્ય છે.

જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની સેવા જાતે જ કરે છે પરંતુ ભાડૂતી કે પગારદાર નોકરો પાસે કરાવતી નથી તેમ આપણા અલૌકિક પતિ એવા શ્રીકૃષ્ણની સેવા આપણે આપણા ઘરમાં જાતે જ કરવી જોઈએ. શ્રીઠાકોરજીની સેવા નિમિત્તે કંઈ પણ બીજાને અપાય નહિ અને તે નિમિત્તે બીજા કોઈ પાસેથી કંઈ લેવાય પણ નહિ. આ જ પુષ્ટિમાર્ગીય ભગવદ્સેવાનું સાચું સ્વરૂપ છે.

સેવામાં અપરસ શા માટે ?

દરેક ધર્મની પ્રણાલિકામાં શાસ્ત્રોક્ત ધર્માચરણની બાબતમાં શુદ્ધિ-અશુદ્ધિનો આગ્રહ સેવવામાં આવે છે. શાસ્ત્ર અનુસાર છ અંગો-દેશ, કાલ, દ્રવ્ય, કર્મ, મંત્ર અને કર્તાની શુદ્ધિ જરૂરી છે પરંતુ વર્તમાન કલિકાલમાં આ છ ની અશુદ્ધિ છે, જેનું વર્ણન શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં કર્યું છે. આમ છતાં ભગવદ્સેવામાં સ્વધર્માચરણ માટે શક્ય એટલી શુદ્ધતા-પવિત્રતા જાળવવા માટે 'અપરસ' પાળવામાં આવે છે.

'અપરસ' શબ્દ એ 'અસ્પર્શ' શબ્દનું અપભ્રંશરૂપ છે. અપરસ એટલે કોઈનો સ્પર્શ ન કરવો તે. લોકોને ન અડકવાના ઉદ્દેશથી અસ્પર્શ (અપરસ) પાળવાની નથી પરંતુ શ્રીકૃષ્ણનો સ્પર્શ કરવા માટે અસ્પર્શ (અપરસ) પાળવાની છે. 'અ' એટલે શ્રીકૃષ્ણ અને 'સ્પર્શ' એટલે અડકવું. જે પવિત્ર સ્થિતિમાં આપણા પ્રાણપ્રિય પ્રભુનો સ્પર્શ કરવાનો લાભ મળે તે અસ્પર્શ (અપરસ) કહેવાય છે.

સેવામાર્ગ કોમળ વેલ જેવો છે. તેની રક્ષા માટે બહારની વાડ જેવો કર્મમાર્ગ (આચાર/અપરસ) છે. વેલની રક્ષા માટે વાડ બંધાય છે, વાડ કરવા માટે વેલ ઉછેરાતી નથી. આમ પ્રભુસેવા માટે આચાર/અપરસ છે, અપરસ માટે ભગવાન નથી. સેવામાં જે કંઈ આચાર-વિચાર છે તે સર્વ કંઈ પ્રભુ સુખાર્થે છે તો તે પુષ્ટિમાર્ગ કહેવાશે. સેવામાં ભગવદ્સુખની મુખ્યતા છે અને તે માટે અનુકૂળ આચાર/અપરસ આવશ્યક છે. મેંડ/મરજાદ શ્રીમહાપ્રભુજીની કહેવાય

છે, શ્રીઠાકોરજીની નહિ. પ્રભુએ મરજાદ કે અપરસ પાળવાની નથી. પ્રભુએ મર્યાદા તોડી ત્યારે તો આપણા ઘેર પધાર્યા છે. પ્રભુ માટે તો કવળ સ્નેહની જ મરજાદ પાળવાની છે. સ્નેહની મર્યાદામાં જ પુષ્ટિપ્રભુ બંધાય છે. અપરસ/મેંડ છોવાય છે, શ્રીઠાકોરજી છોવાતા નથી. આમ અપરસ એક પ્રકારનો આચાર છે. આચારથી બાહ્યશુદ્ધિ થાય છે અને આંતરશુદ્ધિમાં તે ઉપકારક છે. સમર્પિત જીવન જીવવું એ વિચાર છે. આચાર-વિચારની એકરૂપતા હોવી સેવામાં ખૂબ જ અનિવાર્ય છે.

સેવામાં શું અંગીકાર થાય ?

સેવામાં ત્રણનો વિશેષ અંગીકાર છે - રાગ, ભોગ અને શૃંગાર. રાગ એટલે કીર્તન. પ્રભુ જાગે ત્યારથી પોઢે ત્યાં સુધી ઋતુ અનુસાર કીર્તનની એક સુવ્યવસ્થિત પ્રણાલી પુષ્ટિમાર્ગમાં છે. પ્રભુસુખાર્થે તેમજ પ્રસન્નાર્થે જ ઋતુ અને ઉત્સવ અનુસાર પ્રભુસન્મુખ કીર્તન અવશ્ય કરવાં જોઈએ.

ઋતુ અનુસાર પ્રાપ્ત થતી ઉત્તમ સામગ્રી, ફળ, ફૂલ વગેરે પણ પ્રભુને અંગીકાર કરાવવાં જોઈએ. કાંદા, લસણ, ગાજર, મૂળા, કોબીજ, ફૂલાવર, લાલ ટામેટા, મસૂરની દાળ, તડબૂજ વગેરે રૂપ-રંગ-ગંધ દુષ્ટ પદાર્થો પ્રભુને અંગીકાર થતાં નથી. વિશેષમાં સુંદર તથા સુગંધી પુષ્પોનો જ પ્રભુ અંગીકાર કરે છે. તીવ્ર વાસયુક્ત અથવા સુગંધરહિત પુષ્પો પણ ધરાતા નથી. લીલો મેવો પણ આખો ને આખો ધરવાને બદલે શુદ્ધ જળથી સ્વચ્છ કરીને પછી સુંદર રીતે સિદ્ધ કરીને જ પ્રભુને ધરવો જોઈએ. વસ્ત્ર, શૃંગાર વગેરે પણ ઋતુ અને ઉત્સવ અનુસાર તેમજ આપણા ગુરુગૃહની સેવાપ્રણાલી અનુસાર કરવાં જોઈએ. આમ રાગ-ભોગ અને શૃંગાર કેવળ સ્વામીના સુખ માટે જ છે એ સદા યાદ રાખવું જોઈએ.

સેવાકર્તા માટે ચારનો ત્યાગ :

પુષ્ટિભક્તિમાર્ગમાં પ્રવેશ કર્યા પછી પ્રારંભિક અવસ્થામાં પુષ્ટિજીવે નીચેના ચારનો ત્યાગ કરવો અતિ આવશ્યક છે :-

(૧) અન્યાશ્રયત્યાગ (૨) અસમર્પિત ત્યાગ (૩) દુઃસંગ ત્યાગ અને (૪) અસદ્ આલાપ ત્યાગ. સેવ્યસ્વરૂપમાં સ્નેહ અને અનન્યતા વધારવા સેવા કરનારે આ ચારનો ત્યાગ કરવો અનિવાર્ય છે.

(૧) **અન્યાશ્રય ત્યાગ :** ભગવાન શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈપણ દેવ-દેવીના સામે ચાલીને દર્શન કરવા જવું, વ્રત-જપ, પૂજન, હોમહવન કે આશ્રય કરવો કે કરાવવો તેને અન્યાશ્રય કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય-શ્લોક ૧૪'માં આજ્ઞા કરે છે કે -

અન્યસ્ય ભજનં તત્ર સ્વતોગમનમેવ ચ ।
પ્રાર્થના કાર્યમાત્રેપિ તથાન્યત્ર વિવર્જયેત્ ॥

અર્થાત્ અન્ય કોઈપણ દેવી-દેવતાઓનું ભજન કરવું, સ્વયં સામે ચાલીને અથવા કોઈની પ્રેરણાથી તેના દર્શન કરવા જવું તથા પોતાની કોઈપણ લૌકિક-વૈદિક કામનાઓ પૂર્ણ કરવા પ્રાર્થના કે માગણી કરવી - આ અન્યાશ્રય હોઈ તેનો ત્યાગ કરવો.

અન્યાશ્રય થવામાં મુખ્ય છ કારણો છે -

(ક) **અસંતોષ :** જે વ્યક્તિના જીવનમાં કદી સંતોષ નથી અને ગમે તેટલી ધનસંપત્તિ, માન-પ્રતિષ્ઠા કે અધિકાર પ્રાપ્ત થાય તોપણ પોતાને સદા દુઃખી જ માનતો રહે છે તેમજ વધુ કામનાઓની પૂર્તિ અર્થે ધૈર્ય ગુમાવી બેસીને અન્ય દેવી-દેવતાઓ કે ગ્રહોના મંત્ર-જપના ચક્કરમાં પડી જઈ આપ મેળે અથવા તો કોઈની પ્રેરણાથી અન્યાશ્રય કરતો હોય છે.

(ખ) **ભય :** વૈષ્ણવી દીક્ષા લેતા પહેલાં કુળપરંપરાથી ચાલી આવતી કેટલીક દેવી-દેવતાઓની પૂજા, રોગાદિ ઉપદ્રવ વખતે રાખવામાં આવતી બાધા / માનતાઓ વગેરે વૈષ્ણવી દીક્ષા લીધા પછી પણ ચાલુ રાખવી તેમજ આ બધું અચાનક બંધ કરવાથી દેવી-દેવતાઓ કોધિત થઈ અનિષ્ટ કરશે એવા ભયથી પણ અન્યાશ્રય કરતા હોઈએ છીએ. પરંતુ આપણે એ વાત સારી રીતે સમજવી જોઈએ કે જેમ રાજાના શરણે ગયેલ વ્યક્તિનું રાજ્યના પ્રધાનો કે નોકર-ચાકરો કંઈ જ બગાડી શકતા નથી તેમ દેવાધિદેવ એવા પરબ્રહ્મ-પુરુષોત્તમ શ્રીકૃષ્ણના શરણે ગયેલ વ્યક્તિનું અન્ય કોઈ દેવી-દેવતા અનિષ્ટ કરી શકતા નથી. વૈષ્ણવી દીક્ષા લીધા પછી ઘરમાં રાખેલા દેવી-દેવતાની મૂર્તિઓ કે ફોટાઓને તેના યોગ્ય સ્થાને આદરપૂર્વક પધરાવી દઈને એકમાત્ર શ્રીકૃષ્ણના જ આશ્રયે રહેવું જોઈએ.

(ગ) **અવિશ્વાસ :** રાવણપુત્ર ઈન્દ્રજિતે હનુમાનજીને બાંધવા છોડેલ બ્રહ્માસ્ત્રનો આદર કરવા હનુમાનજી તેમાં બંધાયા હતા. પરંતુ હનુમાનજીનું અદ્વિતીય પરાક્રમ પ્રત્યક્ષ જોતાં, ઈન્દ્રજિતને બ્રહ્માસ્ત્રના બંધનમાં અવિશ્વાસ પેદા થતાં લોખંડની સાંકળોથી હનુમાનજીને બાંધવા પ્રયત્ન કર્યો. આમ ઈન્દ્રજિતને બ્રહ્માસ્ત્ર જેવા અમોઘ શસ્ત્ર ઉપર અવિશ્વાસ આવતાં તેનું બંધન છૂટી ગયું અને તત્કાલ હનુમાનજી મુક્ત થઈ ગયા તથા સમગ્ર લંકાને બાળી નાખી. આમ અવિશ્વાસનું પરિણામ કેટલું ભયંકર હોય છે તે આ પ્રસંગ પરથી સમજી શકાય છે. આથી જ શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય-શ્લોક ૧૫'માં આજ્ઞા કરે છે કે -

અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ॥

અર્થાત્ ભગવદ્માર્ગમાં અવિશ્વાસ સર્વથા બાધક હોઈ, પ્રભુ ઉપર ક્યારે પણ અવિશ્વાસ કરવો નહિ.

(ઘ) **દુઃસંગ :** રોગગ્રસ્ત વ્યક્તિના સંગથી જેમ નિરોગી માણસ પણ માંદો પડે છે તેમ દુઃસંગથી ભગવદ્સેવા-સ્મરણમાં પણ ભાવ ઘટે છે, સ્વમાર્ગીય નિષ્ઠામાં ઓટ આવે છે અને પ્રભુથી બહિર્મુખ થવાય છે. આમ દુઃસંગ અન્યાશ્રય કરાવવામાં સહયોગ આપે છે.

(ચ) **સ્વમાર્ગીય સિદ્ધાંતોનું અજ્ઞાન :** જેમ રાજમાર્ગ / હાઈવે ઉપર નિર્ભયપણે ચાલવા માટે સૂચનાઓ, સંકેતો અને ખતરાની નિશાનીઓ મૂકવામાં આવે છે. તેમ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત પુષ્ટિમાર્ગમાં સુવ્યવસ્થિત રીતે ચાલવા વૈષ્ણવજનો માટે સ્વમાર્ગીય સિદ્ધાંતોનું જ્ઞાન હોવું અતિ આવશ્યક છે. સાચા જ્ઞાનના અભાવે જીવ અન્યાશ્રય કરતો હોય છે.

(છ) **ભગવદ્સ્વરૂપનું અજ્ઞાન :** ભગવદ્સ્વરૂપનું માહાત્મ્ય જ્ઞાન કરાવતા શ્રીમદ્ભાગવત, ગીતાજી, વૈષ્ણવ વાર્તાગ્રંથો વગેરેમાં નિરૂપિત પ્રભુના સ્વરૂપ, ગુણ અને લીલાના જ્ઞાનના અભાવે પણ જીવ અન્યાશ્રય કરતો હોય છે.

વિશેષમાં અન્યાશ્રય અતિ સૂક્ષ્મ છે. તે ત્રણ પ્રકારે થાય છે - મન, વાણી અને ક્રિયાથી. તેના દૃષ્ટાંતો ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં મળે છે.

મનથી અન્યાશ્રય : શ્રીમહાપ્રભુજીના સેવક દામોદરદાસ સંભરવાળા (૮૪ વૈ. વાર્તા-૩)ની સ્ત્રીને શ્રીમહાપ્રભુજીએ પુત્રપ્રાપ્તિના આશીર્વાદ આપેલા, છતાં પાડોશમાં રહેતી અન્યમાર્ગીય સ્ત્રીઓના સંગથી તેમની દાસીએ આંગણે આવેલા જ્યોતિષીને પુત્ર કે પુત્રી સંતાન જાણવા પ્રશ્ન કર્યો.

દામોદરદાસના સ્ત્રીનાં મનમાં હર્ષ સાથે સંમતિસૂચક ભાવ પ્રગટ થયો અને પરિણામે પુત્ર મ્લેચ્છ જન્મ્યો. મનથી કરેલા અન્યાશ્રયનું આ ફળ છે.

વાણીથી અન્યાશ્રય : શ્રીગુસાંઈજી પ્રભુચરણના સેવકિની એક બ્રાહ્મણી (૨૫૨ વૈ. વાર્તા-૩૮)એ પોતાના સેવ્યસ્વરૂપના દર્શન જમીન માપવા આવેલા એક અન્યમાર્ગીયને કરાવ્યા અને જ્યારે તેણે જમીન પામતાં આ બ્રાહ્મણીની જમીન સહેજ છોડી દીધી ત્યારે આ સમાચાર સાંભળી બ્રાહ્મણીએ તેનું અહેસાન વાણીમાં પ્રગટ કર્યું. પરિણામે શ્રીઠાકોરજી અંતર્ધાન થઈ ગયા. વાણીથી થયેલા અન્યાશ્રયનું આ ફળ છે.

ક્રિયાથી અન્યાશ્રય : શ્રીગુસાંઈજી પ્રભુચરણના સેવકિની ગુજરાતના પતિ-પત્ની (૨૫૨ વૈ. વાર્તા-૨૧૩)એ પાડોશમાં રહેતા અન્યમાર્ગીયના ઘેર પૂજાનો વૈભવ જોઈ, એક દિવસ પત્ની કુળદેવી લાવી અને પૂજાનો સામાન લેવા પતિને બજારમાં મોકલ્યા. ગાંધીની દુકાનેથી પૂજાનો સામાન ખરીદતાં ભૂલથી પોતાની પૈસાની થેલી મૂકીને દુકાનદારની રૂપિયાની થેલી લઈને ઘેર આવ્યા. પરિણામે ચોરીનો આરોપ આવતાં, રાજદરબાર દ્વારા મુંડન કરાવી અવળે ગધેડે બેસાડી ગામમાં ફેરવવાનો દંડ થયો. આમ પત્નીએ અન્યમાર્ગીયના સંગથી કરેલા અન્યાશ્રયનું પતિએ ક્રિયામાં આચરણ કરતાં શિક્ષા/દંડ ભોગવવો પડ્યો. આ ક્રિયાના અન્યાશ્રયનું ફળ છે.

વિશેષમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં સમયાનુકૂલ બાંધછોડ કરવી, સમાધાન કરી સ્વચ્છંદ આચરણ કરવું, અપસિદ્ધાંતો ચલાવી લેવા, લોકભય કે નિંદાથી સ્વધર્માચરણમાં મનકલ્પિત છૂટછાટો લેવી, ડગવું, ડરવું કે દબાઈ જવું - આ બધું જ અન્યાશ્રય છે. સ્વસુખ, સુવિધા, કાર્યસિદ્ધિ વગેરેમાં બીજા ઉપયોગી થશે એવી મનમાં ભાવના વિચારવી, લોકસંબંધો સાચવવા કે ઈચ્છા સેવવી - એ પણ અન્યાશ્રયનું જ રૂપ છે. સર્વ અપરાધોમાં અન્યાશ્રય મહાબાધક છે.

(૨) **અસમર્પિત ત્યાગ :** બ્રહ્મસંબંધદીક્ષા લીધા પછી ભગવદ્‌સેવા દ્વારા સમર્પિત જીવન જીવવાની પ્રતિજ્ઞા લેનાર પ્રત્યેક પુષ્ટિજીવે અસમર્પિત

વસ્તુનો ત્યાગ કરવો અનિવાર્ય છે. શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાંતરહસ્ય શ્લોક-૪'માં આજ્ઞા કરે છે કે -

અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેત્ ।

અર્થાત્ અસમર્પિત વસ્તુના ઉપયોગથી મન, બુદ્ધિ વગેરે પ્રભુથી બહિર્મુખ થાય છે, કારણ કે પ્રભુને સમર્પિત ન હોય તેવી વસ્તુમાત્ર દોષયુક્ત હોય છે. આથી સ્વમાર્ગીય દીક્ષા લેનાર પ્રત્યેક પુષ્ટિજીવે અસમર્પિત વસ્તુના ઉપયોગનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ.

(૩) **દુ:સંગત્યાગ :** શ્રીમહાપ્રભુજી 'શ્રુતિગીતા-કારિકા ૯'માં આજ્ઞા કરે છે કે -

અસત્સંગો ન કર્તવ્યો ભક્તિમાર્ગસ્ય બાધકઃ ।

અર્થાત્ અસત્સંગ એટલે કે દુ:સંગ ભક્તિમાર્ગમાં બાધક છે માટે તેનાથી સર્વથા દૂર રહેવું.

વળી મહાનુભાવ શ્રીહરિરાયચરણ 'શિક્ષાપત્ર : ૩-૮'માં આજ્ઞા કરે છે કે -

જે કોઈ શ્રીમહાપ્રભુજીના વચનોથી વિપરીત વાતો કરતો હોય અથવા સંસારમાં રુચિ વધારવાની વાતો કરતો હોય તો તે તેવા લોકોનો સંગ દુ:સંગ જાણવો. ભીષ્મ પિતામહ, જડભરતજી વગેરેને દુ:સંગથી જ ભગવદ્‌પ્રાપ્તિમાં અંતરાય પડ્યો હતો માટે દુ:સંગથી સદા ડરતા રહેવું અને દૂરથી જ તેનો ત્યાગ કરવો.

(૪) **અસદ્‌આલાપ ત્યાગ :** શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણયનિબંધ - કારિકા ૨૩૫'માં આજ્ઞા કરે છે કે -

વૃથાલાપક્રિયાધ્યાનં સર્વથૈવ પરિત્યજેત્ ।

અર્થાત્ વૃથા આલાપ (ભગવદ્ સંબંધ વિનાની વાતો), વૃથા ક્રિયા (ભગવદ્ સંબંધ વિનાની ક્રિયા) તથા વૃથાધ્યાન (ભગવદ્‌સંબંધ વિનાના વિચારો-સ્મરણ વગેરે)નો સર્વ રીતે ત્યાગ કરવો.

જેમ કોઈ વિદ્યાર્થી વિચારે કે તેનું મન વિદ્યાભ્યાસમાં લાગી જશે ત્યારે ઈતર પ્રવૃત્તિઓ જેવી કે રમતગમત, ટી.વી., સિનેમા વગેરે આપોઆપ છૂટી જશે, તો શા માટે અગાઉથી છોડવાનો પ્રયત્ન કરવો જોઈએ ? આવું વિચારીને બેસી રહેનાર વિદ્યાર્થીનું મન કદી વિદ્યાભ્યાસમાં લાગી શકવાનું નથી તથા અભ્યાસને હાનિ પહોંચાડનારી ઈતર પ્રવૃત્તિઓ પણ કદી છૂટી શકવાની નથી. તેવી જ

રીતે પ્રભુમાં આપોઆપ મન લાગી જશે એવી રાહ જોઈને કોઈ વૈષ્ણવ ઉપરોક્ત દર્શાવેલા અન્યાશ્રય-અસમર્પિતભોગ વગેરેનો જો ત્યાગ કરે નહિ તો તેનું મન કદી પ્રભુમાં લાગશે જ નહિ અને અન્યાશ્રય વગેરે દોષો કદી છૂટશે પણ નહિ, પરંતુ અધઃ પતન અવશ્ય થશે જ. આથી પુષ્ટિભક્તિ / સેવા કરવા ઈચ્છુક સેવકજને તો અન્યાશ્રય વગેરે દોષોનો પ્રથમથી જ ત્યાગ કરવો જોઈએ.

સેવામય / સમર્પિત જીવન એટલે શું ?

એક સ્ત્રી લગ્ન કરીને તેનું તન, મન અને ધન તેના પતિને સોંપે છે. પત્નીનું પતિને આ એક પ્રકારનું સમર્પણ છે. એ જ પ્રકારે શ્રીગુરુદેવ સન્મુખ બ્રહ્મસંબંધદીક્ષા સમયે કરેલ મૌખિક આત્મનિવેદનની પ્રતિજ્ઞાનું વાસ્તવિક પાલન સ્વગૃહે ભગવદ્‌સ્વરૂપ પધરાવીને સર્વસ્વનું સમર્પણ કરવાથી જ થાય છે. આપણા પરિવારના એક સ્વજન રૂપે પુષ્ટિપ્રભુ આપણા ઘેર પધારે છે. પ્રભુ મારા છે અને હું પ્રભુનો છું એવી દઢ ભાવના સાથે આપણી માલિકીનું જે કંઈ છે તે સઘળું આપણા અલૌકિક સ્વામી શ્રીકૃષ્ણની સેવામાં અંગીકાર કરાવીને પછી પ્રસાદીરૂપે ઉપયોગમાં લઈ આપણે જીવન જીવીએ તેને સમર્પિત જીવન કહેવામાં આવે છે. આપણા જીવનની સમગ્ર ક્રિયા, વાણી-વર્તન-વ્યવહાર-બધું જ પ્રભુસેવાર્થે બને તેને જ સેવામય જીવન અર્થાત્ સમર્પિત જીવન કહેવાય છે.

સમર્પિત જીવન માટે કેટલી અનિવાર્યતાઓ પણ છે -

(૧) પ્રભુ પ્રતિ આપણો અનન્યતાને દઢ સંબંધ હોવો આવશ્યક છે. આપણા સેવ્ય સ્વરૂપ સિવાય અન્ય સંબંધની લેશમાત્ર ગંધ કે વિચાર આપણી અનન્યતાનો ભંગ કરનાર છે.

(૨) આપણા સેવ્યસ્વરૂપમાં આપણી અચલ શ્રદ્ધા અને નિષ્ઠા અખંડ રહેવી જોઈએ. પ્રભુ મારા સ્વામી છે અને હું પ્રભુનો દાસ છું એવી નિષ્ઠા સાથે પતિવ્રતાધર્મનું સતત ભાન રાખવું જોઈએ. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાનો પતિ ગમે તેવો કેમ ન હોય પરંતુ તેને છોડીને પરપુરુષમાં ક્યારે પણ પોતાનું મન ચલિત કરતી નથી તેમ આપણા અલૌકિક પતિ શ્રીકૃષ્ણને છોડી અન્ય કોઈ દેવ-દેવીમાં આસ્થા રાખવી એ આપણા પતિવ્રતા ધર્મને હાનિ પહોંચાડે છે અને ભગવદ્‌નિષ્ઠાથી વિચલિત કરે છે.

(૩) જેમ પતિ-પત્ની વચ્ચે સાચો સ્નેહ હશે તો જ પરસ્પર સમર્પિત થઈ જીવન જીવી શકશે તેમ આપણા સેવ્યસ્વરૂપમાં સાચો સ્નેહ હશે તો જ

સાચું સમર્પણ થઈ શકશે. પ્રભુને સ્વાર્થનું કે વેપારનું સાધન બનાવીશું તો સમર્પણ નહિ થાય. સ્નેહ એ જ સમર્પણનો મુખ્ય આધાર છે.

(૪) પ્રભુમાં સ્નેહ કેવળ મનમાં હોય અથવા કેવળ વાણીમાં જ પ્રગટ થાય એ પૂરતો નથી. સાચા સ્નેહની અભિવ્યક્તિ ક્રિયામાં પણ હોવી અનિવાર્ય છે. પ્રભુસેવા એ જ પ્રભુ પ્રત્યેના સાચા સ્નેહની ક્રિયાત્મક અભિવ્યક્તિ છે. જેમ પતિવ્રતા સ્ત્રી સ્વપતિની સેવામાં જ પોતાનું સુખ માને છે તેમ પુષ્ટિભક્તે પણ પ્રભુસેવામાં જ પોતાનું સુખ માનવું જોઈએ. પ્રભુસેવા દ્વારા જ અસમર્પિતનો આપોઆપ ત્યાગ થઈ જાય છે. સેવાના કારણે અન્યાશ્રયથી પણ બચી શકાય છે. સેવાના અનવસરમાં સત્સંગ કે ભગવદ્ ગુણગાન કરવાથી દુઃસંગ અને અસદાલાપથી પણ અળગા રહી શકાય છે. આ પ્રમાણે સેવા કરનારનું સમગ્ર જીવન-જીવનની પ્રત્યેક પળ પ્રભુ માટે જ વ્યતીત થાય છે. આમ સઘળો જીવન વ્યવહાર પ્રભુ નિમિત્તે કરવાથી સેવામય/સમર્પિત જીવન કહેવાય છે.

આપણામાં એવી ગેરસમજ પ્રવર્તે છે કે ભોજનના પદાર્થો પ્રભુને ભોગ ધરીને લઈએ એટલે સમર્પિત થઈ ગયા એમ કહેવાઈએ. દુર્ભાગ્યે આપણે શ્રીગુરુદેવ સન્મુખ આજ્ઞા લેવા જતી વેળા પણ આ જ ભાષામાં વિનંતિ કરીએ છીએ કે ‘જૈ જૈ, હવે મારે સમર્પિત લેવું છે. (સમર્પિત જીવવું નથી ?) આવા પ્રકારના મુખરતા દોષો (વાણીના અપરાધો) આપણા સ્વમાર્ગીય જ્ઞાનની અજ્ઞાનતા અને અધૂરી સમજ દર્શાવે છે. કેવળ ભોજનના પદાર્થો જ નહિ પરંતુ જીવનપયોગી સર્વ વસ્તુઓનો સર્વ પ્રથમ ભગવદ્‌વિનિયોગ થવો જરૂરી છે. આમ થયા બાદ ભગવદ્ પ્રસાદી વસ્તુઓથી આપણે જીવન-નિર્વાહ કરીએ તો જ સમર્પિત જીવન કહેવાય. બ્રહ્મસંબંધ દીક્ષા સમયે પ્રત્યેક પદાર્થ-દેહ, ગેહ, દારા, ધન, આત્મા, ઈન્દ્રિય, આલોક, પરલોક વગેરેનું પ્રભુને સમર્પણ કરવાની જે મૌખિક પ્રતિજ્ઞા શ્રીગુરુ સન્મુખ લીધી છે તેનું અક્ષરશઃ વ્યવહારિક પાલન પ્રભુસેવામાં આ સર્વનું સમર્પણ કરવાથી જ થાય છે. કેવળ દેખાદેખી બ્રહ્મસંબંધ લઈ લીધું અને શ્રીગુરુ સન્મુખ બ્રહ્મસંબંધ મંત્ર બોલી ગયા એટલે સમર્પણ થઈ જતું નથી. માત્ર સમર્પિત પ્રસાદી ભોજન લેવાથી પણ પૂરું સમર્પણ થતું નથી. પ્રભુસુખાર્થે-ફક્ત પ્રભુ માટે જ આપણે જીવન જીવીએ ત્યારે જ સમર્પિત જીવન જીવ્યા એમ કહેવાય.

સેવા કરનારે (મરજાદી વૈષ્ણવે) એકાદશી-જ્યંતિવ્રત કરવાં જોઈએ ?

શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણયનિબંધ-કારિકા ૨૪૫'માં આજ્ઞા કરે છે કે -

એકાદશ્યુપવાસાદિ કર્તવ્યં વેધવર્જિતમ્ ।
તથા કૃષ્ણાષ્ટમી ચાપિ સપ્તમી વેધવર્જિતા ।
અન્યાન્યપિ તથા કુર્યાદુત્સવો યત્ર વૈ હરેઃ ॥

અર્થાત્ વૈષ્ણવોએ એકાદશી ઉપવાસ વેધરહિત કરવા. શ્રીકૃષ્ણજન્માષ્ટમી પણ સપ્તમીના વેધરહિત કરવી. અન્ય જયંતિવ્રતો- શ્રીરામનવમી, શ્રીનૃસિંહચતુર્દશી તથા શ્રીવામનદ્વાદશી - જેમાં શ્રીહરિના ઉત્સવ હોય તેમ આ વ્રતો શુદ્ધ હોય તે પ્રકારે કરવાં.

આ કારિકાની 'પ્રકાશ' ટીકામાં આપશ્રી વધુ સ્પષ્ટતા કરતાં આજ્ઞા કરે છે કે જો એકાદશી અને વામનદ્વાદશી એમ ઉભય ઉપવાસ થાય તો ઈષ્ટ જ છે પરંતુ જો તેમ કરવાનું સામર્થ્ય ના હોય અને એક જ ઉપવાસ થઈ શકે તેવું સામર્થ્ય હોય તો એકાદશીના ઉપવાસનો ત્યાગ કરીને પણ વામન દ્વાદશીના વ્રત-ઉપવાસ કર્તવ્ય છે. ઉત્સવ પ્રધાનભૂત છે પરંતુ ભોજન કરીને ઉત્સવ કરવો નિષિદ્ધ છે, કારણ કે ભોજન કરવાથી ચિત્તમાં ભગવદાવેશ રહેતો નથી.

બાર માસની એકાદશી અને અધિક માસની બે એકાદશી - એમ મળીને કુલ છવીસ એકાદશી વ્રતો તથા ભગવદ્ અવતારો પૈકી - મુખ્ય ચાર અવતારો - શ્રીકૃષ્ણજન્માષ્ટમી, શ્રીરામનવમી, શ્રીનૃસિંહચતુર્દશી અને શ્રીવામનદ્વાદશી - એમ ચાર જયંતિ વ્રતો શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્યા છે. અવતારી ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય તો નિઃસાધન જીવોના ઉદ્ધારાર્થે હતું જ પરંતુ બાકીના આ ત્રણ અવતારોમાં પણ ભગવાને સ્વભક્તો ઉપર કૃપા (પુષ્ટિ) કાર્યો કર્યા છે. આથી આ ચાર જયંતિવ્રતોને - શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં સ્વીકાર્યા છે. આથી વૈષ્ણવોએ એકાદશીવ્રત તેમજ આ ચારજ્યંતિવ્રતો પણ અવશ્ય કરવા જોઈએ. આ સિવાયના શિવરાત્રિ, નવરાત્રિ વગેરે કામ્યવ્રતો પુષ્ટિમાર્ગમાં સંપૂર્ણ ત્યાજ્ય છે.

વ્રત-ઉપવાસના દિવસે પ્રસાદી દૂધ તથા ફલાહાર લેવો ઉત્તમ ગણાય છે. આમ છતાં દેહધર્મો બાધક બને તો વ્રતના દિવસે માન્ય કરેલો આહાર જેમકે રાજગરો-શિંગોડાનો લોટ, સૂરણ-બટાટા-રતાળુ વગેરે શાકભાજી, દૂધ અને દૂધઘરની સામગ્રી વગેરે લઈ શકાય છે. પરંતુ આ બધું જ પ્રભુને ભોગ ધરીને જ લેવું જોઈએ, અસમર્પિત તો ન જ લેવાય. એકાદશીના દિવસે શ્રીઠાકોરજી સખડી પણ આરોગે અને એકાદશી-વ્રત નિમિત્તનો ફલાહાર પણ આરોગે. શ્રીઠાકોરજી કંઈ એકાદશી કરતા નથી. તેથી શ્રીઠાકોરજી બંને સામગ્રી આરોગે છે. પરંતુ આપણે તો કેવળ સમર્પિત ફલાહાર કે વ્રતસંબંધી જુદી સમર્પિત કરેલી પ્રસાદી સામગ્રી જ લેવી જોઈએ, અન્નાહાર તો ન જ લેવાય. કેટલાક મરજાદી વૈષ્ણવો એમ કહેતા ફરે છે કે એકાદશીના દિવસે શ્રીઠાકોરજી સખડી આરોગે છે માટે આપણે પણ સખડી-પ્રસાદ લઈ શકીએ ! શ્રીઠાકોરજીએ દાવાનળનું પાન કર્યું, તો શું આપણે પણ તેમ કરી શકીશું ? શ્રીઠાકોરજીએ તો શ્રીગિરિરાજ ધારણ કર્યો હતો, એટલે આપણે એકાદ ભારે પથ્થર ઉપાડવા જઈશું તો આપણા કમરના મણકા જ ખસી જશે ! ભગવદ્ચરિત્રનું અંધ અનુકરણ થાય નહિ, કેવળ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું જ અનુસરણ આપણે કરવું જોઈએ. પુષ્ટિસિદ્ધાંતોથી વિપરીત-ભ્રામક વાતો કરી વૈષ્ણવોને ગેરમાર્ગે દોરનારી આવી વ્યક્તિઓના સંગથી દૂર રહેવું જોઈએ.

વિશેષમાં બારે માસની તેમજ અધિક માસની એકાદશી-વ્રતકથા તેમજ ભગવદ્અવતારોનું પ્રાગટ્ય, માહાત્મ્ય અને સ્વભક્તો પર કૃપા કર્યાના લીલાચરિત્રો આપણા પુરાણાદિ ધર્મગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. જો કે પુષ્ટિમાર્ગમાં તો ભગવદ્સેવામાં જ સર્વ વ્રત, તપ, જપ, નિયમ વગેરે સમાઈ જાય છે, તોપણ જ્યાંસુધી આ દેહ છે અને દેહાધ્યાસ-દેહાભિમાન રહેલું છે એટલે કે આ દેહને જ આત્મારૂપે સમજીએ છીએ ત્યાંસુધી વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરવું અતિ આવશ્યક છે એમ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોઃ ૩-૨૮-૨માં આજ્ઞા કરે છે.

સેવા કેવા દ્રવ્યથી કરવી ?

શ્રીમહાપ્રભુજી શ્રીભાગવત - સુબો : ૧૦-૭૦ (૭૩)-૧૦માં આજ્ઞા કરે છે કે -

સંપત્તિ શ્રેય છે એ ખરું પરંતુ ધર્મમૂલક હોય તો જ. તેનું મૂળ ધર્મ વગેરે છે. સંપત્તિ ધર્મમૂલક ન હોય પણ અધર્મથી પ્રાપ્ત કરેલી હોય તો ક્ષણમાં જતી રહે છે.

ઉપરોક્ત વચનોનું સદા સ્મરણ રાખીને ધર્મમાર્ગે નીતિ તથા સદાચારનું પરિપાલન કરતાં પ્રાપ્ત કરેલ દ્રવ્યથી જ પ્રભુસેવા કરવી. વિશેષમાં સ્વપરસેવાની કમાણીથી તેમજ કલેશરહિત અને અન્યના હૃદયને દુઃખ પહોંચાડ્યા વિના પ્રાપ્ત કરેલ કમાણીના દ્રવ્યથી પ્રભુસેવા કરવી. સેવાના અનઅવસરમાં અર્થાત્ રાજભોગથી ઉત્થાપન સુધીના ગાળા દરમિયાન અવશિષ્ટ (બાકી રહેતા) સમય દરમિયાન પ્રાપ્ત થતા દ્રવ્યની કમાણીથી પ્રભુસેવા કરવી ઉત્તમ છે. દ્રવ્યપ્રાપ્તિના વિચારથી લઈને દ્રવ્ય પ્રાપ્ત કર્યા પછી ભગવદ્સેવામાં વિનિયોગ

થાય ત્યાં સુધી કેવળ ભગવદ્સુખના જ અખંડ વિચારપૂર્વક પ્રભુસેવા કરવી.

દ્રવ્ય, લક્ષ્મી, ધન, અર્થ, પૈસો વગેરે શબ્દો ગુજરાતી ભાષામાં સમાનાર્થી છે. લૌકિક જીવનમાં મનુષ્યો આ નાશવંત દ્રવ્યને જ પ્રાપ્ત કરવામાં તથા પ્રાપ્ત કર્યા બાદ સાચવવામાં જીવન વેડફી નાખે છે. આથી શ્રીમહાપ્રભુજી સાચું જ કહે છે કે -

'અર્થ' પણ ભગવાન શ્રીકૃષ્ણ જ છે. તેનું ગુપ્ત રીતે સંરક્ષણ કરવું જોઈએ. મનુષ્ય તો તેનું જ સંરક્ષણ કરે છે કે જ્યાં નિરંતર તેનું મન લાગ્યું રહે છે. જો આ ગોપનીય અર્થ (ભગવાન શ્રીકૃષ્ણ)ની સંરક્ષામાં એક ક્ષણનો પણ પ્રમાદ થાય તો 'અર્થ' ચાલ્યો જાય છે. (શ્રીસુબો : ૧૦-૪૪ (૪૭)-૩૬)

કેવા દ્રવ્યથી સેવા ન કરવી ?

(૧) દેવું કરીને ઉધાર લાવેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૨) કોઈની આંતરડી કકડાવીને કે રક્તશોષણ કરીને પ્રાપ્ત કરેલ કમાણીના દ્રવ્યથી સેવા ન કરવી.
(૩) અનીતિ, લાંચરૂશ્વત, ભ્રષ્ટાચાર વગેરેથી પ્રાપ્ત કરેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૪) હીન-અધમ જાતિમાં ધીરધાર કરીને પ્રાપ્ત કરેલ વ્યાજવટાવના દ્રવ્યથી સેવા ન કરવી.
(૫) સટ્ટો, જુગાર, લોટરી વગેરેથી પ્રાપ્ત કરેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૬) ચોરી, લૂંટફાટ કે છેતરપિંડી કરીને મેળવેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૭) શાસ્ત્રનિષિદ્ધ પદાર્થો - માંસ, મદિરા વગેરેના વેપારથી પ્રાપ્ત કરેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૮) દેહવિક્રય - વેશ્યાવૃત્તિથી મેળવેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૯) ગાય તથા ગોવંશ (વાછરડાં, બળદ વગેરે)ના વેચાણ કે હત્યાથી પ્રાપ્ત થયેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૧૦) ઓછી મહેનત કે કામચોરીથી વધુ દ્રવ્ય પ્રાપ્ત કરીને સેવા ન કરવી.
(૧૧) રાજસી લોકો, ધનવાનો, ઉચ્ચ અમલદારો વગેરેના ગુણગાન ગાઈને પ્રાપ્ત કરેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૧૨) સ્વધર્મ પ્રગટ કરીને કે વૈષ્ણવતા વેચીને મેળવેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૧૩) ભગવદ્નામવિક્રય અર્થાત્ શ્રીમદ્ભાગવત, ગીતાજી વગેરે ભગવદ્ નામાત્મક સ્વરૂપની કથા-સપ્તાહની કમાણીથી પ્રાપ્ત થયેલ દ્રવ્યથી સેવા ન કરવી.

(૧૪) ભગવદ્સ્વરૂપવિક્રય અર્થાત્ ભગવદ્સ્વરૂપો-મૂર્તિની પ્રતિષ્ઠા કરીને પ્રાપ્ત થતા દ્રવ્યથી સેવા ન કરવી.
(૧૫) ભગવદ્પ્રસાદવિક્રય કરીને પ્રાપ્ત થતા દ્રવ્યથી સેવા ન કરવી. (ભગવદ્પ્રસાદ વેચાય નહિ અને આપણાથી વેચાતો લેવાય પણ નહિ.)
(૧૬) શ્રીગુરુદેવના નામ તથા સ્વરૂપનો વિક્રય કરીને પ્રાપ્ત કરેલ દ્રવ્યથી સેવા ન કરવી.
(૧૭) અવારનવાર છપ્પનભોગ, અન્નકૂટ જેવા જાહેર સામગ્રી પ્રદર્શનો યોજી એકત્ર કરેલ દ્રવ્યથી સેવા ન કરવી.

સેવામાં પાંચ બાધક દોષો :

પુષ્ટિભક્તિમાર્ગમાં સંયોગ સમયે ભગવદ્સેવા અને અનોસરમાં ભગવદ્કથા - આ મુખ્ય કલ્પ છે. આમ છતાં આ મુખ્ય કલ્પમાં પણ નીચે પ્રમાણેના પાંચ પ્રકારના બાધક દોષો ઉદ્ભવે તો શું કરવું તે સંબધમાં આજ્ઞા કરતાં શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણય નિબંધ-કારિકા ૨૪૭'માં આજ્ઞા કરે છે કે -

વિક્ષેપાદથવા શકત્યા પ્રતિબંધાદપિ ક્વચિત્ ।
અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસંભવે ।
તીર્થપર્યટનં શ્રેષ્ઠં સર્વેષાં વર્ણિનાં તથા ॥

આ કારિકાની 'પ્રકાશ' ટીકામાં આપશ્રી સ્પષ્ટતા કરતાં જણાવે છે કે -

(૧) લૌકિક વિષયોમાં રાગદ્વેષની પ્રબળતાના કારણે ઈન્દ્રિયોની ભગવદ્સેવામાં સહજ અરૂચિ થાય અને તે સમયે હઠપૂર્વક પ્રભુસેવા કરવાનો જીવ પ્રયાસ કરે તો ચિત્તમાં વિક્ષેપ, ઉદ્વેગ, અન્યમનસ્કતા વગેરે જન્મે છે. તેવા સમયે સેવા છોડી દેવી એ જ યોગ્ય છે.
(૨) ક્યારેક ભગવદ્ઈચ્છા વિપરીત થતાં અસાધ્ય રોગાદિ જન્ય શારીરિક પ્રતિકૂળતા, અશક્તિ વગેરે સર્જાય છતાં જીવ હઠપૂર્વક સેવા કરે તો કોમળ સ્વભાવવાળા પ્રભુને પરિશ્રમ પડે છે. તેવા સમયે સેવા ન કરવી એ જ યોગ્ય છે.
(૩) પરિવારના અથવા અન્ય લોકો ભગવદ્સેવાનો વિરોધ કરે તથા પ્રતિબંધરૂપ બને તો તે સમયે સેવા ન કરવી એ જ યોગ્ય છે. કારણ કે આવા સમયે પ્રભુસેવામાં પોતાના દુરાગ્રહના લીધે સેવ્યસ્વરૂપનો અનાદર અને નિંદા થાય છે.
(૪) સેવાસંબંધી કોઈ વિશેષ હઠાગ્રહ પોતાના ચિત્તની તત્પરતાનો નાશ કરીને તામસી વૃત્તિના વૃદ્ધિનું કારણ બને અને જો આ તામસી વૃત્તિ

વધતી જાય અને સેવા-સ્મરણમાં મન લાગે નહિ તો તે સમયે સેવા ન કરવી એ જ યોગ્ય છે.

(૫) ભગવદ્‌સેવા કરવાથી અન્યજીવો, પાડોશી અથવા પરિવારજનોને પીડા ઉત્પન્ન થતી હોય ત્યારે તે સમયે પણ સેવા ન કરવી એ જ યોગ્ય છે.

સેવામાં આ પાંચ પ્રકારના બાધક દોષો સહિત પુષ્ટિજીવ સેવા કરે તેના કરતાં તો ભગવદ્‌કથાપક્ષ ગ્રહણ કરે એ વધુ યોગ્ય છે.

સેવાના અનઅવસરમાં શું કરવું ?

શ્રીમહાપ્રભુજી 'ભક્તિવર્ધિની-શ્લોક ૯'માં આજ્ઞા કરે છે કે -

''સેવાયાં વા કથાયાં વા'' અર્થાત્ સંયોગ (પ્રત્યક્ષ) સમયે સેવા અને સેવાના અનઅવસર (પરોક્ષ)માં ભગવદ્‌કથા કરવી.

ભગવદ્‌કથા એટલે શ્રીમદ્‌ભાગવત-સુબોધિનીજી, નિબંધ, ષોડશગ્રંથો, શિક્ષાપત્ર વગેરેનું અવગાહન કરવું. વધુમાં ભગવદ્‌કથાના શ્રવણનું ફળ ભગવદીયોના ચરિત્રનું શ્રવણ હોઈ, ૮૪ અને ૨૫૨ ભગવદીયોના વાર્તાપ્રસંગોનું નિત્ય શ્રવણ અને મનન કરવું. ''આ ભગવદીયો કેવી રીતે સેવા કરતા હતા અને હું શું કરી રહ્યો છું'' - એમ નિત્ય વિચારવું. આથી દીનતા આવે છે અને નિ:સાધનતા પ્રગટે છે. ભગવદીયોની વાર્તાનું શ્રવણ-વાચન એ ભગવદ્‌સેવાનું પોષક છે. આનાથી ભગવદ્‌ભાવ વધે છે. એમ મહાનુભાવ શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છે.

વિશેષમાં ભગવદ્‌કથા કે સ્વમાર્ગીય ગ્રંથો ગમે તેવા મુખેથી શ્રવણ કરવા નહિ પરંતુ શ્રીગુરુદેવના મુખારવિંદથી અથવા તો શ્રીગુરુઆજ્ઞા પ્રાપ્ત કરેલ શ્રીવાલ્લભસિદ્ધાંતનિષ્ઠ વૈષ્ણવના મુખેથી સાંભળવા જોઈએ તો જ તે ફલરૂપ થાય છે. આવો સ્વમાર્ગીય કથા-વાર્તા શ્રવણનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ તો સ્વયં ભગવદ્‌કથા-વાર્તા-સ્મરણ પરાયણ રહેવું, પરંતુ અન્યમાર્ગીય કે અવૈષ્ણવના મુખેથી તો ક્યારેપણ સાંભળવું નહિ.

વધુમાં સેવાના અનઅવસરમાં સેવાપયોગી બહારના વિવિધ કાર્યો - જેવા કે ઉત્તમ વસ્તુ-સામગ્રી, ફળ-ફલ વગેરે લાવવાં, ફૂલના માળાજી સિદ્ધ કરવા, સામગ્રી સિદ્ધ કરવી વગેરે પરાયણ રહેવું પરંતુ લૌકિક સંગથી દૂર રહેવું.

સેવામાં શ્રીમહાપ્રભુજીનો દૃઢાશ્રય જરૂરી :

જીવ કોટાનકોટિ સાધનો કરે પરંતુ શ્રીમહાપ્રભુજીના દૃઢ આશ્રય વિના રંચક પણ ફલસિદ્ધિ પુષ્ટિમાર્ગમાં થતી નથી. (શિક્ષાપત્ર : ૧-૧૮) મહાનુભાવ શ્રીહરિરાયચરણ 'શિક્ષાપત્ર : ૯/૨૬ થી ૨૮ અને ૩૩'માં વિશેષ આજ્ઞા કરતાં જણાવે છે કે -

શ્રીમહાપ્રભુજીનો આશ્રય માત્ર વાણીથી નહિ પરંતુ શ્રીમહાપ્રભુજીના માર્ગમાં નિષ્ઠા રાખીને કરવો જોઈએ. વળી માર્ગનિષ્ઠા પણ કોરી પોતાની સમજવી નહિ પરંતુ સ્વમાર્ગીય શ્રીગુરુવચનો અનુસાર હોવી જોઈએ. વળી શ્રીગુરુવચનોનો અર્થ પણ માત્ર સ્વબુદ્ધિથી કરવો નહિ પરંતુ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોને અનુરૂપ અનુવાદત: સમજવો જોઈએ. વળી અનુવાદ પણ કેવળ સ્વબુદ્ધિથી નહિ પરંતુ મૂળક્રમ - પરંપરા અનુસાર કરવો જોઈએ. આ બધા જ પ્રકારમાં પણ પુન: શ્રીમહાપ્રભુજીનો દૃઢાશ્રય તો આવશ્યક છે જ. આમાં બાધક છે - અન્યાશ્રય, અસમર્પિતભક્ષણ, દુ:સંગ અને અસદાલાપ.

વિશેષમાં જે લોકો પોતાના અલૌકિક દ્વાર અને દ્વારથી આવાહન કરતા મૂળ પુરુષની સ્મૃતિ ટકાવી શકતા નથી તેઓ આત્મવિસ્મૃતિના મહાન અંધકારમાંથી બહાર નીકળવા સર્વથા અસમર્થ બની જાય છે. માટે શ્રીમહાપ્રભુજીના દૃઢાશ્રયની સાથે-સાથે આપણા અલૌકિક દ્વાર - ચતુર્થગૃહના મૂળપુરુષ સદાસર્વદા સેવ્ય શ્રીગોકુલેશપ્રભુચરણનો પણ દૃઢાશ્રય અહર્નિશ જાળવી રાખવો આપણા માટે અતિ આવશ્યક છે.

સેવામાં શું સાવધાની રાખવી ?

(૧) ભગવદ્‌સેવામાં આળસ કે વિલંબ કરવાં નહિ પરંતુ શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ત આપણું અહોભાગ્ય માની ભગવદ્‌સેવા સર્વપ્રથમ કરવી અને લૌકિક-વૈદિક કાર્યો પછી કરવાં.

(૨) પ્રભુસેવા જ પુષ્ટિજીવનું એકમાત્ર મુખ્ય કર્તવ્ય છે એમ સમજીને નિત્ય કરવી.

(૩) શ્રીઠાકોરજીને અન્યકોઈના ઘેર વારંવાર પધરાવીને બહારગામ જવું નહિ. આમ કરવાથી દાસભાવ તિરોધાન થઈ જાય છે.

(૪) કોઈપણ સાધન સંપત્તિથી પ્રભુ સંતુષ્ટ થતા નથી પરંતુ ભક્તોની દીનતા જ શ્રીહરિને પ્રસન્ન કરવાનું સાધન છે. (શ્રીસુબો : ૧૦-૧૯-કા.૨) આથી દીનતાપૂર્વક પ્રભુસેવા કરવી.

(૫) મનમાં લૌકિક શોક-કલેશ કે ઉદ્વેગ સાથે ભગવદ્‌સેવા કરવી નહિ પરંતુ સદા પ્રસન્નચિત્તથી સેવા કરવી. પ્રભુ અક્લિષ્ટકર્મા અર્થાત્ ભક્તોનો કલેશ સહન ન કરનારા છે.

(૬) સેવામાં સહાયકર્તા સાથે કે પરિવારજનો સાથે કટુવાણી ઉચ્ચારવી નહિ પરંતુ સેવાસંબંધી આવશ્યક હોય તેટલી જ પ્રિય અને મૃદુ વાણી ઉચ્ચારવી.

(૭) સેવા દરમિયાન અન્યમાર્ગીય કે બહિર્મુખજનો સાથે વાત કરવી નહિ, કેમકે દુઃસંગ ભગવદ્ધર્મથી બહિર્મુખ કરનાર છે.

(૮) સેવામાં કેવળ પ્રભુસુખના જ વિચારો સદા કરવા. લૌકક વિચારો ઉદ્ભવે તો મનને તેમાંથી પાછું ખેંચી લઈને પ્રભુમાં જ એકાગ્ર કરવા પ્રયત્ન કરવો.

(૯) ભગવાન ગીતાજી અ. ૧૬-૨૧માં સ્વમુખે આજ્ઞા કરે છે કે કામ, ક્રોધ અને લોભ - આ ત્રણ નરકના દ્વાર છે. વળી આ ત્રણમાં ક્રોધ એ કામ અને લોભનો મધ્યપાતી એટલેકે વચ્ચે રહેલો છે. કામની અતૃપ્તિમાં ક્રોધ જન્મે છે અને લોભની અપૂર્તિમાં પણ ક્રોધ જન્મે છે. વિશેષમાં ક્રોધ એ ચાંડાલનું સ્વરૂપ છે અને પ્રભુસેવામાં ક્રોધ કરવાથી અપરસ છોવાઈ જાય છે એમ શ્રીગોકુલેશ પ્રભુચરણ વચનામૃતમાં આજ્ઞા કરે છે. માટે આ ત્રણનો સર્વથા ત્યાગ જ કરવો.

(૧૦) પ્રભુ પાસે કોઈપણ પ્રકારની લૌકિક-વૈદિક પ્રાર્થના કે માગણી કરવી નહિ.

(૧૧) સેવાંકર્તાએ હંમેશાં સ્વદોષદર્શન કરવું તથા પરદોષદર્શનનો ત્યાગ કરવો.

(૧૨) પરિવારના સભ્યો સેવામાં સાનુકૂળ હોય તો જ સહાયક બનાવવા. જો પ્રતિકૂળ કે ઉદાસીન હોય તો પ્રભુસેવા સ્વયં કરવી.

(૧૩) ભાડૂતી કે પગારદાર માણસો પાસે સેવા કદી કરાવવી નહિ.

(૧૪) ભગવદ્સેવા પ્રદર્શનની વસ્તુ નથી. અન્યમાર્ગીય કે અવૈષ્ણવને કદાપિ દર્શન કરાવવા નહિ.

(૧૫) સેવા કર્યા પછી કોઈ લૌકિક ફળ, ભોગ કે કીર્તિની અપેક્ષા રાખવી નહિ.

(૧૬) સેવામાં અસંભાવના કે વિપરીતભાવના વિચારવી નહિ.

(૧૭) આપણી લૌકિક બુદ્ધિ કે ચતુરાઈ અનુસાર સેવા કરવી નહિ તથા સેવાપ્રણાલિમાં કોઈ ફેરફાર પણ કરવો નહિ.

(૧૮) આપણા હૃદયનો ભાવ સદા ગુપ્ત રાખવો. સાનુભવની વાતો ગમે ત્યાં કરવી નહિ.

(૧૯) સેવા માટે કોઈની પણ પાસેથી ઉધાર દ્રવ્ય, વસ્તુ કે સામગ્રી લેવી નહિ. ભેટરૂપે પણ સ્વીકારવી નહિ.

(૨૦) પ્રભુ ઉત્તમ વસ્તુના ભોક્તા છે. ઉત્તમ વસ્તુ જોતાં જ પ્રભુસુખાર્થે વિનિયોગ કરાવવા તત્પર રહેવું.

(૨૧) અર્ધભુક્ત પદાર્થનો સેવામાં કદી વિનિયોગ કરાવવો નહિ. બજારની તૈયાર સામગ્રી, વસ્ત્ર વગેરે પણ પ્રભુને કદી અંગીકાર કરાવાય નહિ.

આમ કરવાથી 'તનુવિત્તજા' સેવાનો દિવ્ય સિદ્ધાંત ભંગ થાય છે અને અપરાધી બનવું પડે છે.

(૨૨) સેવોપયોગી સર્વ વસ્તુઓને સ્વરૂપાત્મક જાણવી. આપણા પગ અડકે નહિ અથવા મુખના છીંટા તેના ઉપર પડે નહિ તેની સાવધાની રાખવી.

(૨૩) વૈષ્ણવભાઈઓએ પ્રસાદી કંકુથી ઊર્ધ્વપુંડ્ર-તિલક અને બહેનોએ કપાળમાં પ્રસાદી કંકુનો ગોળ ચાંલ્લો કર્યા પછી જ સેવામાં સંલગ્ન થવું.

(૨૪) વૈષ્ણવભાઈબહેનોએ સૂતરના દોરામાં પરોવેલ તુલસીજીની બે પ્રસાદી કંઠી ગળામાં અવશ્ય પહેરવી. પ્લાસ્ટીકના દોરામાં પરોવેલી કે સોના-ચાંદીના તારમાં તૈયાર કરેલી કંઠી ચાલી શકે નહિ.

(૨૫) વૈષ્ણવબહેનોએ રજસ્વલા/માસિક ધર્મના ચાર દિવસો દરમિયાન ભગવદ્સેવાથી સંપૂર્ણ દૂર રહેવું. પાંચમા દિવસે માથાબોળ સ્નાન કરી અને કંઠી બદલીને પછી જ સેવામાં સંલગ્ન થવું.

(૨૬) વૃદ્ધિસૂતક (વધી / પિંડરૂ / જન્મસૂતક) તથા મરણસૂતકમાં પ્રભુસેવા થઈ શકે નહિ. પરંતુ પ્રભુસુખના વિચારપૂર્વક સુયોગ્ય વ્યવસ્થા કરવી.

(૨૭) અપરસમાં સ્નાન કર્યા પછી માથું બરાબર લૂછવું. માથામાંથી જળના બિંદુઓ આપણા શરીર ઉપર અથવા પ્રભુના સિંહાસન ઉપર કે સેવોપયોગી વસ્તુઓ ઉપર પડે નહિ તેની કાળજી રાખવી.

(૨૮) પ્રભુસેવામાં તથા સર્વ પ્રકારના શાસ્ત્રોક્ત કર્મ-પૂજામાં માથા ઉપરથી પહેરવાના તથા પગ નીચેથી પહેરવાના વસ્ત્રોનો સંપૂર્ણ નિષેધ છે. આથી વર્તમાન સમયમાં પ્રચલિત એવા પગેથી પહેરવાના તૈયાર ધોતિયાં, અંડરવેર, ગંજી વગેરેનો સેવામાં ઉપયોગ કરી શકાય નહિ.

(૨૯) વૈષ્ણવભાઈઓએ કંતાન, રેશમી કે કોરું ધોતિયું તથા બંડીનો જ અપરસમાં ઉપયોગ કરી શકાય છે, પરંતુ આધુનિક પાશ્ચાત્ય પહેરવેશ પહેરીને પ્રભુસેવા કરી શકાય નહિ.

(૩૦) વૈષ્ણવભાઈઓએ શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો રાખવો નહિ પરંતુ ઉપરણા અથવા બંડીથી અવશ્ય ઢાંકેલો રાખવો.

(૩૧) એકવાર અપરસમાં પહેરેલું કટિવસ્ત્ર / કચ્છ (કાછડી) મારેલું ધોતિયું, બીજા દિવસે અપરસમાં પહેરતાં પહેલાં પલાળવું / ધોવું જરૂરી છે. એ જ પ્રમાણે વૈષ્ણવબહેનોએ પણ એકવાર અપરસમાં પહેરેલ કટિવસ્ત્ર / ચણિયો, સાડી વગેરે બીજા દિવસે અપરસમાં પહેરતાં પહેલાં પલાળવાં / ધોવાં અનિવાર્ય છે.

(૩૨) અપરસના વસ્ત્રો પહેરીને ભોજન / પ્રસાદ લીધા પછી પણ બધા જ વસ્ત્રો પલાળવાં / ધોવાં આવશ્યક છે.

(૩૩) સેવામાં આંગળીએ પહેરેલ સોના-ચાંદીની વીંટી, ગ્રહોના નંગ, પ્લાસ્ટીકના તૈયાર ચાંલ્લા કે કૃત્રિમ આભૂષણો રાખવા નહિ.

(૩૪) પ્રભુસન્મુખ પગ લાંબા કરીને, ઊંધા વાળીને, પગ ઉપર પગ ચઢાવીને, પગના પંજા દેખાય તેમ, પદ્માસન કે સિદ્ધાસનમાં, પ્રભુથી ઊંચા આસને કે પીઠ દઈને કદી બેસવું નહિ.

(૩૫) સેવાકરનારે શાસ્ત્રનિષિદ્ધ પદાર્થો - માંસ, મદિરા, કેફી દ્રવ્યો વગેરેનું સેવન કરવું નહિ. કાંદા, લસણ, મૂળા (સ્વભાવ / પ્રકૃતિ દુષ્ટ), ગાજર, તડબૂચ, લાલ ટામેટાં, મસૂરની દાળ (રૂપ / રંગ દુષ્ટ), કોબીજ - ફૂલાવર (ગંધ દુષ્ટ) વગેરે ખાવાં નહિ તથા અન્ય કોઈ માટે રાંધવાં પણ નહિ. આમ કરવાથી વૈષ્ણવતા ચાલી જાય છે.

(૩૬) સેવા દરમિયાન કોઈપણ અપવિત્ર વસ્તુ કે વ્યક્તિનો સ્પર્શ કરવો નહિ પરંતુ શારીરિક બાહ્ય શુદ્ધિ તથા ચિત્તની આંતરશુદ્ધિ અવશ્ય જાળવવી.

(૩૭) સેવામાં અનાચાર કે અત્યાચાર પણ કરવો નહિ.

આપણે સદા યાદ રાખીએ કે પ્રભુસેવા એ પુષ્ટિજીવનો એકમાત્ર સ્વધર્મ છે. શ્રીકૃષ્ણસેવા શાસ્ત્રસિદ્ધાંત છે અને તે સનાતન છે. તે કોઈપણ દેશ, કાલ, પરિસ્થિતિમાં બદલાય નહિ. વેદપ્રતિપાદ્ય શ્રીકૃષ્ણ બદલાતા નથી. પ્રતિપાદક વેદાદિ શાસ્ત્રો પણ બદલાતા નથી. પ્રતિપાદિત સેવાસિદ્ધાંત પણ બદલાતો નથી. માત્ર બદલાય છે - સેવોપયોગી ભૌતિક પદાર્થો / વસ્તુઓ - અન્ન, જળ, ફળ, ફૂલ વગેરે. પદાર્થો કે વસ્તુઓ ઓછી મળે કે વધારે, પરંપરાગત મળે કે બદલાયેલી પરંતુ દેશ - કાલ - પરિસ્થિતિ પ્રમાણે જે કંઈ નિર્દોષ અને ઉત્તમ પ્રાપ્ત થાય તેનાથી જ શ્રીકૃષ્ણસેવા સદા કરવી જોઈએ.

સેવાના અનઅવસરમાં જનસેવા થઈ શકે ?
અથવા 'જનસેવા એજ પ્રભુસેવા' - એ સાચું છે ?

શ્રીમહાપ્રભુજી 'ચતુઃશ્લોકી' ગ્રંથમાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવનું એકમાત્ર કર્તવ્ય વ્રજાધિપ શ્રીકૃષ્ણની સર્વભાવથી સર્વદા સેવા કરવાનું છે. આ સિવાય અન્ય કોઈ બીજો ધર્મ કે કર્તવ્ય ક્યાંય અને ક્યારેપણ નથી જ. વિશેષમાં 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં પણ આપશ્રી આજ્ઞા કરે છે કે સંયોગ સમયે પ્રભુસેવા અને સેવાના અનઅવસરમાં ભગવદ્કથા. આમ સેવાના અનઅવસરના

સમયમાં જનસેવા કે પરોપકારના કાર્યો કરવાનું આપશ્રી ક્યાંય જણાવતા નથી. ભગવદ્સેવા એ આત્મધર્મ છે. પરોપકાર એ દેહધર્મ છે. દેહધર્મોનું આચરણ કરવા જતાં સેવારૂપી આત્મધર્મ ગૌણ બની જાય કે પ્રભુસેવા છૂટી ન જાય તેની અવશ્ય કાળજી લેવી જોઈએ. આથી શ્રીકૃષ્ણસેવાના ભોગે જનસેવા કદી થાય નહિ.

વિશેષમાં ''જનસેવા એ જ પ્રભુસેવા છે'' એ સમીકરણ પણ સાચું નથી. જો આ સમીકરણ સ્વીકારીએ તો મનુષ્ય / જીવ બરાબર ભગવાન એવો જ અર્થ થશે. જીવ એ પ્રભુ નથી પરંતુ પ્રભુનો અંશ છે. અંશ અને અંશીની સરખામણી કે બરાબરી કદી થઈ શકે નહિ.

જીવસેવા કરવાનો નિષેધ કરતાં શ્રીમહાપ્રભુજી શ્રીભાગવત સુબો : ૧૦-૮૪ (૮૭) - ૩૮ માં આજ્ઞા કરે છે કે -

સર્વસદ્ગુણમાહાત્મ્યઃ સર્વદોષવિવર્જિતઃ ।
ભગવાનેવ સેવ્યો હિ ન તુ જીવા કદાચન ॥

અર્થાત્ સર્વસદ્ગુણયુક્ત માહાત્મ્યવાળા તથા સર્વદોષરહિત એવા ભગવાન જ સેવા કરવા યોગ્ય છે પરંતુ જીવોની તો કોઈપણ સમયે સેવા કરવી યોગ્ય નથી.

ભગવદ્સેવા તુલ્ય જીવોની સેવા નથી જ એ વાત શ્રીમહાપ્રભુજી શ્રુતિગીતાની નીચેની કારિકાઓમાં સમજાવે છે -

ગુપ્તાનંદા યતો જીવા નિરાનંદં જગદ્યતઃ ।
પૂર્ણાનંદો હરિસ્તમાજ્ જીવૈઃ સેવ્યઃ સુખાર્થિભિઃ ॥૩॥

અર્થ - જીવમાં આનંદ તિરોહિત છે. જગત નિરાનંદ છે. આથી સુખની ઈચ્છાવાળા જીવોએ પૂર્ણાનંદ એવા શ્રીહરિની જ સેવા કરવી.

કાલાદિતૃણપર્યંતા ન સેવ્યા મુક્તિમિચ્છતા ।
દોષત્યાજનશક્તો હિ સેવ્યો દાતા ગુણસ્ય ચ ॥૨૫॥

અર્થ : મુક્તિની ઈચ્છા રાખનારે કાલથી આરંભી ઘાસના તણખલા સુધીના જીવોની સેવા કદી કરવી નહિ, કારણકે દોષોને દૂર કરવાની શક્તિવાળા અને ગુણોનું દાન કરનાર સેવવા યોગ્ય કેવળ શ્રીકૃષ્ણ જ છે.

જીવેષુ ભગવાનાત્મા સંછન્નસ્તેન તત્ર ન ।
ભજનં સર્વથા કાર્યં તતોન્યત્રૈવ પૂજયેત્ ॥૨૬॥

અર્થ : જીવોમાં ભગવાન આત્મારૂપે બિરાજે છે ખરાં, પરંતુ ભગવાન ત્યાં તિરોહિત સ્થિતિમાં છે. તેથી જીવોનું ભજન/સેવા સર્વથા કરવું નહિ. આથી

અન્ય (જેમાં અંશ અને અંશી બંને પ્રગટ હોય એવા અવતારાદિ)માં ભગવાનનું પૂજન કરવું.

સુખસેવાપરો યસ્તુ સ આનંદં હરિં ભજેત્ ।
અન્યથા સુખ સંપ્રેપ્સુઃ સર્વથા દુઃખમાપ્નુયાત્ ॥૨૭॥

અર્થ : સુખ અને સેવાના પ્રયોજનવાળાએ આનંદસ્વરૂપ શ્રીહરિને ભજવા એટલે કે સેવા કરવી. આ સિવાય બીજી રીતે સુખ પ્રાપ્ત કરવા ઈચ્છતો પુરુષ સર્વથા દુઃખ પ્રાપ્ત કરે છે.

જનસેવા અને પ્રભુસેવાની સરખામણી કરનારાઓને ભક્ત કવિવર શ્રીદયારામભાઈ 'ભક્તિપોષણ-૬'માં નીચેના ઉદાહરણથી સમજાવે છે કે -

''કોડી ઉપાસન મલિનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો,
રૂપૈયો સુર-સેવના, વ્યૂહ કંચન મહોર પ્રમાણો,
કંચન મહોર વ્યૂહ, હરિ હીરો
એમ અંશ અંશી સમજી રહો
સર્વ એ દ્રવ્ય હીરાથી થાય
હીરો કોઈએ નવ કર્યો કહેવાય
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ ॥''

ભાવાર્થ : આપણા પ્રભુ હીરા સમાન છે, કારણ કે હીરો એ સર્વોત્તમ અને સર્વથી કિંમતી છે. સોનામહોર, રૂપિયો, તાંબાનું કે રૂપાનું નાણું, કોડી વગેરે તેની બરાબરી કરી શકતાં નથી. એક અમૂલ્ય હીરો વેચતાં સોનામહોર, રૂપિયો વગેરે બધું જ મળી શકે પરંતુ આ એક એક પદાર્થના બદલામાં એક કિંમતી હીરો કદી મળી શકે નહિ. કવિશ્રી તુલના કરતાં કહે છે કે મલિન દેવોની ઉપાસનાની કિંમત કોડી જેટલી છે. **જનસેવાની કિંમત તાંબાના પૈસા જેટલી છે.** અન્ય દેવોની પૂજાનું મૂલ્ય રૂપિયા જેટલું છે. ચાર વ્યૂહોની ઉપાસનાનું મૂલ્ય સોનામહોર જેટલું છે પરંતુ **શ્રીકૃષ્ણસેવાનું મૂલ્ય એક સાચા અને કિંમતી હીરા જેટલું છે.** જો હીરાને અંશી કહીએ તો બીજું બધું એના અંશરૂપ છે. અહીં ભગવાનશ્રીકૃષ્ણ અંશી છે તથા સઘળા દેવો, જગત, મનુષ્ય, સર્વ નાના-મોટા જીવો - બધું જ તેમના અંશરૂપ છે. શ્રીકૃષ્ણસેવામાં જ આ સૌની સેવા સમાઈ જાય છે, પરંતુ બીજા કોઈની સેવા કે જનસેવા કરવાથી પ્રભુસેવાનું ફળ પ્રાપ્ત થતું નથી. આથી ''જનસેવા એજ પ્રભુસેવા'' છે એમ કદાપિ સ્વીકારી શકાય નહિ.

શ્રીગુસાંઈજી પ્રભુચરણે તૃષાતુર કુંજરીને પોતાની ઝારીજીનું જળપાન કરાવીને તેના પ્રાણ બચાવ્યા હતા અને જીવમાત્ર ઉપર દયા રાખવાની સૌ પુષ્ટિજીવોને શીખ આપી હતી એ વાત સાચી છે પરંતુ આવા પરોપકારના કાર્યો માટે આપશ્રીએ પરબ બંધાવી નહોતી અથવા તો આપના સેવકોને આવા જનસેવાના કાર્યો માટે ઘેર ઘેર ફરીને તૃષાતુર જીવોની શોધ કરીને પાણી પાવાની આજ્ઞા કે ઉપદેશ આપ્યો નહોતો. પરોપકારનું કાર્ય વૃક્ષ પાસેથી શીખવું જોઈએ. વૃક્ષ પોતાની પાસે આવનારને વિસામો આપે છે અને ફળ પણ આપે છે પરંતુ સામે ચાલીને પરોપકારના કાર્યો કરવા કદી જતું નથી.

આમ નીતિપરાયણતા અને પરોપકાર એ માનવમાત્રનું કર્તવ્ય છે એ ખરું, પરંતુ એ કર્તવ્યનું પાલન કરતાં પ્રભુસેવાને ગૌણ બનાવી દેવી એ શ્રીમહાપ્રભુજીના અનુયાયી તરીકે આપણા માટે સર્વથા ઉચિત નથી જ. સત્ય, નીતિ અને પરોપકાર જેવા માનવધર્મોની સાથે ભગવદ્‌સેવા જેવા સર્વોત્તમ પુષ્ટિધર્મની સરખામણી કરવી એ આત્મઘાતી ચિંતન છે. શ્રીમહાપ્રભુજીના અભિપ્રાયમાં તો પ્રભુસેવા કરતાં વધુ ઊંચી કોઈ જનસેવા હોઈ શકે જ નહિ. શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે ધર્મનિષ્ઠા કરતાં ધર્મી (ભગવદ્) નિષ્ઠા ઉત્તમ છે. ભગવદ્‌સેવા એ ધર્મીવિચાર છે, જ્યારે પરોપકાર એ ધર્મવિચાર છે. પરંતુ સ્વાર્થપરાયણતા એ અધર્મ છે. આ જ સાચો પુષ્ટિવિવેક છે. આપણી અહંતા-મમતાયુક્ત સ્વાર્થવૃત્તિને ત્યજી ભગવદ્‌માર્ગે આગળ વધવા માટે સત્ય-નીતિ અને પરોપકાર પગથિયાં છે. પગથિયાં ચઢવા માટે હોય છે, બેસી રહેવા માટે નહિ કે અંતિમ લક્ષ્યરૂપે પણ નહિ. પગથિયે બેસી રહેવાની વૃત્તિ હારેલા અને થાકેલા રોગી માણસની હોય છે. તંદુરસ્ત વ્યક્તિ તો ઝડપથી પગથિયાં ચઢીને નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરીને જ જંપે છે.આમ ''જનસેવા એજ પ્રભુસેવા છે'' એ સૂત્ર પુષ્ટિજીવો માટે ક્યારે પણ સ્વીકાર્ય બની શકે નહિ.

અતિવૃષ્ટિથી કે અનાવૃષ્ટિથી પીડાતા જનસમુદાયની સેવાને જો આપણે પરમ ધર્મ માની લઈએ તો જે વર્ષે નદીમાં પૂર ન આવ્યું હોય કે દુષ્કાળ ન પડ્યો હોય તો તે વર્ષ આપણું જનસેવા વિના જ પસાર થશે. શું આપણે ખાલી દવાખાનામાં બેઠેલા પેલા ડૉક્ટરની માફક ભગવાનને મનમાં પ્રાર્થના કરીશું કે હે પ્રભુ ! મને જનસેવા કરવાની તક મળે તે માટે લોકોને દુઃખી બનાવીને અહીં મોકલો તો સારું ! આ તો એક પ્રકારની મનોવિકૃતિ જ કહેવાય. આપણને જનસેવાનો લાભ મળે તે માટે શું ભગવાન અનેક લોકોને દુઃખી કરી સંકટમાં મૂકે ? દુઃખીજનોની સેવા કરવી તે માનવી માત્રનો સ્વભાવ હોવો જોઈએ

પરંતુ સિદ્ધાંત તો ન જ બની શકે. આપણે મનમાં સદા એટલી જ કામના કરીએ કે 'સર્વે ભદ્રાણિ પશ્યન્તુ'મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્'.

સેવામાં રુચિ ન હોય તો શું કરવું ?

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની ભીતર બે પેટામાર્ગ પ્રગટ કર્યા છે : (૧) ભક્તિ / સેવા માર્ગ અને (૨) પ્રપત્તિ / શરણ માર્ગ.

જે જીવો પુષ્ટિબીજભાવ પ્રાપ્ત સાથે જન્મ્યા છે એટલે કે ભગવાન શ્રીકૃષ્ણે સ્વરૂપબળે જેનું વરણ કર્યું હોય એવા જીવો જ શ્રીકૃષ્ણની ભક્તિ/સેવા અથવા શરણમાર્ગ - આ બેમાંથી કોઈપણ એક માર્ગના અધિકારી છે. જો તેઓ આ પ્રકારે જીવનનિર્વાહ કરી શકતા ન હોય તો તેમના પુષ્ટિજીવ તરીકેના અસ્તિત્ત્વની જ નિરર્થકતા છે.

વિશેષમાં જેમનાથી ભગવદ્સેવા નભી શકે તેમ નથી અથવા તો પ્રભુસેવામાં રુચિ નથી તેવા લોકોએ બ્રહ્મસંબંધદીક્ષા લેવી જરૂરી નથી. પરંતુ નામ / કંઠી / અષ્ટાક્ષર મંત્ર દીક્ષા લેવી જ પૂરતી છે તથા શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલ પ્રપત્તિમાર્ગમાં રહીને વિવેક, ધૈર્ય અને આશ્રય દૃઢ રાખીને પુષ્ટિશરણમાર્ગનું અવલંબન કરવું જોઈએ.

જોકે પ્રપત્તિમાર્ગ એ ભક્તિ / સેવામાર્ગના અનુકલ્પરૂપે છે છતાં ફલપર્યંત ઉપલબ્ધિ કરાવવાના કારણે તે પૃથક્ - સ્વતંત્ર માર્ગ પણ કહેવાય છે અને ભક્તિ / સેવામાર્ગનો સહાયક પણ છે. શરણમાર્ગ બે પ્રકારના છે : (૧) મર્યાદામાર્ગીય શરણમાર્ગ અને (૨) પુષ્ટિમાર્ગીય શરણમાર્ગ.

શ્રીમદ્ભગવદ્ગીતા ૧૮-૬૬માં ભગવાને અર્જુનને ઉપદેશેલ શરણમાર્ગ મર્યાદામાર્ગીય છે અને તેનું ફળ મોક્ષ છે, જ્યારે શ્રીમદ્ભાગવતઃ ૧૦-૨૫-૧૮ના ગોવર્ધનલીલાના પ્રસંગમાં નિર્દિષ્ટ શરણમાર્ગ પુષ્ટિમાર્ગીય છે અને તેનું ફળ સ્વરૂપાનંદની અનુભૂતિ છે. આ બંને પ્રકારના શરણમાર્ગો ભગવદ્ઈચ્છા અને વરણ ઉપર આધારિત છે. પોતાના અંશરૂપ જે જીવને જે પ્રકારે પ્રભુ ફલદાન કરવા વિચારે છે તે પ્રકારના શરણમાર્ગમાં ભગવદ્ઈચ્છાથી તે જીવ અગ્રેસર થાય છે. સંયોગસમયે સેવા અને સેવાના અનઅવસરમાં ભગવદ્કથા આ મુખ્ય કલ્પ નિભાવવો શક્ય ન હોય તો તેના અનુકલ્પરૂપે ભગવદ્કથા - ભગવદ્ગુણાનુવાદમાં જીવે ત્યાં સુધી જીવન વ્યતીત કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજી 'ભક્તિવર્ધિની' ગ્રંથમાં કરે છે. અથવા તો 'વિવેકધૈર્યાશ્રય'માં જણાવ્યા અનુસાર ''ભક્ત્યાભાવે....સર્વથા શરણં હરિઃ'' એટલે કે ભક્તિ / સેવાના અભાવમાં શ્રીકૃષ્ણના શરણમાં રહેવાનો અનુકલ્પ

પણ શ્રીમહાપ્રભુજી વર્ણવે છે. પરંતુ 'કૃષ્ણસેવા સદા દર્શનીયા' કે 'કૃષ્ણસેવા દૃષ્ટવ્યા' એવો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ ક્યાંય અને ક્યારેપણ કર્યો નથી જ.

આથી આપણાથી સ્વગૃહે ભગવદ્સેવા નિભાવવી શક્ય ન હોય અથવા તો સેવામાં બિલકુલ રુચિ જ ન હોય તો પછી કોઈક જાહેર મંદિરમાં ફક્ત દર્શન કરીને પોતાને કૃતકૃત્ય માની લેવું એવો સિદ્ધાંત શ્રીમહાપ્રભુજીએ કે ઉભય શ્રીપ્રભુચરણોએ પોતાના કોઈપણ ગ્રંથમાં ક્યાંય પ્રસ્થાપિત કર્યો નથી. જો આપણે જાહેરમંદિરોમાં નિત્યદર્શન કરવાનો નિયમ બનાવીને સવારમાં થોડીક મિનિટો ફાળવી શકતા હોઈએ, તો તેના બદલે પોતાના ઘરમાં જ બેસીને ભગવદ્નામસ્મરણ, સ્તોત્રપાઠ, સ્વમાર્ગીય ગ્રંથોનું વાચન કે અષ્ટાક્ષરમંત્રના જપ વગેરે કરવામાં તેટલો સમય વ્યતીત કરીએ તો શ્રીમહાપ્રભુજીના ઉપદેશોને અનુસરનારા સાચા પુષ્ટિમાર્ગીય અનુયાયીઓ કહેવાશું.

શરણમાર્ગની પ્રશંસા વર્ણવતાં શ્રીમહાપ્રભુજી શ્રીસુબોઃ ૧૧-૨-૪૨માં આજ્ઞા કરે છે કે -

જેમ ઘૃતમિશ્રિત પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ભોજન કરનારને જેમ પ્રસન્નતા, પોષણ અને ભૂખ દૂર થવી - એમ ત્રિવિધ લાભ એકી સાથે પ્રાપ્ત થાય છે તેમ પ્રભુના શરણસ્થ જીવને ભક્તિ, ભગવદ્ અનુભવ અને પ્રભુસિવાયના અન્ય પદાર્થોમાંથી વિરક્તિ (વૈરાગ્ય) - આ ત્રણે ફલ એકી સાથે પ્રાપ્ત થાય છે.

આથી જ મહાનુભાવ શ્રીહરિરાયચરણ શિક્ષાપત્રઃ ૨૪-૩૧માં આજ્ઞા કરે છે કે -

અસ્માકં સાધનં સાધ્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
સંપત્સ્વાપત્સ્વપિ સદા સ્વાચાર્યચરણોદિતમ્ ॥

અર્થાત્ આપણા શ્રીઆચાર્યચરણોએ પ્રગટ કરેલ અષ્ટાક્ષર મંત્ર - ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' એ જ આપણી સંપત્તિ કે વિપત્તિમાં સદા સાધન અને સાધ્ય છે.

આમ જ્યારે કલિકાલમાં ભક્તિ / સેવામાર્ગ દુઃસાધ્ય બન્યો છે અને જે પુષ્ટિજીવો સ્વગૃહે ભગવદ્સેવા નિભાવી શકતા ન હોય કે પછી સેવામાં રુચિ જ ન હોય એવા પુષ્ટિજીવોએ ભગવાન શ્રીકૃષ્ણ સિવાયની અન્ય સાધનનિષ્ઠાના ત્યાગપૂર્વક, અનુકૂલ કે પ્રતિકૂલ સર્વ પરિસ્થિતિમાં સમાન ભાવ રાખીને, આ લોક અને પરલોકમાં ભગવાન શ્રીકૃષ્ણ જ મારું એકમાત્ર શરણ / આશ્રય / ગતિ છે એવા દૃઢ દીનતાભાવ સાથે શ્રીકૃષ્ણના ચરણશરણમાં અનન્યતાપૂર્વક

રહીને પ્રભુના નામ, સ્વરૂપ, ગુણો, લીલાના શ્રવણ-કીર્તન-સ્મરણ પરાયણ બનીને દુર્લભ એવા મનુષ્યજીવનને સફળ કરી લેવું એ કોઈપણ સમજુ અને વિવેકશીલ પુષ્ટિજીવનું કર્તવ્ય બને છે.

આધુનિક સેવાર્થીના જીવનમાં કોઈ પરિવર્તન કેમ દેખાતું નથી ?

ડૉક્ટર પાસે જો કોઈ બીમાર માણસ જાય તો તબીબી સારવારના પરિણામે થોડા સમયમાં જ તેને સ્વસ્થ થતો આપણે જોઈ શકીએ છીએ. દુબળો-પાતળો માણસ જો નિયમિત કસરત કરે તો તેને સશક્ત થતો જોઈ શકીએ છીએ. ઠોઠ નિશાળીયો પણ શાળામાં જઈને હોંશિયાર થતો હોય છે. આમ ચિકિત્સા, વ્યાયામ કે શિક્ષણના પ્રભાવથી મનુષ્યજીવનમાં આવતું પરિવર્તન સ્પષ્ટપણે અનુભવાય છે. પરંતુ દુર્ભાગ્ય સહ આશ્ચર્ય એવં આઘાતની વાત તો એ છે કે દેવોને પણ દુર્લભ એવી સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના નામમંત્ર અષ્ટાક્ષર કે બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત કરવા છતાં આપણે જોઈ શકીએ છીએ કે આપણા જેવા મોટા ભાગના આધુનિક પુષ્ટિમાર્ગીય સેવકોના જીવનમાં અણુમાત્ર પણ પરિવર્તન દષ્ટિગોચર થતું નથી. એથી પણ વિશેષ કેટલાક પુષ્ટિમાર્ગીયોના જીવનમાં તો જે દુર્ગુણો દીક્ષા લેતાં પહેલાં નહોતા, એવા દુર્ગુણો આવી ઉત્તમ દીક્ષા લીધા પછી જોવા મળે છે. આવું શા માટે થતું હશે ? આ પ્રશ્નનો જો ગંભીરતાપૂર્વક વિચાર કરવામાં આવે તો સ્પષ્ટપણે જણાય છે કે શાસ્ત્ર કે સંપ્રદાય નિર્ધારિત દીક્ષાપ્રણાલિના છ અંગો - દાતા, પ્રતિગ્રહીતા, દેય વસ્તુ, સ્થાન, સમય અને ઉપક્રમનું ઉચિત અને પ્રામાણિક પાલન દીક્ષાદાન લેતાં કે આપતી વેળા કરવામાં ન આવે તો દીક્ષાદાન નિષ્ફળ જાય છે. એવો ગૌતમ, નારદ વગેરે ઋષિજનોનો મત છે. અપરિપક્વ અવસ્થામાં, પ્રત્યુપકારની ભાવનાથી, દેખાદેખી, હઠાગ્રહથી, મજાકમાં કે છેતરપિંડી કરીને અથવા અયોગ્યતાની સ્થિતિમાં લીધેલું / આપેલું દાન નિષ્ફળ જ માનવામાં આવે છે. આમ આવું સર્વોત્તમ અને દેવોને પણ દુર્લભ એવું પુષ્ટિમાર્ગીય દીક્ષાદાન પ્રાપ્ત કરવા છતાં સેવાર્થીના જીવનમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન દેખાતું નથી તેનું કારણ સહજ અને સરળતાથી સમજી શકાય તેમ છે.

અંતમાં પવિત્રતમ એવા આપણા સેવ્યસ્વરૂપની સેવા શક્ય તેટલી પવિત્રતા જાળવીને કરવા તત્પર રહેવું જોઈએ. પ્રભુસુખની ઉત્તમોત્તમ ભાવના અહર્નિશ મનમાં રાખી યથાશક્તિ સ્વધર્માચરણ કરવું જોઈએ, સદાચારનું પાલન પ્રભુસુખાર્થે છે, પ્રભુસેવા સદાચારના પાલન અર્થે નથી જ એ વાત સદા યાદ રાખવાની છે. સદાચારના બહાના હેઠળ પ્રભુસેવાથી વિમુખ ન રહેવું જોઈએ.

સદાચાર એ વર્ણાશ્રમધર્મોક્ત દેહધર્મ છે, જ્યારે પ્રભુસેવા એ આત્મધર્મ છે એ ભૂલવું જોઈએ નહિ.

ભગવદ્‌સેવામાં પ્રભુસન્મુખતા છે, જ્યારે સત્સંગ-સ્મરણ-જપપાઠ વગેરેમાં પ્રભુની પરોક્ષતા છે. સેવા વિના મુખ્ય પુષ્ટિફલની પ્રાપ્તિ અસંભવિત છે. આથી શ્રીકૃષ્ણસેવા સદા કરવી એ જ પુષ્ટિજીવોનું એકમાત્ર મુખ્ય કર્તવ્ય છે. દુર્ભાગ્યે કલિકાલના દોષોથી દુ:ષિત થયેલી આપણી દષ્ટિ શ્રીમહાપ્રભુજીના અલૌકિક સિદ્ધાંતોનું અવલોકન કરવાને બદલે સાંપ્રત સમયના ધંધાકીયરૂપે ચાલતા કહેવાતા પુષ્ટિમાર્ગીય જાહેર મંદિરોમાંની સેવા-સામગ્રીના મનોરથોના પ્રદર્શનનું દર્શન કરવા તથા દેવ દ્રવ્યના પ્રસાદી કોળિયા ભરવા જ ટેવાયેલી છે. વિશેષમાં ગમે તે સમયે-સ્થાને તથા ગમે તે વ્યક્તિવિશેષ દ્વારા આડેધડ આપવા-લેવામાં આવતી બ્રહ્મસંબંધદીક્ષાની આધુનિક કુપરંપરા (અપસિદ્ધાંત)ને પોષણ આપનારી બની ગઈ છે. આવા કથાકથિત પુષ્ટિમાર્ગીયોને શ્રીમહાપ્રભુજીનો પુષ્ટિભક્તિમાર્ગ / સેવામાર્ગ સંતોષ ન આપી શકે તો તેમાં બિચારા પુષ્ટિમાર્ગનો શું વાંક ? જેવી રીતે વૈદિક ધર્મ અને સિદ્ધાંતો સનાતન છે તેમ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત પુષ્ટિભક્તિમાર્ગ અને તેના સિદ્ધાંતો પણ કોઈપણ સમયે, સ્થાને કે વ્યક્તિથી અપ્રભાવિત રહેનારા સદા સનાતન જ છે. પુષ્ટિમાર્ગની પ્રતિબદ્ધતા તો કેવળ શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રગટિત સિદ્ધાંતો સાથે જ હતી, છે અને સદાકાળ શાશ્વત રહેવાની જ છે એમાં સંશય નથી.

શ્રીમહાપ્રભુજીની વાક્‌સુધાને પૂ. પા. શ્રીગુરુદેવના મુખારવિંદે સમયાંતરે શ્રવણ કરતાં આપના કૃપાકટાક્ષથી જે કંઈ યથામતિ સમજાયું અને સ્મરણમાં રહ્યું તેને જ આ લઘુ પુસ્તિકામાં પ્રસ્તુત કરવા નમ્ર પ્રયાસ કર્યો છે. એમાં જે કંઈ સારું છે તે સર્વ કંઈ આપશ્રીનું છે. પ્રકૃતિવશ રહી ગયેલા મારા દોષો અને ત્રુટિઓનો નતમસ્તકે સ્વીકાર કરી, નામસેવાનું આ નાનકડું પુષ્પ કૃપાવારિધિ પૂ. પા. શ્રીગુરુદેવ શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના પાવન પાદારવિંદોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામસહ સાનુનય સમર્પિત છે.

અશ્રાંતોપિ હરે દોષગણનાયાં મમ પ્રભો ! ।
શ્રમમેષ્યસિ ગોપીશ ! તતો વિસ્મર સર્વથા ॥ (શિક્ષાપત્ર : ૨૮-૯)

X

= પરિશિષ્ટ =

વ્રજપરિક્રમા કરવા આતુર સૌ વાંચે અને વિચારે.....

આધુનિક વ્રજપરિક્રમા કે પિકનિક ?

જ્યાં જળની મુખ્યતા હોય એવા ભગવદ્‌સ્થાનને તીર્થ કહેવાય છે અને જ્યાં સ્થાનની પ્રધાનતા હોય એવા ભગવદ્‌સ્થાનને ક્ષેત્ર કહેવાય છે. જ્યાં જળ અને સ્થાન-ઉભયનું પ્રાધાન્ય હોય તે તીર્થક્ષેત્ર કહેવાય છે. ભગવાન તો 'તીર્થપાદ' છે એટલે કે ભગવાનના ચરણારવિંદમાં સર્વ તીર્થો બિરાજે છે. પૂર્ણબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના પ્રાગટ્યની સાથે જ સર્વ તીર્થો વ્રજમાં પધાર્યા છે. આવી અલૌકિક વ્રજભૂમિમાં ગોચારણ આદિ લીલાઓ કરતા ભગવાન શ્રીકૃષ્ણ ખુલ્લા ચરણારવિંદે નિત્ય વિહાર કરે છે. આથી આ વ્રજભૂમિનું માહાત્મ્ય સર્વ તીર્થો કરતાં પણ અધિકાધિક છે.

ભગવાન શ્રીકૃષ્ણે નંદજી વગેરે સાથે શ્રી ગિરિરાજજીની પરિક્રમા કરી છે. શ્રી બલદેવજી સ્વરૂપે પણ આપે સ્વયં તીર્થયાત્રા કરી છે. ભગવદ્ વિરહમાં ઝૂરતી શ્રી વ્રજસ્વામિનીજીઓને સાંત્વન આપવા ભગવાનનો સંદેશ લઈને આવેલા ભગવદ્‌સખા ઉદ્ધવજીએ પણ વન-ઉપવન, કુંજ-નિકુંજો, વ્રજના કુસુમિત વૃક્ષો વગેરેનું દર્શન કરતાં તથા વ્રજજનો સાથે ભગવદ્ લીલાગાન કરતાં કરતાં વ્રજભ્રમણ કર્યું હતું. (શ્રીભા : ૧૦-૪૪-૫૬). વળી શ્રીમદ્‌ભાગવતમાં વિદુરજીની તીર્થયાત્રા પણ સુપ્રસિદ્ધ છે.

સ્કંદ પુરાણના શ્રીમદ્‌ભાગવત - માહાત્મ્ય અનુસાર ભગવાન શ્રીકૃષ્ણના પ્રપૌત્ર વજ્રનાભે પણ શાંડિલ્ય મુનિ પાસેથી વ્રજલીલાનો પ્રકાર સમજીને ઉદ્ધવજીને સાથે લઈને વ્રજચોરાસી કોશની પરિક્રમા કરી હતી તથા કાળક્રમે તિરોહિત થઈ ગયેલા ભગવાન શ્રીકૃષ્ણના લીલાસ્થાનો પુનઃપ્રગટ કર્યા હતા.

'ગર્ગસંહિતા' અનુસાર કળિયુગના આશરે ૪૫૦૦ વર્ષ વીત્યા બાદ ભગવાન શ્રીકૃષ્ણ શ્રીગિરિકંદરામાંથી પુનઃ શ્રી ગોવર્ધનનાથજી સ્વરૂપે પોતાને પ્રગટ કરવા દક્ષિણ ઝારખંડમાં શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરતાં, આપશ્રી તત્કાલ વ્રજમાં પધારીને સદુપાંડે આદિ વ્રજજનોની સહાયથી શ્રીનાથજીને પ્રગટ કર્યા હતા તથા ત્યારબાદ અલૌકિક વ્રજભૂમિનું દર્શન કરવા તેમજ કાળક્રમે તિરોહિત થયેલા સારસ્વત કલ્પના ભગવદ્ લીલાસ્થાનો પુનઃ પ્રગટ કરવા આપે વ્રજયાત્રા કરી હતી, જેનો ઉલ્લેખ "શ્રી બેઠકચરિત્ર" (પ્ર. : ગો. વા. લલ્લુભાઈ છગનભાઈ દેસાઈ - પ્રથમ આવૃત્તિ સં. ૧૯૯૦) ગ્રંથના 'મથુરા ઓર મધુવનકી બેઠકકો ચરિત્ર'માં નીચે મુજબ છે :

"તા પાછે ઉજાગર ચૌબેકોં પ્રોહિતાઈ લિખિ દઈ તબ વાકી આજ્ઞા લેકેં આપ વ્રજયાત્રા કરિવેકોં પધારે. સો સંવત ૧૫૪૯ ભાદ્રપદ વદી ૧૨ શરદ ઋતુમેં વિશ્રાંતઘાટપેં સ્નાન કરિકે નેમ લેકે આપ વિશ્રાંતઘાટતેં પધારે. સો મધુવન પધારે... જા સમય શ્રીઆચાર્યજી આપ વ્રજયાત્રા કરિવે પધારે તા સમય ઈતને વૈષ્ણવ આપકે સંગ હતે. તિનકે નામ (૧) વાસુદેવદાસ છકડા (૨) યાદવેન્દ્રદાસ કુમ્હાર (૩) ગોવિંદ દૂબે સાંચોરા બ્રાહ્મણ (૪) માધવભટ્ટ કાશ્મીરી (૫) સૂરદાસજી (૬) પરમાનંદદાસજી. ઈતને વૈષ્ણવ શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી કે સંગ વ્રજયાત્રા કરિવે ગયે હતેં... તા પાછે શ્રીમથુરા પધારે. તહાં વિશ્રાંતઘાટપે બિરાજિકે પ્રથમ પરિક્રમા પૂરી કરિ ઉજાગર ચૌબેકોં એકસો રૂપૈયા દિએ."

'શ્રીબેઠક ચરિત્ર'ના ઉપરોક્ત પ્રસંગ પરથી સ્પષ્ટ જણાય છે કે, શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીની પ્રિય વ્રજભૂમિના આ અલૌકિક લીલાસ્થાનોને પુનઃ પ્રગટ દેખાડી પુષ્ટિદૈવીજીવોનો નિત્યલીલાસંબંધ દૃઢ કરવા માટે વ્રજપરિક્રમા કરી હતી. વિશેષમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, આપની સાથે કેવળ અંતરંગ સેવકો જ અને તે પણ અતિ મર્યાદિત સંખ્યામાં હતા. આપે ઉજાગર ચોબેજીની આજ્ઞા લીધી હતી, પરંતુ વ્રજયાત્રામાં સાથે રાખ્યા નહોતા. વધુમાં બાવન વર્ષ સુધીની આપની અવતારદશામાં આ વ્રજપરિક્રમાનો પ્રતિવર્ષ ક્રમ ચાલ્યો હોવાનો પણ કોઈ ઉલ્લેખ જણાતો નથી.

શ્રીમહાપ્રભુજીની આસુરવ્યામોહલીલા પછી શ્રીગુસાંઈજી પ્રભુચરણે સં. ૧૬૦૦માં પ્રથમ વ્રજયાત્રા કર્યાનું કહેવાય છે. સં. ૧૬૨૪ની વ્રજયાત્રાનું વર્ણન કરતી કવિ જગતાનંદની કૃતિ પણ મળી આવે છે. ત્યારબાદ સં. ૧૬૨૮માં શ્રીગુસાંઈજી પ્રભુચરણે શ્રીમદ્‌ગોકુલમાં દૃઢવાસ કર્યો હતો. તે સમયે આપે કરેલ વ્રજયાત્રાનું વર્ણન 'બસો બાવન વૈષ્ણવનકી વાર્તા ૧૯૦ (પીતાંબરદાસ)માં પ્રાપ્ત થાય છે, જેનો કેટલોક અંશ નીચે મુજબ છે :-

"સં. ૧૬૨૮ ફાગુન વદી ૭ કે શ્રી ગોકુલકો વાસ કિયે હતે. તબ તા ઉપરાંત ભાદ્રપદ વદી ૧૨ કો દિન સેન આર્તિ કારિકે પાછેં શ્રીગોકુલનાથજીકો સંગે લેકેં, સમૈ દેખિકે સંકોચ તેં ચલે, સો કોઈ જાને નાહીં. સો ઐસે શ્રીગુસાંઈજી આપ પધારે. તબ રાત્રિકોં શ્રીમથુરાજીમેં રહે. તા પાછેં પાસ હી ઉજાગર ચૌબેકોં બુલાએ હતે. સો ધર્મસ્થાપનકોં વાસોં વચન લિયે. સંમતિપૂર્વક પરમ પ્રીતિસોં વિધિપૂર્વક વિશ્રામઘાટ ન્હાયકે પધારે.'

તબ ચૌબેને કહી, જો-મૈં આપકે સાથ આઉં ? તબ શ્રીગુસાંઈજી ઉનસોં કહે - જો તુમ કાહેકોં શ્રમ કરો ? તુમ્હારો વચન લિયો ચાહિયે, ઓર તુમકો નિઃસ્વાર્થ કાહેકોં કરાવેં ? તબ ઉનને કહયો - જો મહારાજ ! પહિલે તો 'ભૂતેશ્વર' કો દરસનકોં પધારિયેં. તબ આપને કહયો - જો ભૂતેશ્વર યહાંતે ભલો માનેગેં. સો તહાં નાહીં પધારે. સો ઉહાંઈ તેં ઉનકોં (ઉજાગર ચૌબેનકોં) બિદા કિયે ઓર આપ આગે પધારે...'

વધુમાં શ્રીગુસાંઈજી પ્રભુચરણે કરેલ વ્રજયાત્રામાં પણ આપની સાથે કેવળ ચોવીસ અંતરંગ સેવકો હતા, જેનો નામોલ્લેખ બસો બાવન વૈષ્ણવોની વાર્તા ૧૯૦માં સ્પષ્ટ જોવા મળે છે. વિશેષમાં આ વ્રજયાત્રા આપે (વ્રજ) ભાદ્રપદ વદી ૧૨ થી (વ્રજ) ભાદ્રપદ સુદી ૭ સુધી અર્થાત્ કુલ ૧૧ દિવસમાં જ પૂર્ણ કર્યાનો ઉલ્લેખ વાર્તાપ્રસંગમાં છે. વળી, શ્રીગુસાંઈજી પ્રભુચરણે કોઈ જાણે નહિ તેમ ગુપ્ત પ્રકારે વ્રજયાત્રા સંપન્ન કરી હતી. તે સમયે ઉજાગર ચોબાજી પાસેથી ધર્મસ્થાપનનું વચન-સંમતિ લઈને પછી તેમને દાન-દક્ષિણા આપીને વિદાય કર્યા હતા, પંરતુ વ્રજયાત્રામાં સાથે રાખ્યા નહોતા.

તત્પશ્ચાત્ શ્રીગુસાંઈજી પ્રભુચરણના સાત ભગવદાત્મજોએ પણ વર્તમાન સમયમાં પ્રચલિત એવી કોઈ વાર્ષિક વ્રજપરિક્રમાનો ક્રમ પ્રસ્થાપિત કર્યાનું જણાતું નથી. ૮૪ અને ૨૫૨ ભગવદીયોના વાર્તાચરિત્રોનું અવગાહન કરતાં જણાય છે કે તે સમયે શ્રી ગોકુલ અને શ્રીજી દ્વારમાં આવતા ભગવદીયો વ્રજયાત્રા કરતાં પહેલાં શ્રી ગુરુઆજ્ઞા અવશ્ય લેતા હતા. શ્રી ગુરુઆજ્ઞા પ્રાપ્ત કરીને પછી આ મહાન ભગવદીયો સ્વતંત્રપણે એકલા અથવા તો કોઈ ભગવદીયના સંગમાં જ વ્રજયાત્રા ભાવપ્રીતિપૂર્વક લીલાનુભવ માટે કરતા હતા. વિશેષમાં તે સમયના ભગવદીયોને વ્રજપરિક્રમા માટે કોઈ ચોક્કસ સંઘ / સમૂહની અપેક્ષા અથવા તો કોઈ નિશ્ચિત માસ, તિથિ, વારની અનિવાર્યતા પણ ક્યારે જણાઈ નહોતી. વાર્તાગ્રંથોનું અવગાહન કરતાં આ વાત દીવા જેવી સ્પષ્ટ તરી આવે છે.

વ્રજપરિક્રમા - વ્રજયાત્રા - તીર્થાટન કરવાનું પ્રયોજન અને તેનો મૂળ આશય ''તંત્વાર્થદીપ - સર્વ નિર્ણય નિબંધ કારિકા ૨૪૭''માં શ્રીમહાપ્રભુજી નીચે મુજબ જણાવે છે :

વિક્ષેપાદથવાશકત્યા પ્રતિબંધાદપિ ક્વચિત્ ।
અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિ સંભવે ।
તીર્થપર્યટનં શ્રેષ્ઠં સર્વેષાં વર્ણિનાં તતઃ ॥

અર્થાત્ ભગવદ્સેવામાં સ્વતઃ પ્રવૃત્તિ વગરની ઈન્દ્રિયોને યોજતાં જો વિક્ષેપ કરે અને વ્યગ્રતા ઉત્પન્ન કરે, વૃદ્ધાવસ્થા કે રોગાદિથી ભગવદ્સેવામાં અશક્તિ અનુભવાય, ક્યારેક લોકો પ્રતિબંધ કરે અને પરિણામે સેવામાં અવરોધ સંભવે, પોતાનો સંસારમાં અત્યાગ્રહ થાય અને પોતે અજ્ઞાનમાં પ્રવેશેલો ભગવદ્સેવા-સ્મરણ કરી ન શકે તથા પારકાથી પોતાને પીડા થતી હોય અથવા તો પોતે પારકાને પીડારૂપ બનતો હોય - આ પાંચ પ્રકારના દોષો જ્યારે ભગવદ્સેવામાં ઉદ્ભવે ત્યારે સેવાનો ત્યાગ કરવો અને પ્રતિબંધ કરનારા પાપોના નાશ માટે તીર્થ-પર્યટન કરવું. સર્વવર્ણના લોકો માટે ભગવદ્ભક્તિના અનુકલ્પરૂપે તીર્થાટન ઉત્તમ છે.

યાત્રાનો અર્થ છે - ''યાતિ ત્રાતુમાત્માનમિતિ યાત્રા'' અર્થાત્ આત્માના ઉદ્ધાર માટે જાય તે યાત્રા, અને જાત્રાનો અર્થ છે - ''જાયતેઽન્યેષાં ત્રાસાર્થમિતિ જાત્રા'' અર્થાત્ બીજાને ત્રાસ આપવા જાય તે જાત્રા. ભગવદ્સેવાના અનુકલ્પરૂપે વ્રજપરિક્રમા-તીર્થાટન કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજી કરે છે. આજના યુગમાં મોટા ભાગના લોકો જાત્રા કરે છે અને ઓછા લોકો યાત્રા કરે છે. આ તીર્થાટન - પરિક્રમા - વ્રજયાત્રા નવરાશના કે ફુરસદના સમયમાં મોજશોખરૂપે / આનંદપ્રમોદરૂપે મનોરંજન માટે નથી જ, પરંતુ વ્રજની અલૌકિક ભૂમિમાં વ્રજવિહારી શ્રીવ્રજાધિપને શોધવા માટે છે. વ્રજમાં ભગવદ્ભજનપરાયણ ભગવદીયોનો સત્સંગ કરવા માટે છે. સંસારીજનો સ્વાર્થપૂર્તિ માટે, સમય પસાર કરવા માટે, વૃથા આત્મસંતોષ અર્થે કે પછી પુણ્યપ્રાપ્તિ માટે વ્રજયાત્રા કરતા હોય છે. સત્પુરુષો તીર્થોને પાવન કરવા યાત્રા કરે છે. વિદુરજીએ છત્રીસ વર્ષ સુધી એકલા જ રહીને તીર્થયાત્રા કરી હતી. યાત્રા કેવી રીતે કરવી તે સંબંધમાં આજ્ઞા કરતાં શ્રીસુબો : ૩/૧/૧૮-૧૯માં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે :-

''પરબ્રહ્મ શ્રીકૃષ્ણની ક્રીડાભૂમિ-વ્રજ, મથુરા, ગોકુલ, વૃંદાવન, ગોવર્ધન, વન-ઉપવન, કુંજ-નિકુંજ, શ્રીયમુનાજી વગેરે જલક્રીડાસ્થાનોનું સેવન કરનારને પુણ્યોપલબ્ધિ સાથે ભગવદ્ભક્તિ પણ ઉત્પન્ન થાય છે. અતઃ ભગવદ્પ્રાપ્તિનો વિરહભાવ હૃદયમાં રાખી સદા વ્રજવિહારી શ્રીકૃષ્ણના અન્વેષણ અર્થે વ્રજપરિક્રમા કરવી જોઈએ. વિશેષમાં આંતર અને બાહ્ય નિયમો લઈને નિર્વાહ કરવો જોઈએ. ભગવાનને સંતુષ્ટ કરનારા ચાર વ્રતો-એકાદશી ઉપવાસ, સર્વભૂતમાત્ર પર દયા, યથાલાભસંતોષ અને સર્વ ઈન્દ્રિયોનો સંયમ આચરવા જોઈએ. સ્વજનાદિ લોકસંગનો ત્યાગ પણ જરૂરી છે. પવિત્ર અને એકાંત સ્થાનમાં ભગવાનના ધ્યાનાદિ (ભગવદ્સેવા-સ્મરણ-કીર્તન વગેરે) અર્થે

બેસવું જોઈએ. એક ટંક પ્રસાદી ભોજનથી નિર્વાહ કરવો જોઈએ. (સ્વાદ માણવા ગમે તે અને ગમે ત્યાં ખાવાની વ્રજમાં છૂટ છે એવી ભ્રામક અને મનકલ્પિત માન્યતાથી સર્વથા દૂર રહેવું જોઈએ.) ભૂમિ ઉપર શયન કરવું જોઈએ. (આધુનિક સુવિધાઓ રૂપ પલંગ-ગાદલાં વગેરે વપરાય નહીં.) સવાર, બપોર અને સાંજે - એમ ત્રિકાલ સ્નાન કરવું જોઈએ. (શેમ્પૂ-સાબુ-સુગંધી દ્રવ્યોના ઉપયોગથી દૂર રહેવું જોઈએ) પરિક્રમાને યોગ્ય અવધૂતવેશ (સાદગીપૂર્ણ સ્વમાર્ગીય પહેરવેશ) ધારણ કરવો જોઈએ. (શરીરશોભા, બાહ્ય ભપકો, પાશ્ચાત્યવેશ, પૈસાનું પ્રદર્શન દેખાય તેવા વસ્ત્રો પહેરવા જોઈએ નહીં.) માન-મોટાઈ, દંભ-આડંબર, તૃષ્ણા-ધૂર્તતા, કામ-ક્રોધ-લોભ-ઈર્ષ્યા વગેરેનો ત્યાગ કરી દીનભાવે અને સૌથી અલિપ્ત રહીને વ્રજયાત્રા કરવી જોઈએ. આ બધું ભગવદ્પ્રસન્નતા-કૃપાપ્રાપ્તિના કારણરૂપ છે.''

શ્રીમહાપ્રભુજીની ઉપરોક્ત અમૃતવાણી વ્રજપરિક્રમા કેવી રીતે, ક્યારે અને શા માટે કરવી તે સંબંધી આપણા જેવા આધુનિક જીવોને માર્ગદર્શન આપે છે. ઉપરોક્ત વચનાવલિના પાલનથી જીવના રાજસ-તામસ ભાવો નિવૃત્ત થઈ હૃદયમાં સાત્વિક ભાવ ઉદય પામે છે. સત્ત્વશુદ્ધિ થતાં ભગવદ્ ભાવમાં વૃદ્ધિ થાય છે. ખુલ્લાપગે ચાલવાથી દેહદમન અને એકવાર પ્રસાદી ભોજન કરવાથી ઈન્દ્રિયદમન-આમ આધ્યાત્મિક તપશ્ચર્યાનું પણ અનાયાસે પાલન થાય છે. વ્રજયાત્રા ત્યાગ, તાપ અને તપ સહિત પ્રભુવિરહની ઉત્કટ તાપ-ક્લેશની ભાવના સાથે કરવાની છે.

વિશેષમાં તીર્થ (વ્રજ)માં જવું પુણ્યરૂપ છે, યજ્ઞથી પણ વિશેષ છે. (તીર્થ ચિંતામણિ). તીર્થાટન-વ્રજયાત્રાનું તાત્પર્ય શ્રીકૃષ્ણમાં જ છે - કેવળ શ્રીકૃષ્ણ જ છે, પુણ્ય વગેરે નથી. મનપસંદ ટોળામાં કે આધુનિકતમ સુવિધાઓયુક્ત સંઘ શોધીને નવરાશના સમયમાં ફરવા માટે કે વધારાનું નાણું વેડફવા માટે પણ નથી, પરંતુ કોઈપણ પ્રકારની લૌકિક કામનાઓથી રહિત, નિઃસ્પૃહ ભાવથી તથા ભગવદ્ સ્વરૂપ, નામ અને લીલાના ગુણગાન સાથે કરવી જોઈએ. ચિત્તમાં સહેજ પણ વ્યગ્રતા કે સંતાપ વિના કરવી જોઈએ. વળી, હૃદયના શુદ્ધ ભાવથી પૂર્ણ શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ, કારણ કે -

અશ્રધ્ધાનઃ પાપાત્મા નાસ્તિકોઽચ્છિન્ન સંશયઃ ।
હેતુનિષ્ઠશ્ચ પંચૈતે ન તીર્થફલ ભાગિનિઃ ॥

અર્થાત્ અશ્રધ્ધાળુ, પાપાચરણ કરનાર, નાસ્તિક, જેના સંશયો નાશ પામ્યા નથી એવો અને અન્ય કાર્યના હેતુવાળો - આ પાંચને તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત થતું નથી.

'શાસ્ત્રાર્થ નિબંધ કારિકા ૪૭-૪૮-૪૯ માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે -

તીર્થાદાવપિ યા મુક્તિઃ કદાચિત્ કસ્યચિદ્ ભવેત્ ।
કૃષ્ણપ્રસાદયુક્તસ્ય નાન્યસ્યેતિ વિનિશ્ચયઃ ॥૪૭॥
સેવકં કૃપયા કૃષ્ણઃ કદાચિન્મોચયેત્ કવચિત્ ।
તન્મૂલત્વાત્ સ્તુતિસ્તસ્ય ક્ષેત્રસ્ય વિનિરૂચ્યતે ॥૪૮॥
તસ્માત્ સર્વં પરિત્યજય દૃઢવિશ્વાસતો હરિમ્ ।
ભજતે શ્રવણાદિભ્યો યદ્વિધાતો વિમુચ્યતે ॥૪૯॥

અર્થાત્ તીર્થાદિમાં પણ ક્યારેક કોઈની જો મુક્તિ થાય તો તે શ્રીકૃષ્ણકૃપાવાળાની જ થાય છે, બીજાની નહિ. એ વિનિશ્ચિત છે. શ્રીકૃષ્ણ સ્વકૃપાથી ક્યારેક અને ક્યાંક સેવકને મુક્ત કરે છે. તે કારણથી જ તીર્થક્ષેત્રની સ્તુતિનું (ભગવદ્અંગરૂપે) નિરૂપણ થાય છે. આથી સર્વ કામનાઓ ત્યજી દૃઢ વિશ્વાસથી શ્રવણાદિ સાધનો વડે ભગવાનમાં પ્રેમ થાય એ પ્રકારે ભગવદ્ભજન કરવું જોઈએ.

આમ, વ્રજયાત્રાનું લક્ષ્ય માત્ર પર્યટન, પુણ્યાદિની પ્રાપ્તિ કે કેવળ મનોરંજનનું ન હોવું જોઈએ, પરંતુ ભગવદ્લીલાનું અનુસંધાન, ભગવદ્ ગુણાનુવાદ અને પ્રભુપ્રસન્નતા છે એમ વિચારીને જ કરવી જોઈએ, પરંતુ સાંપ્રત કરાલ કલિકાલમાં સૌની મતિ અને રતિ જ વિપરીત થઈ ગઈ છે. વ્રજયાત્રા / પરિક્રમા / તીર્થાટન કરવાનો મૂળભૂત આશય જ તિરોહિત થઈ ગયો છે. વ્રજપરિક્રમા શા માટે કરવી જોઈએ તે જાણવા, પૂછવા કે વિચારવાની કોઈને ફુરસદ જ નથી. તો પછી શ્રીગુરુઆજ્ઞા લેવાનો વિચાર જ ક્યાંથી આવે ? વર્તમાનકાલમાં મોટાભાગનો સેવકસમાજ વણિકવર્ગનો છે. જે અતિ ચતુર, નફા-નુકશાનનો પ્રથમ હિસાબ કરનાર. ''વંચનેન કાર્યસિધ્ધિર્વૈશ્યતા (શ્રીસુબો : ૧-૩-૧૫)'' અર્થાત્ છેતરપિંડી કરીને કાર્યસિધ્ધ કરવું એ વાણિયાપણું - એ ઉક્તિને અક્ષરશઃ જીવનમાં આચરણીય કરી દેખાડનાર તેમજ સાથે સાથે પ. ભ. (પરમ ભયરૂપ કે ભ્રમરૂપ ?) કહેવડાવનાર, પુસ્તકોમાં છપાવનાર, પત્રમાં અન્યને લખનાર અને બીજા પાસે આત્મપ્રશંસાર્થે લખાવનાર છે. કહેવાય છે કે પક્ષીઓમાં કાગડો ચતુર અને માણસોમાં વાણિયો ચતુર. આપણા આ વણિક વૈષ્ણવ બાંધવો સારી રીતે જાણે છે કે શ્રી ગુરુઆજ્ઞા લેવામાં ક્યા ક્યા ભયસ્થાનો છે.

વ્રજપરિક્રમા કરવાનું પૂર્વ આયોજન વર્ષ અગાઉ થઈ ગયું હોય, તૈયાર ભોજન-રહેઠાણના પૈસા એડવાન્સ ડીપોઝીટ રૂપે ભરાઈ ગયા હોય, ૪૦-૪૫

દિવસની પિકનિકમાં મહાલવાના ભાગીદારો પણ નક્કી કરી લીધા હોય, આવવા-જવાની રેલવે-ટિકિટોનું એડવાન્સ બુકીંગ થઈ ગયું હોય, અનાથાશ્રમમાં પૂરી દીધેલા આપણા પ્રાણપ્રેષ્ઠ એવા જગન્નાથ શ્રીકૃષ્ણના નામે ભીખ માગીને થતા ધંધાદારી મનોરથી તરીકે આપણું નામ ચોપાનિયામાં છપાઈ ચૂક્યું હોય - આમ, સુનિયોજિત રૂપે કેવળ લોકપ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા અર્થે વ્રજયાત્રા કરવાના કોડ સેવી પૂર્વ આયોજન થઈ ગયું હોય તો પછી ભલા માણસ, શ્રીગુરુદેવની આજ્ઞા લેવા જતાં કંઈક વિપરીત આજ્ઞા થઈ જાય તો ? તો પછી મોટું ધર્મસંકટ જ આવી પડે ! વ્રજપરિક્રમા કરવી જ છે, તો પછી ગુરુદેવને કંઈ પૂછવું જ નહિ. વિનંતી પણ કરવી નહિ કે આજ્ઞા પણ લેવી નહીં. તેમાય વળી સંપૂર્ણ શ્રીવાલ્લભસિધ્ધાંતનિષ્ઠ આપણા પૂજ્યપાદ શ્રીગુરુદેવ શ્રીદેવકીનંદનાચાર્યશ્રીની આજ્ઞા લેવા જતાં પહેલાં તો હજાર વાર વિચાર કરવો પડે ! પરંતુ દુર્ભાગ્યે વર્તમાન સમયમાં આપણા ચતુર્થગૃહનો આ વણિકવૈષ્ણવસમાજ વ્રજપરિક્રમા કરવા જતાં પહેલાં પૂ. પા. શ્રીગુરુદેવની આજ્ઞા લેવાની વાત તો બાજુ પર રહી, પરંતુ વ્રજપરિક્રમાનું સાચું સ્વરૂપ, તેનો ઉદ્દેશ અને તેમાં સંકળાયેલ પોતાના આધિદૈવિક હિત સંબંધી જાણકારી પ્રાપ્ત કરવા ક્યારે પણ પ્રશ્ન પૂછતો નથી, પરંતુ અધિકાધિક છૂટછાટો આપે તેવા ગુરુઓની શોધમાં ભટકે છે. જે ગોસ્વામી બાળક-વહુજી-બેટીજી શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિધ્ધાંતોમાં સૌથી વધુ છૂટછાટો આપે તે જ સૌથી વધુ સારા ! આ છે આપણી મનોદશા ! પરંતુ હે વૈષ્ણવબાંધવો ! સહેજ સ્વમાર્ગીય ગ્રંથો પર તો દૃષ્ટિપાત કરો ! દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ 'અણુભાષ્ય-પ્રકાશ'માં આ સંબંધી આજ્ઞા કરે છે કે - ''ગુર્વભાવે તત્પુત્રઃ તદભાવે તત્પત્ની, તદભાવે તત્કુલમ્'' (ભૂતળ પર શ્રીગુરુદેવની વિદ્યમાન અવસ્થામાં જો શ્રી ગુરુદેવ પોતાના આત્મજ પાસે ''ગુરુકલ્પીય'' (ગુરુસ્થાનીય) કાર્ય સંપાદન કરાવવા ઈચ્છતા હોય તો પણ ચાર બાબતો વિચારણીય બને છે - (૧) શ્રી ગુરુઆજ્ઞા (૨) આત્મપ્રતિનિધિત્વ (૩) આત્મજ-પુત્રની યોગ્યતા (૪) શાસ્ત્ર નિર્ણય.

ઉપર્યુક્ત ચારે બાબતોનો પ્રામાણિક નિર્ણય પણ શ્રી ગુરુમુખે સ્વતઃ સિદ્ધ થઈ જાય છે. તેથી જ શ્રેય સિદ્ધિ માટે અગ્રેસર થતા મનુષ્યને શાસ્ત્ર આદેશ આપે છે કે - સર્વદા, સર્વ કાર્યમાં પ્રથમતઃ ગુરુઆજ્ઞા પ્રાપ્ત કરવી.)

અર્થાત્ જો શ્રીગુરુ વિદ્યમાન ન હોય તો જ શ્રીગુરુપુત્રની આજ્ઞા લેવી. તે પણ વિદ્યમાન ન હોય તો શ્રીગુરુપત્નીની આજ્ઞા લેવી. તે પણ વિદ્યમાન ન હોય તેમનાકુળના કોઈ ગોસ્વામી બાળકની આજ્ઞા લેવી, પરંતુ શ્રીવાલ્લભસંપ્રદાયમાં બિરાજતા ગમે તે શ્રીવલ્લભવંશજ ગોસ્વામી બાળક, વહુજી કે બેટીજીની આજ્ઞા આપણાથી કદી લેવાય નહિ.

આપણા અલૌકિક મૂળદ્વાર-ચતુર્થગૃહમાં સંપૂર્ણ શ્રીવાલ્લભસિધ્ધાંતનિષ્ઠ એવા શ્રીગુરુદેવ પૂજ્યપાદ શ્રીદેવકીનંદનાચાર્યશ્રી બિરાજમાન છે જ. તો પછી શા માટે મનફાવે ત્યાં આપણે ભટકી રહ્યા છીએ ? એક ગોસ્વામી બાળક પાસેથી દીક્ષા લેવી અને બીજા ગોસ્વામી બાળક પાસેથી આજ્ઞા તેમજ આપણી મનપસંદ છૂટછાટ મેળવવી - આમ કરવા જતાં પુષ્ટિમાર્ગમાં ઘોર અવ્યવસ્થા ફેલાઈ જશે. ગમે તેની આજ્ઞા લેવા જતાં સ્વમાર્ગીય શિસ્ત કદી જળવાશે નહીં. પછી તો આપણે પુષ્ટિમાર્ગીય તરીકે કહેવડાવવા અને એક શ્રીવલ્લભીય સેવક તરીકે જીવવા પણ લાયક રહીશું નહીં.

વિશેષમાં આપણા આ આધુનિક વણિકસેવકોની શ્રીગુરુદેવ સમક્ષ સુવ્યવસ્થિત છેતરપિંડી, નરી આત્મવંચના તથા સ્વપ્રસિધ્ધિ-પ્રશંસાર્થે લોકમાં વાહ-વાહ કરવાની અદ્‌ભૂત કળા તો જરા જુઓ ! જાણે-અજાણે શ્રીમહાપ્રભુજીના અક્ષમ્ય અપરાધી બનવાનું આ ચતુરાઈપૂર્ણ નાટક તો સહેજ નિહાળો ! પૂર્વ આયોજન સાથે પરિક્રમા કરવા વ્રજમાં આવતા આપણા સેવકબંધુઓ શ્રીગુરુદેવની આજ્ઞા લેવા આવતા નથી, પરંતુ ખબર આપવા આવે છે કે, અમે વ્રજપરિક્રમા કરવા જઈ રહ્યા છીએ ! સવિનય જણાવવા કે અમે બિસ્તર-પોટલા બાંધીને વ્રજપરિક્રમા કરવાની તૈયારી સાથે અહીં આવી ગયા છીએ ! આપ આજ્ઞા આપો કે ન આપો - અમે તો વ્રજપરિક્રમા કરવાના દૃઢ નિર્ધાર સાથે જ આવ્યા છીએ.

પરંતુ હે વણિકસેવકબંધુઓ ! આપણા પૂજ્યપાદ શ્રીગુરુદેવે આવી વ્યવસાયિક સ્વરૂપે ચાલતી વ્રજપરિક્રમા (આધુનિક પિકનિક ?)ને કદી પ્રોત્સાહન આપ્યું નથી, આપતા પણ નથી તથા ક્યારે પણ આપશે જ નહીં એ નિશ્ચિત જાણજો. વિશેષમાં આવી ધંધાકીય વ્રજપરિક્રમામાં સામેલ થવાં આતુર સેવકજનોને આપે કદી રોક્યા નથી. વાંચો - આ રહ્યા આપશ્રીના વચનામૃત :-

('પ્રશ્નોત્તરી' પ્રકાશક : શ્રીમદ્‌ચતુર્થપીઠ, શ્રીગોકુલ, પૃ. ૩૭)

પ્રશ્ન-૧૮ : આપશ્રી લીલી પરિક્રમા ક્યારે કાઢવાના છો ? ન કાઢવા માગતા હો તો શા માટે નહીં ? અન્ય કાઢે છે તેમાં અમારે ન જવું તેવું આપ કહો છો, શા માટે રોકો છો ? કોઈ કારણ દર્શાવો તો આભારી થઈશ.

ઉત્તર : વલ્લભભાઈ, દુષ્કાળ બે પ્રકારના હોય છે - એક સૂકો અને બીજો લીલો. અત્યારે આ યુગના ભોગવાદ અને પૈસાની અતિવૃષ્ટિએ એટલું

બધું લીલું કરી દીધું છે કે, આ જગતમાં ડૂબકી મારીને લીલા પરિક્રમા ક્યાં શોધવા ઉતરું ? તેથી મને તો મારી લીલી પરિક્રમા નથી મળતી, પરંતુ એક વાત આપના હૃદયમાં તદ્દન સ્પષ્ટ કરી લેજો કે મેં લીલી પરિક્રમા અથવા અન્ય કોઈપણ યાત્રા કે પરિક્રમા જેવા આયોજનોમાં જતા લોકોને કદીય રોક્યા નથી અને રોકતો પણ નથી ! રહ્યો પ્રશ્ન - વૈષ્ણવોએ લીલી પરિક્રમાનું સ્વરૂપ, પ્રયોજન, પ્રકાર અને ઈતિહાસ જાણવાનો. તે તો શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની વાણી તથા આપશ્રીના ચોરાસી-બસોબાવન ભગવદીયો જ બતાવી શકે છે. વાર્તાસાહિત્ય વાંચતાં આપ આ બધું જાણી શકશો. અને બીજું તો વલ્લભભાઈ, આપના પ્રશ્ન પ્રમાણે લોકો, જો મારા એટલા આજ્ઞાંકિત હોય કે મારા રોકતાં રોકાઈ જતા હોય અને મારા કહેવાથી કરતા થઈ જતા હોય તો મને અને તમને આવું કહેવાનો સમય આવ્યો હોત -

''રામરાજ્ય આયો અબે, દૂધન કરહુ સ્નાન
લોક સબે સુખ ચૈન અરૂ, ધરમ કરમ પરમાન.'' (પ્રશ્નોત્તર સમાપ્ત)

વર્તમાન સમયમાં મહિનાઓ અગાઉ વિવિધ યાત્રાસંઘો દ્વારા અનેક પ્રકારની લોભામણી તેમજ આધુનિકતમ સુવિધાઓસભર વ્રજપરિક્રમાની જાહેરાતો પ્રકાશિત થતી હોય છે. આ રહ્યા તેના બે અદ્ભુત નમુના -

(૧) ('વૈષ્ણવ પરિવાર' નવેમ્બર, ૧૯૯૯ના અંકમાંથી)

''સગવડો - એક કોટેજમાં ચાર વૈષ્ણવો. ચાર વ્યક્તિ બેસી શકે તે માટે ચાર ખુરશી સહિતનો અલાયદો ખંડ. ચાર નવા સ્ટીલના પલંગ, નવા ગાદલા, નવા ઓશીકાં, નવી ચાદરો અને નવી રજાઈઓની સુવિધા. સાથે એટેચ્ડ શૌચાલયની સગવડ. જમીન ઉપર કાર્પેટ. દરેકને સવારે દૂધ-ચા-કોફી અને નાસ્તો, બપોરે પ્રસાદ, સાંજે દૂધ-કોફી અને રાત્રે પ્રસાદની વ્યવસ્થા.''

(૨) ('ખડાયતા જ્યોતિ' જુલાઈ ૨૦૦૫ના અંકમાંથી)

'જે ભાવિક વૈષ્ણવોને શ્રીઠાકોરજી પધરાવીને આવવું હોય તો અમારા ત્યાં ભીતરીયા દ્વારા સામગ્રી બનાવીને ભોગ ધરાવવા માટે વ્યવસ્થા. સવારે નહાવા માટે ગરમ પાણી, પછી ચા-કોફી અને યાત્રાથી પાછા ફરતાં લીંબુનું શરબત-છાશ. બપોરે ભોજનમાં દાળ-ભાત-શાક-રોટલી-કઠોળ વગેરે. બપોરે ચા-કોફી. સાંજે પુરી-શાક-ચોપડા-કઢી વગેરે. નવી નવી વાનગીઓ પીરસવાની સગવડ થશે. અઠવાડિયામાં એક મિષ્ટાન્ન પીરસવામાં આવશે.'

સાથે ચોપાનિયામાં લલચાવવા છપાય છે - આધિદૈવિક વ્રજપરિક્રમા-ચતુર્થગૃહના ઈતિહાસમાં સો વર્ષ પછી પ્રથમ વાર આયોજિત વગેરે વગેરે.

સાથે છપાય છે નોવેલ્ટીપૂર્ણ નવા નવા મનોરથોની માયાજાળ... (જેવા કે મોમેન્ટો મનોરથ, આઈડેન્ટીટી કાર્ડ મનોરથ) પણ ભાઈ ! મનોરથોનો અર્થ તો કંઈક સમજો. મનોરથો તો સેવાનું એક અંગ છે. ભગવદ્સેવાની માફક સ્વગૃહે જ સ્વતનથી અને સ્વવિત્તથી ગુપ્ત પ્રકારે થાય. સેવાના ભોગે કે પ્રતિષ્ઠા-પ્રસિધ્ધિ માટે તેને આદર કે ઉત્તેજન કદી અપાય નહીં. ભોજનમાં વિવિધતા જળવાય તે માટે ફરસાણ ખવાય. પરંતુ કેવળ રાત-દિવસ એકલા ફરસાણ જ ખાધા કરીએ તો બીમાર પડી જવાય. શ્રીમહાપ્રભુજી બચાવે કલિયુગના આવા કીમિયાગરોથી.

ચોરાસી લાખ યોનિમાં ભટકીને જીવાત્મા જે પરમાનંદની પ્રાપ્તિ કરી શક્યો નથી તેને જ્યારે આ મહામૂલો-દુર્લભ એવો મનુષ્યદેહ મળ્યો છે, ત્યારે ''સદા વ્રજમેં હી કરત વિહાર'' એવા વ્રજવિહારી શ્રીવ્રજાધિપને ચોરાસી કોસના આ વ્રજમંડલને છોડીને બીજે શોધવો પણ ક્યાં ? આથી જ મહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણના અંતરંગ ભગવદીયોએ જ્યારે વ્રજયાત્રા કરી હતી ત્યારે ભગવદ્વિરહનો તાપ અને હૃદયની તીવ્રતમ ઉત્કંઠા સાથે પોતાની રસનાથી શ્રીરાસવિહારીના રસમધુર ચરિત્રોનું રસાસ્વાદન કરતાં અને શ્રીવ્રજવિહારીના વિહારસ્થલોની વ્રજરજમાં સ્નાન કરતાં કરતાં ભગવદ્લીલાની અનુભૂતિ સાથે પોતાનું પરમ સૌભાગ્ય માન્યું હતું. આ મહાન ભગવદીયોની જીવનચર્યા એટલી બધી તો સરળ-સાદી અને પ્રભુશ્રમરહિત હતી કે, વ્રજયાત્રા કે ગૃહસેવામાં સહેજ પણ તારતમ્ય જણાતું નહોતું, પરંતુ મોટાઓનું અનુસરણ થાય, અંધ અનુકરણ નહિ, નહિ તો પેલી ગુજરાતી કહેવત અનુસાર 'લાંબા જોડે ટૂંકો જાય ને મરે નહિ તો માંદો થાય.'

દુર્ભાગ્યે સાંપ્રત સમયમાં વ્રજપરિક્રમાની અલૌકિક ભાવના અને તેનો મૂળભૂત હેતુ દિન-પ્રતિદિન વિકૃત એવં વ્યવસાયિક રૂપમાં પરિવર્તિત થતો જાય છે. ભગવદ્ભાવને બદલે અર્થ અને અહંપોષણનું પ્રાધાન્ય જોવા મળે છે. ખુલ્લા પગે ચાલવાને બદલે ભાડૂતી વાહનો/ઘોડાગાડીમાં બેસીને જીવનમાં એકવાર વ્રજપરિક્રમા કર્યાનો મિથ્યા આત્મસંતોષ લેવાની રુચિ વધતી જાય છે. કોઈકે સાચું જ કહ્યું છે કે, ઘોડાગાડીમાં બેસીને વ્રજપરિક્રમા કરનાર અંતે અહીં જ મૃત્યુલોકમાં જ ફર્યા કરશે અને પોતાના પગે ચાલનાર પેલો ઘોડો એક દિવસ ગોલોકમાં અવશ્ય જશે.

હવે તો ઉપલબ્ધ છે - મોબાઈલ ફોન, બેંક, પોસ્ટ-ઓફિસ, જનરેટરો, હોસ્પિટલો, રેડિયો, ટી. વી., સીડી, કેસેટોનું મનપસંદ મનોરંજન, ભૂમિશયનના

બદલે ફોલ્ડીંગ પલંગની આરામપ્રદ શય્યા, સ્વસેવ્યસ્વરૂપ માટે બે માસની હક રજા મંજૂર કરી કોઈને સોંપી - આમ ભગવદ્‌સેવા છોડીને વ્રજપરિક્રમા કરવા આવતા વૈષ્ણવો તથા સ્વયં રસોઈ કરીને પ્રસાદી ભોજન લેવાના સ્થાને લૌકિક જિહ્વાને લલચાવતાં ધંધાકીય રસોડાના અસમર્પિત મિષ્ટાન્નના ખુમચા. હવે જોવા મળે છે ફાસ્ટફુડ પેકેટો આરોગતા અને હાલતા-ચાલતાં પાન-ગુટકાની પિચકારીઓથી વ્રજભૂમિને અપવિત્ર કરતા તથા પાશ્ચાત્ય આચાર-વિચાર-વેશભૂષાથી વ્યાપ્ત બની નિશ્ચિંતતાથી મુક્ત વિહાર કરતા આબાલ-વૃધ્ધ-યુવા વર્ગની વિવિધ રેલીઓ. હવે માત્ર બાકી રહે છે - સરકાર વ્રજયાત્રાને એક પિકનિક ઘોષિત કરીને ટેક્ષ ઉઘરાવે એટલી જ ઔપચારિકતા.

વિશેષમાં વ્રજભૂમિમાં બિરાજતા શ્રીબેઠકજીમાં ઝારીજી અને મિસરી ભોગ ધરવાની તથા સરાવવાની એવી તો હરિફાઈ ચાલે છે કે શ્રીમહાપ્રભુજી પણ વિચારે છે કે, આટલું બધું જળ અને મિસરી હું એક જ દિવસમાં કેવી રીતે આરોગી શકીશ ? અને તે પણ વૈષ્ણવોના આવા હઠાગ્રહથી તેમજ આટલી બધી ઝડપથી ? સ્વામીસુખની ભાવના ચાલી ગઈ છે અને માત્ર ક્રિયા જ રહી ગઈ છે. કોને રોકવા ? કોને સમજાવવા ?

અયં તુ યુગધર્મો હિ વર્તતે કસ્ય દૂષણમ્ ।
અતસ્તુ પુંડરીકાક્ષઃ સહતે નિકટે સ્થિતઃ ॥
(પદ્મપુરાણ-શ્રીમદ્‌ભાગવત માહાત્મ્ય : ૧-૭૭)

અર્થાત્ આ તો કલિયુગનો ધર્મ છે એમાં કોને દૂષણ આપીએ ? એટલા માટે કમલનયન ભગવાન પણ નિકટ રહીને કલિયુગના ધર્મો સહન કરે છે.

આમ, ખાનપાન-ખાટપાટ વગેરેનું વર્ચસ્વ વધતું જાય છે અને હૃદયનો ભાવ ઘટતો જાય છે. અંતે પેટ અને પ્રકૃતિ સૌની સાથે જ હોયને ! આથી જ વિકૃતિ આવે છે. આ પ્રકારે ચોરાસી કોસ પરિક્રમા કરતાં જીવની ભવચોરાસી કદાપિ નહિ ટળે. સ્વગૃહમાં આજીવન ભગવદ્‌સેવા અને સ્મરણ કરતાં પ્રભુમાં મન ન લાગ્યું તો પછી શ્રીકૃષ્ણની લીલાસ્થલીમાં બે મહિનામાં જ ક્યાંથી લાગશે ? અંતે તો ભવાટવીમાં ભટકવાનું જ રહેશે.

આવી પૂર્ણ વ્યવસાયલક્ષી અને અપસિધ્ધાંતોથી આવૃત્ત એવી આજની આ વ્રજપરિક્રમાની કોઈ ફલશ્રુતિ ખરી ? આમાં નથી પુષ્ટિભક્તિ કે પુષ્ટિફલની પ્રાપ્તિ. આજની આ વ્રજપરિક્રમા તો નિવૃત્તિમય જીવનમાં સહેજ મહાલવાની અને આ પ્રકારની પરિક્રમા કરનારાઓની સામાજિક યાદીમાં નામ સામેલ

કરાવવાની ઘેલછાવૃત્તિનો એક પર્યાય બની ગઈ છે. આ આધુનિક વ્રજપરિક્રમાને પિકનિક કહીએ કે બીજું કાંઈ ?

'વૈષ્ણવ પરિવાર'ના આદ્યતંત્રી ગો. વા. રમેશભાઈ પરીખ પણ સ્વવેદનાને વાચા આપતાં લખે છે કે -

''વ્રજયાત્રા ત્યાગ અને તપ માટે અને પ્રભુવિરહની ઉત્કટ તાપકલેશની ભાવના માટે છે. આથી જ વ્રજયાત્રા શરૂ કરતા પહેલાં મથુરામાં દરેક વ્રજયાત્રીએ જીવનમાં ત્યાગ અને તપ બન્યા રહે એવા કેટલાક નિયમો લેવાના હોય છે : જેમકે - જમીન પર સૂઈ જવું, દાઢી ન કરવી, વાળ ન કપાવવા, ધોબીના ધોયેલા ઈસ્ત્રી-બંધ કપડાં ન પહેરવાં, શરીરે સાબુ લગાડી સ્નાન ન કરવું, બધું કાર્ય જાતે કરવું, સાદું સાત્ત્વિક ભગવદ્ પ્રસાદી ભોજન એક વખત જ લેવું, સેવા-સત્સંગ વિશેષ કરવાં વગેરે. આજે આ બધા નિયમોનું પાલન કરનારા વૈષ્ણવ બહુ ઓછા જોવા મળે છે. ઘણાના માટે વ્રજયાત્રા પર્યટન-પિકનિક બની છે એ બરાબર નથી.'' ('પુષ્ટિમાર્ગની પગદંડી' માંથી)

પતિ-પત્નીની પ્રેમની અભિવ્યક્તિને એકાંતનું માધ્યમ બનાવવું કે લો ગાર્ડનમાં ભવાઈ કે વરણાગીવેડાનું માધ્યમ બનાવવું - એ તો કરનારના હાથની વાત છે. કંઠીદીક્ષા દ્વારા સગાઈ થઈ અને બ્રહ્મસંબંધ દ્વારા અલૌકિક લગ્ન થયું તો પછી આ બધી લફરાબાજી છોડી દો, નહિ તો અલૌકિક જીવનસાથી એવા શ્રીગોકુલપતિને ગુમાવવાનો જ વારો આવશે. આજની વ્રજપરિક્રમાનું પણ કંઈક આવું જ છે.

માટે હે વૈષ્ણવબાંધવો ! જાગ્યા ત્યારથી સવાર સમજો. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો. તમારા આત્માને દુર્ગતિમાં ન ધકેલો. દેખાદેખી છુટછાટો લઈ મનકલ્પિત આચરણ ન કરો. મનસ્વીપણે નિરંકુશ બની વૈષ્ણવીજીવનને બરબાદ ન કરો. ભગવદ્‌નામ, લીલા અને સ્વરૂપવિક્રયનો દાવાગ્નિ જ્યારે ચોમેર પ્રસરી રહ્યો છે ત્યારે સેવા-સમર્પણના વૃંદાવનને સુરક્ષિત રાખવા જાગૃત બનીએ !

વ્રજપરિક્રમા - વ્રજયાત્રાને 'પિકનિક' જેવા લૌકિક શબ્દપ્રયોગથી અપવિત્ર કરતાં આ જીવ - અપરાધની ક્ષમાયાચના સહ પૂજ્યપાદ શ્રીગુરુદેવના યુગલ ચરણકમલોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

——X——

• જ્ઞાની અને ભક્તનો ભેદ •

ભક્ત કવિવરશ્રી દયારામભાઈ કહે છે કે -

જ્ઞાનિ ભૃત્ય અસ ઈસકોં કરિહુ વિદગ્ધ વિચાર ।
મગ્ન લગ્ન અધ ઉર્ધ ગતિ, જૈસે બરન રકાર ॥

ભાવાર્થ : (જ્યારે અડધો 'ર' આગળના અક્ષરને જોડાયેલ ઉચ્ચાર હોય તે પ્રમાણે બોલાય દા. ત. ભ્રમ, ગ્રહ વગેરે ત્યારે અડધો 'ર' દર્શાવતી નિશાની નીચે તરફ કરવામાં આવે છે. પરંતુ જ્યારે અડધા 'ર'નો ઉચ્ચાર આગળના અક્ષરની પહેલાં થતો હોય તો તે રેફ બને છે. દા. ત. મર્મ, સર્ગ વગેરે. આમ રેફની ગતિ ઊર્ધ્વ છે અને 'ગ્ર' વગેરેના અડધા 'ર'ની ગતિ નીચે હોય છે.)

આ દોહામાં શ્રીદયારામભાઈ કહે છે કે એક જ્ઞાની છે અને એક ભૃત્ય એટલે દાસ / ભક્ત છે. તે બંને પ્રભુમાં મન કેવી રીતે લગાડે છે તેને હે પંડિતો ! તમે વિચારો. જ્ઞાની પ્રભુમાં મગ્ન થઈ જાય છે અર્થાત્ બ્રહ્મમાં લીન થઈ જાય છે. માટે તેની ગતિ અધ-નીચી છે. ભૃત્ય / ભક્ત પ્રભુની સાથે લગ્ન એટલે કે સદા ભગવાનમાં જ લાગેલો રહે છે. પ્રભુસેવા કરવા અલગ રહીને આનંદ મેળવે છે. માટે તેની ગતિ ઊર્ધ્વ-ઊંચી છે. જેમ જે અક્ષરમાં 'ર' મળેલો હોય તેનું રૂપ નીચે (અધ) લખાય છે. દા. ત. ભ્રમ, ગ્રહ વગેરે અને જે અક્ષરમાં 'ર'નો ઉચ્ચાર સહેજ પહેલાં થતો હોય તે રેફથી લખાય છે એટલે કે માથા ઉપર આવે છે. દા. ત. : મર્મ, સર્ગ વગેરે. તેમ પ્રભુ પોતાના ભૃત્ય / ભક્તને સદા માથા ઉપર ઊંચે અને જ્ઞાનીને નીચે રાખે છે. જ્ઞાની કરતાં ભક્તની કક્ષા હંમેશાં ઊંચી હોય છે.

——X——

શ્રી વલ્લભ પુસ્તકાલય
કાંદિવલી મુંબઈ
સુખધામ : ૨૮૦૧૨૮૩૦
સુરેન્દ્ર જ શાહ : ૯૮૩૩૨૭૨૩૮૩
ક્રિષ્ણાબેન શાહ : ૭૫૦૬૦૮૭૪૬૨
No. P 556

જૈ જૈ શ્રીગોકુલેશ

શ્રીવલ્લભવાણી માહાત્મ્ય પદ

(રાગ : ગૌરી / બિહાગ)

જય જય જય શ્રીમહાપ્રભુકી બાની ।
શ્રીમુખ સૂર પ્રકાશ પૂરિત તનુ, જિનલોં વેદવસ્તુ જગજાની ॥૧॥

યહ બાની તિહું લોક ઉજાગર, વરણ લહે તિનુ નિત્ય બખાની ।
જિન પીયૂષ શ્રવણ પુટ પૂરિત, પરમાનંદ અધરફલ દાની ॥૨॥

વિધિ શિવ શેષ દેવ સબ પૂજિત, મહિમા સકલ શાસ્ત્ર તનુ તાની ।
શ્રુતિ પુરાણ સાર નિશ્ચય સુન, નિર્વિવાદ વાદિન સબ માની ॥૩॥

ભૂતલ વે બડભાગ કૃતારથ, દરસ-શ્રવણ પુન જિન હિય આની ।
'દેવકીસુત' ગુરુચરણ કૃપાબલ, વિભુ મુખ સુધા સદા મુખ લાની ॥૪॥

જૈ જૈ શ્રીગોકુલેશ